Pages 8 કિંમત Rs. 2/- email : gujarati@westerntimes.co.in www.westerntimesnews.in

અમદાવાદથી પ્રસિધ્ધ થતું અંગ્રેજી અને ગુજરાતી દૈનિક

# વેસ્ટર્ન ટાઈમ્સ

સ્થાપક તંત્રીઃ સ્વ. રામુ પટેલ તંત્રી : નિકુંજ પટેલ
WESTERN TIMES (AHMEDABAD)
ગુજરાતી ડેઈલી

Postal Reg. No. G-GNR-320
Valid upto 31-12-2026
Posting at RMS Ahmedabad

સોમવાર, તા.૧૩ મે, ૨૦૨૪
13/5/2024 * VOL : 44 * NO. 239 સંવત- ૨૦૮૦, વૈશાખ સુદ-૬

Owned, Printed & Published by Nikunj R. Patel on behalf of Western Times Pub. Pvt. Ltd. Printed at & Published from Western Times Pub. Pvt. Ltd. Survey No. 1315P, Opp. Ramapir Temple, Shilaj, Ahmedabad
Editor : Nikunj R. Patel RNI Regn. No. GUJ/46323/86. Reg. Office : 301, 3rd Floor, Gala Argos, B/h. Hari Krupa Tower, Ellisbridge, Ahmedabad-380 006. (Gujarat) Phone : 079-26402880 Advt. : 079-26402881

આજનો સુવિચાર
ભાવતુ ખપડાવે એ માં, પણ ગમતું અપાવે એ બાપ

# જ્યાં સુધી મોદી છે ત્યાં સુધી ધર્મના નામે અનામત નહીં

## સંક્ષિપ્ત સમાચાર

### દિલ્હીમાં મેટ્રો સ્ટેશન પર ખાલિસ્તાન ઝિંદાબાદના સૂત્રો લખેલાં મળતાં ખળભળાટ

**(એજન્સી)નવી દિલ્હી,**
દેશમાં હાલ લોકસભા ચૂંટણીનો ધમધોકાટ જોવા મળી રહ્યો છે. ત્રણ તબક્કામાં મતદાન પૂર્ણ થયા બાદ આવતીકાલે ૧૩મીએ ચોથા તબક્કાનું મતદાન થવાનું છે, ત્યારે દિલ્હીમાં મેટ્રો સ્ટેશન પર ‘ખાલિસ્તાન ઝિંદાબાદ‘ના સૂત્રો લખેલાં મળતાં ખળભળાટ મચ્યો છે. આ સૂત્રો લખારનું નામ હજુ સુધી સામે આવ્યું નથી, પરંતુ આ મામલે પોલીસે તપાસ શરૂ કરી દીધી છે. મળતા અહેવાલો મુજબ દિલ્હીમાં મેટ્રો સ્ટેશન પર ‘ખાલિસ્તાન ઝિંદાબાદ‘ના સૂત્રો લખેલા હોવાની માહિતી મળ્યા બાદ પોલીસે મેટ્રો સ્ટેશન પહોંચી કાર્યવાહી શરૂ કરી દીધી છે. આ ઉપરાંત ત્યાં લખેલા દેશ વિરોધી સૂત્રોને પણ દૂર કરી દેવાયા છે. પોલીસે સ્ટેશન પર સૂત્રો લખનાર વ્યક્તિની શોધખોળ શરૂ કરી દીધી છે તેમજ સીસીટીવી ફુટેજ પર તપાસવામાં શરૂ કરી દીધા છે.

### મેગી ખાવાથી ૧૦ વર્ષના બાળકનું મોત નિપજ્યું

**(એજન્સી)પીલીભીત,**
ઉત્તર પ્રદેશના પીલીભીતથી અત્યારે મોટા સમાચાર સામે આવ્યા છે. આ સમાચારે બધાને હેરાન કરી દીધા છે. અહીં ૧૦ વર્ષના બાળકનું મેગી ખાવાથી મોત થયું છે, તો બીજી તરફ પરિવારના અન્ય સભ્ય પણ હોસ્પિટલમાં દાખલ છે. આજકાલ બાળકોથી માંડીને લગભગ દરેક ઉંમરના બાળકોને મેગી ખાવી ગમે છે. આ જલદીથી તૈયાર થઈ જનાર આ એક ટેસ્ટી જંક ફૂડ છે. પરંતુ પીલીભીતમાં મેગી ખાવાથી એક જ પરિવારના ૬ સભ્યો બિમાર થઈ ગયા છે. આ સાથે જ એક ૧૦ વર્ષના બાળકનું મોત થયું હતું. મળતી માહિતી મુજબ, આ તમામ લોકોએ મેગી ખાધી હતી, ત્યારબાદ બધાને ઝાડા-ઉલ્ટી થવા લાગ્યા હતા. આ ઘટના બાદ ચકચાર મચી ગઈ છે. જોકે સારવાર બાદ તમામ સ્વસ્થ થઈ ગયા છે. તમને જણાવી દઈએ કે આ ઘટના હજારા વિસ્તારના રાહુલ નગરમાં બની હતી.

### અમેરિકામાં ડુક્કરની કિડનીનું પ્રત્યારોપણ કરાવનારનું મોત

**(એજન્સી)વોશિંગ્ટન,**
વિશ્વમાં તાજેતરમાં કિડનીની બીમારી ધરાવતા એક પેશન્ટના શરીરમાં ડુક્કરની કિડની નાખવાનો પ્રયોગ થયો હતો. આ ઓપરેશન સફળ રહ્યું હતું, પરંતુ બે મહિના પછી પેશન્ટનું મોત થયું છે. અમેરિકાના બોસ્ટન ખાતે રિક સ્લેમેન નામની ૬૨ વર્ષીય વ્યક્તિએ મેસેચ્યુસેટ્સ જનરલ હોસ્પિટલ ખાતે કિડની ટ્રાન્સપ્લાન્ટ કરાવી હતી જેમાં તેના શરીરમાં ડુક્કરની કિડનીનું આરોપણ કરાવવામાં આવ્યું હતું. માર્ચમાં ઓપરેશન થયા પછી મે મહિનામાં તેનું મોત થયું છે. ડોક્ટરોએ જ્યારે ડુક્કરની કિડનીનું ટ્રાન્સપ્લાન્ટેશન કર્યું ત્યારે તે કિડની ઓછામાં ઓછા બે વર્ષ ચાલશે તેવું માનવામાં આવતું હતું. જોકે, આ પેશન્ટ કિડનીના ટ્રાન્સપ્લાન્ટના કારણે મૃત્યુ પામ્યો છે કે બીજી કોઈ તકલીફ હતી તે હજુ જાણવા નથી મળ્યું.

## વડાપ્રધાન મોદીએ પશ્ચિમ બંગાળમાં આપી પાંચ ગેરન્ટી

**(એજન્સી)બેરકપુર,**
વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ રવિવારે પશ્ચિમ બંગાળના બેરકપુર અને હુગલીમાં ચૂંટણી રેલી યોજી હતી. આ દરમિયાન તેમણે મુખ્યમંત્રી મમતા બેનરજી, તૃણમૂલ અને કોંગ્રેસ પર નિશાન સાધ્યું. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું કે, ‘કોંગ્રેસ અને તૃણમૂલએ મત બેંકની રાજનીતિ સામે આત્મસમર્પણ કર્યું છે.‘ બેરકપુરમાં જનસભાને સંબોધિત કરતી વખતે તેમણે પાંચ ગેરન્ટી પણ આપી હતી. આ ઉપરાંત તેમણે રામ મંદિરનો પણ ઉલ્લેખ કર્યો હતો.આ દરમિયાન તેમણે રામ મંદિરનો પણ ઉલ્લેખ કર્યો હતો. વડાપ્રધાન નેરન્દ્ર મોદીએ પશ્ચિમ બંગાળના બેરકપુરમાં જનસભાને સંબોધિત કરી હતી. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું, પહેલી ગેરંટી એ છે કે જ્યાં સુધી મોદી છે ત્યાં સુધી ધર્મના આધારે અનામત આપવામાં આવશે નહીં. બીજી ગેરંટી એ છે કે જ્યાં સુધી મોદી છે ત્યાં સુધી કોઈ પણ સીએએને રદ કરી શકશે નહીં. ત્રીજી ગેરંટી એ છે કે જ્યાં સુધી મોદી છે ત્યાં સુધી તમને રામ નવમીની ઉજવણી કરતા કોઈ રોકી શકશે નહીં. ચોથી ગેરંટી એ છે કે જ્યાં સુધી મોદી છે ત્યાં સુધી રામ મંદિર પર સુપ્રીમ કોર્ટના નિર્ણયને કોઈ પલટાવી નહીં શકે. પાંચમી ગેરંટી એ છે કે જ્યાં સુધી મોદી છે ત્યાં સુધી અનુસૂચિત જાતિ , અનુસૂચિત જનજાતિ અને ઓબીસી માટે અનામત સમાપ્ત થશે નહીં. પીએમ મોદીએ કોંગ્રેસ પર નિશાન સાધતા કહ્યું કે, દેશની આઝાદી પછી, કોંગ્રેસ પરિવારે ૫૦ વર્ષ સુધી સરકારો ચલાવી, પરંતુ કોંગ્રેસના શાસનમાં, પૂર્વ ભારતમાં માત્ર ગરીબી અને સ્થળાંતર જ મળ્યું. બંગાળ હોય, બિહાર હોય, ઝારખંડ હોય, ઓડિશા હોય, આંધ્રપ્રદેશ હોય. કોંગ્રેસ અને ભારતીય ગઠબંધનના પક્ષોએ પૂર્વ ભારતને પછાત છોડી દીધું.

તેમણે વધુમાં કહ્યું કે, ૨૦૧૪માં તમે મોદીને તક આપી હતી, મોદીએ નક્કી કર્યું છે કે તેઓ દેશના પૂર્વીય ભાગને વિકસિત ભારતનું ગ્રોથ એન્જિન બનાવશે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કોંગ્રેસ પર નિશાન સાધતા કહ્યું કે, ‘દેશની આઝાદી પછી કોંગ્રેસ પરિવારે ૫૦ વર્ષ સુધી સરકાર ચલાવી, પરંતુ કોંગ્રેસના શાસનમાં પૂર્વ ભારતમાં માત્ર ગરીબી અને પલાયન મળ્યું. બંગાળ હોય, બિહાર હોય, ઝારખંડ હોય, ઓડિશા હોય, આંધ્રપ્રદેશ હોય. કોંગ્રેસ અને ઈન્ડી એલાયન્સના પક્ષોએ પૂર્વ ભારતને પછાત છોડી દીધું.‘ સંદેશખાલીનો ઉલ્લેખ કરતા



## મોદીએ પશ્ચિમ બંગાળના બેરકપુર અને હુગલીમાં ચૂંટણી રેલીમાં કહ્યું કે કોંગ્રેસ અને તૃણમૂલે મત બેન્કની રાજનીતિ સામે આત્મસમર્પણ કર્યું છે

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું કે, ‘સંદેશખાલીના ગુનેગારને પહેલા તૃણમૂલની પોલીસે બચાવ્યો અને હવે તૃણમૂલ નવો ખેલ શરૂ કર્યો છે. તૃણમૂલના ગુંડા સંદેશખાલીની બહેનોને ડરાવી રહ્યા છે અને ધમકાવી રહ્યા છે, કારણ કે જુલમ કરનારનું નામ શાહજહાં શેખ છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું કે, ‘આજે સ્થિતિ એવી છે કે બંગાળમાં આસ્થાનું પાલન કરવું પણ ગુનો બની ગયો છે. બંગાળની તૃણમૂલ સરકાર રામનું નામ લેવા દેતી નથી. તૃણમૂલ સરકાર બંગાળમાં રામનવમીની ઉજવણી કરવાની મંજૂરી આપતી નથી. કોંગ્રેસ અને ડાબેરીઓએ પણ રામમંદિર સામે મોરચો ખોલ્યો છે.‘ હુગલીમાં બીજી એક રેલીમાં તેમણે કહ્યું કે, આ વખતે કોંગ્રેસને તેના શેહઝાદા (રાહુલ ગાંધી)ની ઉંમર કરતા ઓછી બેઠકો મળશે. ગયા અઠવાડિયે વડા પ્રધાને કહ્યું હતું કે આગામી લોકસભા ચૂંટણીમાં કોંગ્રેસની સંખ્યા અત્યાર સુધીમાં સૌથી નીચી સપાટી પર રહેશે.

મોદીએ જણાવ્યું કે, ટીએમસી પણ સરકાર બનાવી શકતી નથી; તે વિપક્ષમાં રહીને પણ કંઈ કરી શકતી નથી. કોંગ્રેસ અને ડાબેરીઓ પણ સરકાર બનાવી શકતા નથી. માત્ર ભાજપની આગેવાની હેઠળની એનડીએ જ તમને સ્થિર અને મજબૂત સરકાર આપી શકે છે. ઈન્ડિયા બ્લોકની તુષ્ટિકરણની રાજનીતિની ટીકા કરતા પીએમ મોદીએ દાવો કર્યો હતો કે કોંગ્રેસ અને તેના અન્ય ઘટક પક્ષો હારનો અહેસાસ કરીને અસંબંધિત નિવેદનો કરી રહ્યા છે.

તેમણે દાવો કર્યો કે, રામ મંદિરના નિર્માણ પછી તેમની ઊંઘ ઉડી ગઈ છે. આ લોકોએ રામ મંદિરનો પણ બહિષ્કાર કર્યો છે. રામ મંદિર મેળવવા માટે ૫૦૦ વર્ષ સુધી સંઘર્ષ કરનારા આપણા પૂર્વજોની આત્માઓ તમારા કાર્યો જોઈ રહી છે. TMC અને કોંગ્રેસના લોકો ઓછામાં ઓછા તમારા પૂર્વજોની તપસ્યા અને બલિદાનનું અપમાન ન કરો, ભગવાન રામનો બહિષ્કાર કરવો એ બંગાળની સંસ્કૃતિ નથી.

## કેનેડામાં હરદીપ સિંહ નિજ્જરની હત્યા મામલે ચોથા ભારતીયની ધરપકડ

### ૨૨ વર્ષના વધુ એક યુવાનને પકડવામાં આવ્યો

**(એજન્સી)ઓટાવા,**
ભારત અને કેનેડાના સંબંધોમાં જેના કારણે તણાવ આવ્યો છે તે હરદીપ સિંહ નિજ્જરની હત્યાના મામલે કેનેડા પોલીસે વધુ એક ભારતીયની ધરપકડ કરી છે. આ કેસમાં પહેલા પણ ૨૨થી ૨૮ વર્ષના ત્રણ યુવાનો પકડાયા હતા અને હવે ચોથા યુવાનની ધરપકડ કરવામાં આવી છે. પોલીસે ૨૨ વર્ષના અમનદીપ સિંહ નામના ભારતીય યુવાનને પકડ્યો છે.

અમનદીપ સિંહ પર ફર્સ્ટ ડિગ્રી મર્ડર અને નિજ્જરની હત્યાનું ષડયંત્ર રચવાનો આરોપ મૂકવામાં આવ્યો છે. કેનેડાએ ચોથી વ્યક્તિની ધરપકડ કરી છે અને તેના પર ખાલિસ્તાની આતંકવાદી હરદીપ સિંહ નિજ્જરની હત્યાનો આરોપ મૂક્યો છે. ઈન્ટિગ્રેટેડ હોમિસાઈડ ઈન્વેસ્ટિગેશન ટીમ (આઈએચઆઈટી) એ માહિતી આપી હતી કે તેમણે અમનદીપ સિંહની ધરપકડ કરી છે અને તેના પર ફર્સ્ટ ડિગ્રી મર્ડર અને નિજ્જરની હત્યાના કાવતરાનો આરોપ લગાવ્યો છે.

IHITએ જણાવ્યું હતું કે, બ્રામ્પટન, સરે અને એબોટ્સફોર્ડમાં રહેતો ભારતીય નાગરિક ૨૨ વર્ષીય અમનદીપ સિંહ અગાઉથી જ ઓન્ટારિયોમાં હથિયારો રાખવાના આરોપમાં કસ્ટડીમાં હતો. IHIT ઓફિસર ઈન્ચાર્જે જણાવ્યું કે, આ ધરપકડ હરદીપ સિંહ નિજ્જરની હત્યામાં ભૂમિકા ભજવનારાઓને જવાબદાર ઠેરવવા માટે અમારી ચાલી રહેલી તપાસના ભાગરૂપે કરવામાં આવી છે. અમનદીપ સિંહ અગાઉ આ હત્યા કેસમાં કરણ બ્રાર (૨૨), કમલપ્રીત સિંહ (૨૨), કરણપ્રીત સિંહ (૨૮) પણ પકડાયા છે. નિજ્જરની હત્યાના સંબંધમાં આ જ આરોપો હેઠળ ત્રણેયની ધરપકડ કરવામાં આવી છે. કેનેડાના સરેમાં ગુરુદ્વારાની બહાર કરવામાં આવેલા ગોળીબારમાં નિજ્જરનું મોત થયું હતું. ભારત સરકાર દ્વારા જાહેર કરાયેલી યાદીમાં તેનું નામ ૪૦ અન્ય ‘નિયુક્ત આતંકવાદીઓ‘ સાથે સામેલ કરવામાં આવ્યું હતું. હરદીપ સિંહ નિજ્જરની હત્યામાં કેનેડા ભારતીય ભૂમિકા જુએ છે. તેના કારણે દ્વિપક્ષીય સંબંધોમાં તિરાડ આવી છે. નિજ્જરની હત્યામાં ભારતીય ભૂમિકાના કેનેડાના આરોપો બાદ ભારત-કેનેડિયન સંબંધોમાં ખટાશ આવી ગઈ હતી. ભારતે અગાઉ ટ્રૂડો અને તેમના પક્ષ પર ખાલિસ્તાનીઓને આકર્ષવા માટે વોટ બેંકની રાજનીતિનો આરોપ લગાવ્યો હતો. એવા અહેવાલો પણ મળ્યા હતા કે નિજ્જર પોતે જ ભારત પર હુમલો કરવાનું કાવતરું ઘડી રહ્યો હતો. આ માટે તેણે પાકિસ્તાનમાં હથિયારોનો એક ટ્રેનિંગ કેમ્પ શરુ કર્યો હતો. ભારતે નિજ્જરને પહેલેથી જ આતંકવાદી જાહેર કર્યો હતો. વર્ષ ૨૦૧૪ માં ખાલિસ્તાન ટાઈગર ફોર્સના વડા નિજ્જર વિરુદ્ધ ઈન્ટરપોલે રેડ કોર્નર નોટિસ જાહેર કરી હતી. કેનેડા સરકાર સતત ભારત પર સવાલો ઉઠાવી રહ્યા છે.

## મને જેલમાં પૂરવા છતાં ભાજપનો પ્લાન ફેલઃ કેજરીવાલ

**(એજન્સી)નવી દિલ્હી,**
દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલને બે દિવસ પહેલા જ સુપ્રીમ કોર્ટમાંથી વચગાળાના જામીન મળ્યા છે. દિલ્હીના સીએમ શુક્રવારે સાંજે જ તિહાર જેલમાંથી બહાર આવ્યા હતા.

જેલમાંથી બહાર આવ્યા બાદ શનિવારે કેજરીવાલે પહેલી પ્રેશ કોન્ફરન્સ કરી હતી. ત્યારે હવે આજે ૨૧ દિવસ પછી જેલમાંથી બહાર બાદ આમ આદમી પાર્ટીના ધારાસભ્યો સાથે પહેલીવાર બેઠક કરી હતી. કેજરીવાલે બેઠક દરમિયાન નામ લીધા વિના ભાજપ પર નિશાન સાધીને ધારાસભ્યોને કહ્યું કે ‘મને ખબર પડી છે કે તેમણે તમારામાંથી ઘણાને લલચાવીને અને ધમકીઓ આપીને તોડવાનો પ્રયાસ કર્યો, પરંતુ તમે બધા મજબૂત રહ્યા અને કોઈએ તૂટ્યું નહીં. આ માટે દેશ અને પાર્ટી તમારા પર ગર્વ કરે છે. બાકી મને એવું સાંભળવા મળ્યું છે કે ઈન્દોર અને સુરતના ઉમેદવાર તો ચૂંટણી પહેલા જ છોડીને જતા રહ્યા હતા.‘ આ ઉપરાંત કેજરીવાલે બેઠકમાં કહ્યું હતું કે ‘હું ૨૧ દિવસ માટે બહાર આવ્યો છું અને મારે ૨ જૂને ફરી પરત જવાનું છે. એ પછી પાર્ટીને સંભાળવાની જવાબદારી તમારા બધા પર જ છે. આ દેશને માત્ર આમ આદમી પાર્ટી જ ભવિષ્ય આપી શકે છે.

દેશની જનતાએ અન્ય તમામ પાર્ટીઓને અજમાવીને જોઈ લીધી છે. આજે દેશની હાલત એવી છે કે આવનારા સમયમાં માત્ર આમ આદમી પાર્ટીએ દેશની કમાન સંભાળવાની છે. દેશને માત્ર આમ આદમી પાર્ટી જ ભવિષ્ય આપશે.

## આતંકી ષડયંત્રનો પર્દાફાશ, સુરક્ષા દળોએ દારૂગોળા સહિત વિસ્ફોટકો કર્યા જપ્ત

**(એજન્સી)શ્રીનગર,**
દક્ષિણ કાશ્મીરના કુલગામના રેડવાની પાઈન વિસ્તારમાં સર્ચ ઓપરેશન દરમિયાન સેના અને આતંકવાદીઓ વચ્ચે અથડામણ શરૂ થઈ હતી. જો કે બાદમાં પરિસ્થિત ઠાળે પડી હતી પરંતુ જમ્મુ કાશ્મીરમાં સ્થિતિ તંગ બનાવવાનું ષડયંત્ર સુરક્ષા દળોએ નિષ્ફળ બનાવ્યું છે. સુરક્ષા દળોએ રેસાઈ જિલ્લાના જંગલ વિસ્તારમાંથી મોટી માત્રામાં હથિયારો અને દારૂગોળો અને કેટલાક વિસ્ફોટક ઉપકરણો જપ્ત કર્યા છે. અધિકારીઓએ કહ્યું કે સુરક્ષા દળો દ્વારા આ દાવો કરવામાં આવ્યો છે. સત્તાવાર સૂત્રોએ જણાવ્યું કે સેનાની ૫૮ ઇઇને રેસિયા જિલ્લાના જનરલ કોટ બુધાન જંગલ વિસ્તારમાં સંવેદનશીલ વિસ્ફોટક ઉપકરણો તેમજ શસ્ત્રો અને દારૂગોળો મળી આવ્યા હતા. ઈલેક્ટ્રિક ડિટોનેટર સાથે IED - ૯, પિસ્તોલ - ૩, મેગેઝિન - ૩, પિસ્તોલ રાઉન્ડ - ૨૦, વિસ્ફોટક (પાવડર પ્રકાર) - લગભગ ૧ કિલો, એકે ૪૭ રાઉન્ડ - ૧, AK-૪૭ ફાયર્ડ કેસીંગ્સ - ૬, ૯ વોલ્ટ ડીસી બેટરી - ૮, લિથિયમ-આયન ૧૨ વોલ્ટ બેટરી - ૩, ઈલેક્ટ્રિક વાયર (લગભગ ૫૦ મીટર) - ૩ બંડલ, AA બેટરી (૧.૨ ફ) - ૧૦, મોટા ચુંબક - ૬, વિસ્ફોટક સેફ્ટી ફ્યુઝ- ૭, ધાબળો- ૧, ડ્રેસિંગ બેન્ડેજ- ૩, સોય સાથેની સિરીંજ- ૨, દોરડું (૮ મીટર)- ૧, સિગારેટ- ૨ પેકેટ્સ મળી આવ્યા.

## આજે ૯ રાજ્યની ૯૬ બેઠક પર ચોથા તબક્કાનું મતદાન

**(એજન્સી)નવી દિલ્હી,**
સોમવારે લોકસભા ચૂંટણીના ચોથા તબક્કાના મતદાન માટે ચૂંટણી પંચે તૈયારીઓ પૂર્ણ કરી લીધી છે. ૯ રાજ્ય અને એક કેન્દ્રશાસિત પ્રદેશની ૯૬ લોકસભા બેઠકો પર મતદાન ૧૩ મેએ મતદાન થવાનું છે. જેમાં આંધ્રપ્રદેશની ૨૫ બેઠકો, તેલંગાણાની ૧૭ બેઠકો, ઉત્તર પ્રદેશની ૧૩ બેઠકો, મહારાષ્ટ્રની ૧૧ બેઠકો, મધ્યપ્રદેશ અને પશ્ચિમ બંગાળની આઠ-આઠ બેઠકો, બિહારની ૫ બેઠકો, ઝારખંડ અને ઓડિશાની ચાર-ચાર બેઠકો સાથે જમ્મુ-કાશ્મીરની ૧ બેઠક પર ચૂંટણી યોજાવાની છે. ચૂંટણી પંચે કહ્યું છે કે લોકસભા ચૂંટણીના ચોથા તબક્કા માટે કુલ એક હજાર ૭૧૭ ઉમેદવારો મેદાનમાં છે.

આંધ્ર પ્રદેશમાં ૧૭૫ બેઠકો અને ઓડિશાની ૨૮ વિધાનસભા બેઠકો માટે સિંગલ ફેઝ વિધાનસભા ચૂંટણી માટે પણ આ તબક્કામાં મતદાન થવાનું છે.

એક લાખ ૯૨ હજાર મતદાન મથકો પર ૧૯ લાખથી વધુ મતદાન અધિકારીઓ તૈનાત રહેશે. મતદાન સવારે ૭ વાગ્યે શરૂ થશે અને સાંજે ૬ વાગ્યે સમાપ્ત થશે. પંચે જણાવ્યું હતું કે, તેલંગાણાના ૧૭ સંસદીય મતવિસ્તારના અમુક વિધાનસભા ક્ષેત્રોમાં મતદાનનો સમય પંચ દ્વારા વધારવામાં આવ્યો હતો. ભારતીય હવામાન વિભાગની આગાહી મુજબ, ચોથા તબક્કાનું મતદાન જે સંસદીય વિસ્તારોમાં થવાનું છે. ત્યાં સામાન્ય રહેવાની સંભાવના છે અને આ વિસ્તારોમાં આકરી ગરમીની સ્થિતિ નહીં હોય. જો કે, મતદારોની સુવિધા માટે ચૂંટણી પંચે તમામ મતદાન મથકો પર ચુસ્ત બંદોબસ્ત ગોઠવ્યો છે. તેમાં પાણી, શેડ, શૌચાલય, રેમ્પ, સ્વયંસેવકો, વ્હીલચેર અને વીજળીનો સમાવેશ થાય છે જેથી દરેક મતદાતા, જેમાં વૃદ્ધો અને વિકલાંગ વ્યક્તિઓ પણ સહેલાઈથી મતદાન કરી શકે. અત્યાર સુધી, સામાન્ય ચૂંટણી-૨૦૨૪ ના ત્રીજા તબક્કા સુધી ૨૮૩ સંસદીય મતવિસ્તારો અને ૨૦ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશો માટે મતદાન સરળતાથી અને શાંતિપૂર્ણ રીતે પૂર્ણ થયું છે.

## અલ્લુ અર્જુન વિરુદ્ધ આચારસંહિતાના ભંગ બદલ કેસ નોંધવામાં આવ્યો

**(એજન્સી)મુંબઈ,**
એક્ટર અલ્લુ અર્જુન અને રૂજીઇ કોંગ્રેસ પાર્ટી ધારાસભ્ય રવિ ચંદ્ર કિશોર રેડ્ડી પર આંધ્ર પ્રદેશ વિધાનસભા ચૂંટણી પહેલા આદર્શ આચાર સંહિતા ભંગનો કેસ કરવામાં આવ્યો છે. બંને પર ધારાસભ્યના નિવાસસ્થાને પરવાનગી વિના મોટી જાહેર સભા યોજવાનો આરોપ છે.

મળતી માહિતી મુજબ, ધારાસભ્ય રેડ્ડીએ કથિત રીતે અલ્લુ અર્જુનને કોઈ પણ મંજૂરી વગર સભા માટે નંદ્યાલા મતવિસ્તારમાં બોલાવ્યા હતા. આવી સ્થિતિમાં, તેને ચૂંટણી આચાર સંહિતાનું ઉલ્લંઘન માનવામાં આવે છે અને ધારાસભ્ય રેડ્ડી તેમજ અલ્લુ અર્જુન વિરુદ્ધ આચારસંહિતાના ભંગ બદલ કેસ નોંધવામાં આવ્યો છે.

અહેવાલ મુજબ, અલ્લુ અર્જુન અને ધારાસભ્ય રેડ્ડી વિરુદ્ધ આ કેસ આંધ્ર પ્રદેશના નંદ્યાલા મતવિસ્તારમાં ચૂંટણી પર નજર રાખવા માટે નિયુક્ત નંદ્યાલા ગ્રામીણના ઉપ-તહેસીલદાર પી. રામચંદ્ર રાવ દ્વારા કેસ કરવામાં આવ્યો છે. આ પહેલા શનિવારે, વિધાનસભ્ય રવિ ચંદ્ર કિશોર રેડ્ડીને તેમના નિવાસસ્થાને વિશાળ ફેન્સની હાજરી વચ્ચે મળ્યા પછી, અલ્લુ અર્જુને સ્પષ્ટતા કરી કે તે તેના મિત્રની મદદ કરવા નંદ્યાલા આવ્યો હતો. તેઓ કોઈપણ રાજકીય પક્ષને સમર્થન કરતા નથી. તેમની મુલાકાત એક મિત્ર માટે હતી. અભિનેતા અલ્લુ અર્જુને આ મામલે એક નિવેદન જારી કરીને કહ્યું કે, હું અહીં મારી સ્વતંત્ર ઈચ્છાથી આવ્યો છું. જો મારા કોઈ મિત્ર, પછી ભલે તે કોઈપણ ક્ષેત્રમાં હોય, મારી મદદની જરૂર હોય, તો હું આગળ આવીશ અને તેમને મદદ કરીશ. તેનો અર્થ એ નથી કે હું કોઈ રાજકીય પક્ષને સમર્થન કરું છું. લોકસભા ચૂંટણીની સાથે આંધ્રપ્રદેશમાં વિધાનસભાની ચૂંટણી પણ યોજાવાની છે. અહીં લોકસભાની ૨૫ બેઠકો છે. આ તમામ ૨૫ બેઠકો પર ૧૩ મેના રોજ મતદાન થશે. આ ઉપરાંત અહીંની ૧૭૫ વિધાનસભા બેઠકો પર પણ ૧૩ મેના રોજ મતદાન થશે.

## યમુનોત્રીમાં રેકોર્ડ બ્રેક શ્રદ્ધાળુઓ આવતા વહીવટી તંત્ર ચિંતિત, પોલીસે કરી અપીલ

**(પ્રતિનિધિ)હરિદ્વાર,**
હાલ ચારધામ યાત્રાની શરૂઆત થઈ ગઈ છે. યાત્રીઓમાં અનેરો ઉત્સાહ જોવા મળી રહ્યો છે. લાખોની સંખ્યામાં શ્રદ્ધાળુઓએ રજિસ્ટ્રેશન કરાવ્યુ છે. યમુનોત્રી યાત્રા ધામમાં એટલી સંખ્યા વધી રહી છે કે ઉત્તરાખંડની પોલીસે એક અપીલ કરવાની ફરજ પડી.

**આ વખતે ચાર ધામ યાત્રામાં શ્રદ્ધાળુઓની સંખ્યાના તમામ રેકોર્ડ તૂટી જશે**

ઉત્તરાખંડના ઉત્તરકાશી સ્થિત યમુનોત્રી ધામમાં શ્રદ્ધાળુઓની સંખ્યા સતત વધી રહી છે. વધતી ભીડ અને જોખમને જોતા ઉત્તરકાશી પોલીસે એક અપીલ કરી છે. તેઓએ સોશિયલ મીડિયા પોસ્ટ પર યમુનોત્રીમાં જો મુસાફરોની સંખ્યા વધી જાય તો ..તેને લઈને જોખમ વધી શકે છે તે બાબતે ચિંતા વ્યક્ત કરી છે. સાથે જ એક અપીલ કરી છે. પોલીસના જણાવ્યા અનુસાર રવિવારે પર્યાપ્ત સંખ્યામાં મુસાફરો અહીં પહોંચ્યા હતા. ટ્વિટ કરતા જણાવ્યું કે ક્ષમતા મુજબ પર્યાપ્ત શ્રદ્ધાળુઓ યાત્રા માટે શ્રી યમુનોત્રી ધામ પહોંચી ગયા છે. હવે વધુ ભક્તો મોકલવા જોખમી છે. આજે યમુનોત્રી યાત્રાએ જઈ રહેલા તમામ શ્રદ્ધાળુઓને આજની યમુનોત્રી યાત્રા મોકૂફ રાખવા નમ્ર અપીલ છે.

ઉત્તરકાશી પોલીસે સવારે લગભગ ૬ વાગે પોતાના એક્સ એકાઉન્ટ પર આ પોસ્ટ શેર કરી હતી. જેમાં લખ્યુ છે કે છેલ્લા કેટલાક દિવસોથી યમુનોત્રી યાત્રાના વીડિયો સામે આવી રહ્યા છે જેમાં શ્રદ્ધાળુઓનું ઘોડાપુર જોવા મળી રહ્યું છે. જરૂર કરતાં વધુ શ્રદ્ધાળુઓ યમુનોત્રી પહોંચી રહ્યા છે, આવી સ્થિતિમાં વહીવટીતંત્ર હવે લોકોની સુરક્ષાને લઈને ચિંતિત છે.મહત્વનું છે કે કેદારનાથ ધામ અને બદ્રીનાથ ધામના દરવાજા ખુલી ગયા છે, તેથી હજારો ભક્તો અહીં પહોંચી રહ્યા છે.

ઉત્તરાખંડની ચારધામ યાત્રામાં યમુનોત્રીનો પણ સમાવેશ થાય છે. આવી સ્થિતિમાં કેદારનાથ ધામ અને બદ્રીનાથ ધામની સાથે પ્રવાસીઓ પણ યમુનોત્રી તરફ વળ્યા છે. તમને જણાવી દઈએ કે યાત્રાની શરૂઆત પહેલા જ સીએમ પુષ્કર સિંહ ધામીએ કહ્યું હતું કે આ વખતે ચાર ધામ યાત્રામાં શ્રદ્ધાળુઓની સંખ્યાના તમામ રેકોર્ડ તૂટી જશે. રાજ્ય સરકારે આ માટે વ્યવસ્થા પણ કરી છે, પરંતુ યાત્રા શરૂ થતાંની સાથે જ ક્ષમતા કરતા વધુ શ્રદ્ધાળુઓ યમુનોત્રી ધામમાં પહોંચ્યા હતા.

## દિગ્ગજ મહિલા સાંસદ કૈલાશો સૈનીનું ભાજપમાંથી રાજીનામું

**ચંદીગઢ,**
લોકસભાની ચૂંટણીઓના માહોલની વચ્ચે ભારતીય જનતા પાર્ટીને મોટું નુકસાન થયું છે. ભાજનને લોકસભા ચૂંટણી દરમિયાન એક મોટો ફટકો પડ્યો છે. બબ્બે ટર્મથી સાંસદ રહેલાં દિગ્ગજ મહિલા નેતાએ હાલ ભાજપમાંથી રાજીનામું આપી દીધું છે. એટલું જ નહીં વાગ્યા પર મીઠું ભભરાવતા હોય તેમ ભાજપમાંથી રાજીનામું આપીને આ દિગ્ગજ મહિલા નેતા કોંગ્રેસમાં જોડાઈ ગયા છે. અહીં વાત થઈ રહી છે બબ્બે ટર્મથી ભાજપના સાંસદ રહેલાં કૈલાશો સૈનીની. તેમણે ભાજપમાંથી રાજીનામું આપીને કોંગ્રેસનો ખેસ ધારણ કરી લીધો છે. જેને કારણે કોંગ્રેસને મોટો લાભ થયો છે. સૈની ભાજપમાંથી રાજીનામું ધરી દીધું છે અને તેઓ કોંગ્રેસમાં જોડાઈ ગયા છે.


H.K.TRAVELS
New Launched Luxury
ડેઈલી સર્વિસ
અમદાવાદથી જબલપુર વાયા ઇન્દોર, ભોપાલ રાત્રે ૮ વાગ્યે
અમદાવાદથી નાગપુર વાયા ઈન્દોર, બૈતૂલ બપોરે ૧.૩૦ વાગ્યે
પાર્સલ સર્વિસ ઉપલબ્ધ
અરજન્ટ ડીલેવરી
online booking www.hktravel.in
H.O.: શેફાલી શોપીંગ સેન્ટર, પાલડી
ફોન બુકીંગ ઓફીસ
9979881489
9429893289


કોમ્બો ઓફર્સ માં એક જ નામ
MAHESHWARI
Sherwani | Indo-Western | Blazers & Suits | Kurta Sets | Formals
DULHA PACKAGE
ફક્ત 17,999/-
હેવી શેરવાની વર્ક સેટ (સાફો + દુપટ્ટો + મોજડી + માળા)
+
ટકસીડો સુટ (કોટ + પેન્ટ + શર્ટ + ટાઈ + કફલીંન્સ + હેન્કી)
+
ઈન્ડો વેસ્ટર્ન સેટ
SIDER PACKAGE
ફક્ત 7,999/-
સુટ (કોટ + પેન્ટ + શર્ટ)
+
કોટી - કૂર્તા સેટ
+
પેન્ટ - શર્ટ
3 Pant + 3 Shirt
Raymond DIGJAM Arvind
₹ 6,199/- ONLY
Fabric+ Stitch
બુકીંગ પર લકી ડ્રો માં એક્સ્ટ્રા ડિસ્કાઉન્ટ લેવાનુ ચૂકશો નહીં.
પેકેજ પ્રાઇઝ ફક્ત રવિવાર સુધી જ રહેશે.
PALDI
5, Vardhaman Complex, Opp. Honest, Under Anjali Bridge.
079 - 2660 7614
NARANPURA
2/29, Sunernagar Society, Beside Manish Hall,Nr. Kameshwar Mahadev,
+91 9173-0-8282-7
BOPAL
110, Satyamev Elite, Below Vakil Saheb Bridge, Bopal - Ambli T. Junction.
+91 8686-8-8282-7

## તંત્રી સ્થાનેથી



## Editorial....

# માનવ સભ્યતા પર તોળાઈ રહેલો ત્રીજા વિશ્વ યુદ્ધનો ખતરો !

તમે કલ્પના કરો કે, જો ત્રીજું વિશ્વ યુદ્ધ થાય તો ? શું દુનિયાના તમામ દેશો આ યુદ્ધમાં ભાગ લેશે ? ત્રીજું વિશ્વ યુદ્ધ કયા કયા મોરચે લડાશે ? રશિયા, અમેરિકા કે ચાઈના આમાંથી કોણ કોના પર ભાર પડશે ? શું ભારત આ વિશ્વ યુદ્ધમાં ભાગ લેશે ? શું ત્રીજા વિશ્વ યુદ્ધમાં પરમાણુ શસ્ત્રોનો ઉપયોગ થશે ? જી હા, જો આપણે ત્રીજું વિશ્વ યુદ્ધ ફાટી નીકળવાની કલ્પના કરી રહ્યા હોઈએ તો આપણા દિમાગમાં આવા પ્રશ્નો સર્જાય તે સ્વાભાવિક છે. ત્રીજા વિશ્વ યુદ્ધનો વિચાર એવો છે કે જે સામાન્ય માનવીને ડરાવનારો છે.

હાલના સમયમાં એક તરફ રશિયા અને યુક્રેન વચ્ચેનું યુદ્ધ પૂર્ણ થવાનું નામ નથી લઈ રહ્યું જ્યારે બીજી તરફ ઈઝરાયેલ અને હમાસ પણ યુદ્ધે ચડયા છે. ઈઝરાયેલ અને હમાસ વચ્ચેના તણાવમાં ઈરાન બળતામાં ઘી હોમવાનું કામ કરી રહ્યું છે. યમનના હુથી વિદ્રોહીઓ પણ અત્યારે જબરદસ્ત રીતે હિંસા ફેલાવી રહ્યા છે. આ ઉપરાંત અમેરિકા, રશિયા અને ચાઈના વચ્ચે ચાલી રહેલી ટ્રેડ-વોર તો ખરી જ. આથી આવી સ્થિતિમાં ત્રીજા વિશ્વ યુદ્ધની સંભાવના અનેકગણી વધી રહી હોય તેવું લાગી રહ્યું છે.

પરંતુ શું વિશ્વના દેશો ત્રીજા વિશ્વ યુદ્ધમાં લડવા કે યુદ્ધના પરિણામો સહન કરવા માટે તૈયાર છે ખરા ? જો ત્રીજું વિશ્વ યુદ્ધ શરૂ થાય તો અત્યાર સુધીમાં જે કંઈ થયું નથી તે તમામ થવાની સંભાવના છે. ત્રીજા વિશ્વ યુદ્ધ શરૂ થવા પાછળ કેટલાક કારણો જવાબદાર હોઈ શકે છે. જેમાંથી ભૌગોલિક રાજકીય તણાવ સૌથી મુખ્ય છે. કલ્પના કરો કે શું વિશ્વભરના દેશો જમીનની સરહદો, મૂલ્યવાન સંસાધનો અથવા ભૂતકાળની સમસ્યાઓ જેવી મહત્વપૂર્ણ બાબતો પર અસંમત થવાનું અને એકબીજા સાથે વિવાદો શરૂ કરે અને જો આ તણાવ ખરેખર વણસે અને દુનિયાના દેશો પોતાની સમસ્યાઓનો શાંતિપૂર્ણ ઉકેલ શોધી શકતા નથી તો તે મોટા યુદ્ધ તરફ દોરી શકે છે.

આ રાજકીય અને ભૌગોલિક સમસ્યાઓ સિવાય વિશ્વના દેશો વચ્ચે આર્થિક સંઘર્ષો પણ વિશ્વયુદ્ધ તરફ દોરી જઈ શકે છે. જ્યારે વિશ્વમાં આર્થિક રીતે મુશ્કેલ સમય હોય છે એટલે કે મંદીનો માહોલ ચાલી રહ્યો હોય છે ત્યારે વિશ્વના દેશો પૈસા, વેપાર માર્ગો અથવા મહત્વપૂર્ણ બજારો જેવી બાબતો પર એકબીજા સાથે લડવાનું શરૂ કરી શકે છે. જો આ સ્પર્ધા સત્તા માટેના સંઘર્ષમાં પરિવર્તિત થાય તો તે વિશ્વ યુદ્ધમાં પરિણમી શકે છે.

૨૧મી સદી ટેકનોલોજીની સદી માનવામાં આવી રહી છે. આથી જો વિશ્વ યુદ્ધ થાય તો તેમાં ટેકનોલોજીનો ફાળો ખૂબ જ વધારે રહેવાનો છે અને તેમાં કોઈ શંકાને સ્થાન નથી અને બની શકે કે ત્રીજું વિશ્વ યુદ્ધ ટેકનોલોજી યુદ્ધ પણ હોય. એટલે કે ત્રીજા વિશ્વ યુદ્ધમાં સરહદો પર સૈનિકો અને ટેન્કો વચ્ચેની લડાઈની સાથે સાથે સાયબર હુમલાઓ, આર્ટીફિશિયલ ઈન્ટેલિજન્સ અને અન્ય ઉચ્ચ તકનીકી સાધનોનો ઉપયોગ પણ શસ્ત્રો તરીકે થઈ શકે છે કે જે યુદ્ધના મેદાનને ડિજિટલ અને ડિજિટલ વોર ફ્રન્ટ તરીકેની નવી ઓળખ આપશે.

પહેલાં અને બીજા વિશ્વ યુદ્ધ દરમિયાન વિશ્વના દેશોનું બે ભાગોમાં ધ્રુવીકરણ થયું હતું. પરંતુ જો ત્રીજું વિશ્વ યુદ્ધ થાય તો આ વખતે વિશ્વના દેશોના જૂથ કયા આધારે બનશે ? શું ટ્રેડ વોર મુખ્ય મુદ્દો હશે કે જમીનને લઈને સામ્રાજ્યવાદ મુખ્ય મુદ્દો હશે તે પણ એક યક્ષ પ્રશ્ન છે. આ બધામાં ભારત જેવા દેશો કે જે નોન-અલાઈન્મેન્ટનો સિદ્ધાંત વર્ષોથી અપનાવતા આવ્યા છે, તેઓ કોનો સાથ આપશે ? રશિયા-યુક્રેન યુદ્ધમાં પણ ભારતે ખૂલીને કોઈને પણ પોતાનું સમર્થન નથી આપ્યું અને બન્ને દેશો સાથે સારા સંબંધો જાળવી રાખ્યા છે. ઈઝરાયેલ અને હમાસ વચ્ચેના સંઘર્ષમાં ભારતે સત્તાવાર રીતે ઈઝરાયેલને સમર્થન આપ્યું કારણ કે, ભારત હમાસને એક આતંકી સંગઠન માને છે પરંતુ સાથે જ ઈઝરાયેલી સેના દ્વારા ગાઝા પટ્ટીમાં કરવામાં આવતી કત્લેઆમની પણ ભારતે સખ્ત ટીકા કરી છે.

## શ્રી ખેડબ્રહ્મા કેળવણી મંડળ સંચાલિત પટેલ સ્મિતાબેન સુમનભાઈ ઈંગ્લીશ મીડીયમ સ્કૂલનુ ગૌરવ

**(પ્રતિનિધિ) ખેડબ્રહ્મા,**
શાળા પરિણામ =૯૧.૧૭% પ્રથમ ક્રમાક? -ગોહિલ શગુન -૮૮.૧૬%=૫૨૯/૬૦૦ દ્વિતિય ક્રમાંક -માલી સોનિયા -૮૭.૩૩%=૫૨૪/૬૦૦ તૃતીય ક્રમાક-પટેલ કેવિન =૮૬.૬૬%=૫૨૦/૬૦૦ ચોથો ક્રમાક-આહુજા મીત-૮૪.૧૬%=૫૦૫/૬૦૦ પાંચમો ક્રમાક-વ્યાસ? શિવમ-૮૨.૬૬%=૪૯૬/૬૦૦ માર્ચ ૨૦૨૪મા લેવાયેલ? ધોરણ ૧૦મા શ્રી ખેડબ્રહ્મા કેળવણી? મંડળ સંચાલિત પટેલ સ્મિતાબેન સુમનભાઈ ઈંગ્લીશ મીડીયમ સ્કૂલના ના વિદ્યાર્થીઓએ સારુ લક્ષ્યાક પ્રાપ્ત કરેલ છે.વિદ્યાર્થીઓને સંસ્થા ના પ્રમુખ શ્રી અશ્વિનકુમાર જોષી ,ઉપ પ્રમુખ શ્રી કનુભાઈ કે? પટેલ,મંત્રી શ્રી શૈલેષકુમાર? પી મહેતા તથા કારોબારી સભ્ય શ્રીઓ તથા શાળા ના આચાર્ય શ્રી વિભાષકુમાર? રાવલ તથા કેમ્પસ ડાયરેક્ટર શ્રી કપિલ કુમાર ઉપાધ્યાય તથા ઈંગ્લીશ મીડીયમ સ્કૂલના આચાર્ય શ્રી રણવીરસિંહ વાઘેલા તથા શાળા પરિવારે દરેક વિદ્યાર્થીઓને ઊત્તરોત્તર પ્રગતિ થાય તેવી શુભેચ્છા પાઠવી હતી.

**વેસ્ટર્ન ટાઈમ્સ** ના વાચકો જોગ
## અનોખી ભેટ યોજના
શું તમે વેસ્ટર્ન ટાઇમ્સ છ મહિના માટે મફત મેળવવા માંગો છો ? તો નીચે લખેલા છેલ્લાં ૬ આંકડાવાળા નંબરવાળી રૂા.૧૦ કે રૂા.૨૦ની નોટ રૂબરૂ કાર્યાલયમાં જમા કરાવી તમારું નામ, સરનામું **સરક્યુલેશન વિભાગ**માં લખાવી ૬ મહિના સુધી વેસ્ટર્ન ટાઈમ્સ ઘેર બેઠઆ ટપાલથી મફત મેળવો.
આજનો લકી નંબર **૧૩૭ ૮૮૯**
નોંધ: આ યોજનામાં છપાયેલ નંબરવાળી નોટનો લાભ ફક્ત ૩ દિવસમાં જ મેળવવો. ત્યારબાદ સંસ્થાની કોઈ જવાબદારી રહેશે નહિં.

## આપની આજ
**સોમવાર**
**તા.૧૩-૫-૨૦૨૪**




**મેષ:-** આજનો દિવસ આપના માટે શ્રેષ્ઠ સાબીત થવાનો છે આજેઆપના સારા ખોટા તમામ પ્રકારના કામો સરળતાથી પૂર્ણ થશે.
**વૃષભ:-** આજરોજ આપને સરકારી વ્યક્તિઓ તરફથી ખોટી હેરાનગતી થવાની છે. સાવધાની રાખીને આગળ વધવું.
**મીથુન:-** આજે આપના કામકાજના સ્થળે નજર લાગવી તેમજ આપની ઉપર કાળો જાદુનો પ્રયોગ થઈ શકે છે.
**કર્ક:-** આજરોજ આપને વાગવું પડવું તેમજ શારિરીક તકલીફ થાય તેમજ આજે આપને નાણાંકીય મુશ્કેલીઓ સહન કરવી પડશે.
**સિંહ:-** આજે ભાગીદારીના થતા કામકાજ તેમજ ભાગીદારી સંસ્થાઓમાં ઘર્ષણ અને તકરાર થાય તેમ જણાય છે.
**કન્યા:-** આજે આપના શત્રુઓ આપનાથી હેરાન પરેશાન થવાના છે. ભાડાની આવકમાં વધારો થવાના પ્રબળ યોગ છે.
**તુલા:-** આપના સંતાનોના કામોમાં તકલીફ થઈ શકે છે શિક્ષણ સાથે સંકળાયેલા વ્યક્તિઓને મુશ્કેલી આવે.
**વૃશ્ચિક:-** આજરોજ આપને જમીન મકાન તેમજ વાહનના કામોમાં અવરોધ આવશે. આજનો દિવસ બીજા કામો માટે શુભ દિવસ છે.
**ધન :** આજે આપને અચાનક ટૂંકા અંતરની મુસાફરી થાય શ્વસુર પક્ષના સભ્યો સાથેની મુલાકાતોમાં સારૂ પરિણામ આવશે.
**મકર:-** આપનું નાણાકીય આયોજન ખોરવાઈ જશે ઉછીના આપેલ નાણાં પરત આવશે નહી.
**કુંભ:-** આજનો દિવસ આપના માટે શુભ નથી આજે આપને મંત્ર તંત્ર તેમજ મેલીવિદ્યા અથવા નજર લાગવાની શક્યતાઓ વધારે રહે.
**મીન:-** આજરોજ આપના કામકાજના સ્થળે સાવધાની રાખવી ચોરી થવી, કિંમતી ચીજવસ્તુઓની તોડફોડ થવાની શક્યતા છે.

### ભરૂચના નંદેલાવ ગામની હદની સોસાયટીના
# મકાનમાં ચાલતા કુટણખાનાનો પોલીસે પર્દાફાશ કરી માતા-પુત્રને ઝડપી પાડયા

**(પ્રતિનિધિ) ભરૂચ,**
ભરૂચના નંદેલાવ ગામમાં આવેલા અંજુમન પાર્કના એક મકાનમાં બહારથી યુવતીઓ બોલાવી ચાલવવામાં આવતા કૂટણખાનાને એ ડીવીઝન પોલીસે ઝડપી પાડી પોલીસે મકાન માંથી એક મહિલા અને તેના પુત્રને ઝડપી પાડી કુલ ૧૭ હજારનો મુદ્દામાલ જપ્ત કરી કાયદેસરની કાર્યવાહી હાથધરી હતી.

પ્રાપ્ત માહિતી અનુસાર ભરૂચ શહેરના નંદેલાવ વિસ્તારમાં આવેલી અંજુમન પાર્ક નામની સોસાયટીમાં રહેતી નાજેરા અનિશ ભાઈ ઈબ્રાહીમભાઈ પઠાણ પોતાના મકાનમાં બહારથી મહિલાઓ બોલાવી કુટણખાનું ચલાવતી હતી.આ અંગે.ભરૂચ એ ડીવીઝન પોલીસ મથકના પીઆઈ વી.યુ.ગડરિયાને માહિતી મળતા તેઓએ શહેર ડીવાયએસપી સી.કે.પટેલના માર્ગદર્શન હેઠળ પીએસ આઈ ડી.એ.ઝાલા અને સ્ટાફના માણસોએ કામગીરી કરવા સુચનાઓ આપી હતી.જેમાં ડમી ગ્રાહક બનીને પોલીસકર્મીને મોકલી તપાસ કરવા જણાવ્યું હતું.ડમી ગ્રાહકે અંજુમન પાર્ક સોસાયટીમાં નાજેરાબેનના ઘરમાં જઈ તે મહિલા હાજર હોય શરીરસુખ માણવા ૧૦૦૦ રૂપિયા આપ્યા હતા.ત્યાર બાદ નાજેરાએ તેને રૂમમાં જવાનુ કહેતા ખાતરી થતા જ ડમી ગ્રાહકે પોલીસ અધિકારીને મિસકોલ મારતા એ ડીવીઝન પોલીસે તેના મકાનમાં પંચોની હાજરીમાં રેઈડ કરી હતી.

જેમાં ઘર માંથી કુટણખાનું ચલાવનાર મહિલા નાજેરા અનિશભાઈ ઈબ્રાહિમભાઈ પઠાણ મળી આવી હતી.પોલીસે તેના ઘરની તલાસી લેતા નીચેના રૂમમાં એક મહિલા અને ઉપરના માળે જોતા અંદરના રૂમ માંથી એક મહિલા તથા એક પુરૂષ કઢંગી હાલતમા મળી આવ્યા હતા.તે બંનેને નામ થામ પૂછતાં તે નાજેરાનો પુત્ર સલીમ અનિશભાઈ પઠાણ હોવાનું જણાવ્યું હતું.જેથી પોલીસે સ્થળ પરથી બંને મા અને પુત્રની ધરપકડ કરી તેમની પાસેથી ૩ મોબાઈલ અને રોકડા રૂપિયા મળી કુલ ૧૭,૦૦૦ નો મુદ્દામાલ કબ્જે કર્યો હતો અને પોલીસે બંને સામે ધી ઈમોરલ ટ્રાફિક પ્રીવેન્સન એક્ટ ૧૯૬૫ ની કલમ ૩,૪,૫,૭ મુજબનો ગુનો નોંધી વધુ તપાસ હાથધરી હતી.

## વિઝન સ્કૂલ ઓફ સાયન્સ, નડિયાદ ધો.૧૦નું ઝળહળતું પરિણામ મેળવી સમગ્ર ખેડા જિલ્લામાં અગ્રેસર

**(પ્રતિનિધિ)નડિયાદ,**
ધો.૧૦ માર્ચ-૨૦૨૪નું પરિણામ જાહેર કરવામાં આવ્યું જેમાં શાળાની વિદ્યાર્થીની મેમણ સલમાબાન મહંમદઈરફાન એ છ૧ પ્રાપ્ત કરી સમગ્ર ખેડા જિલ્લામાં અગ્રક્રમ મેળવી નડીઆદ તથા શાળાનું ગૌરવ વધાર્યુ છે. મુસ્લીમ સમાજના સામાન્ય પરિવારની દિકરી સલમાબાનુએ બોર્ડમાં ૬૦૦ ગુણમાંથી ૫૯૫ ગુણ અને ૯૯.૯૯ PR સાથે જવલંત સફળતા મેળવી છે.

છ૧ ગ્રેડ પ્રાપ્ત કરનાર સલમાબાનુએ ગણિતમાં ૧૦૦, વિજ્ઞાનમાં ૧૦૦, સમાજમાં ૧૦૦, સંસ્કૃતમાં ૧૦૦ માર્કસ મેળવી પોતે કારકિર્દીમાં ડાકટર બનવાનું સ્વપ્ન જોયુ છે અને સલમાબાનુએ વધુમાં જણાવ્યું હતું કે, મારી સફળતાનું શ્રેય મારા માતા-પિતા, પરિવાર અને વિઝન સ્કૂલના તમામ ગુરુજનોને આપું છું. મેં મારી પોતાની મહેનતની સાથે સાથે મારા માતા-પિતાનો સહકાર તથા વિઝન સ્કૂલ ધ્વારા અવિરત માર્ગદર્શન અને શ્રેષ્ઠ શિક્ષણ પધ્ધતિ ધ્વારા બિલકુલ બહારના ટયુશન કે કોચિંગની મદદ સિવાય સફળતા મેળવી છે.

ઉપરાંત શાળાની સાચી દિશાની મહેનતથી શાળામાં કુલ ૮ વિદ્યાર્થીઓ છ૧ ગ્રેડ તેમજ ૧૭ વિદ્યાર્થીઓ છ૨ ગ્રેડ સાથે ઉર્તિણ થઈ ઉત્કૃષ્ટ પરિણામ મેળવેલ છે.

વિઝન સ્કૂલ ઓફ સાયન્સ,નડીઆદ ધો.૧૦ બોર્ડ પરીક્ષા ૨૦૨૪માં છ૧ ગ્રેડ મેળવેલ વિદ્યાર્થીઓની યાદી

(૧) મેમણ સલમાબાનું મોહંમદ ઈરફાન ૯૯.૯૯ છ૧ (૨)વહોરા સીમરાહ મહંમદસાદીક ૯૯.૦૭ છ૧ (૩)મહીડા હેલીકુંવરબા મહેશકુમાર ૯૮.૫૫ છ૧ (૪) પટેલ જય દિવ્યેશકુમાર ૯૮.૪૬ છ૧ (૫) સોલંકી અદિતી ગીરીશકુમાર ૯૮.૪૬ છ૧ (૬) પરમાર આયુષ સતિષકુમાર ૯૭.૬૩ છ૧ (૭)મોમીન મોહંમદસકલૈન ઝહીરઅબ્બાસ ૯૭.૫૧ છ૧ (૮) વહોરા મહંમદઅયાન આરીફભાઈ ૯૭.૧૫ A1 નડીઆદની વિઝન સ્કૂલ ઓફ સાયન્સે શિક્ષણ ક્ષેત્રે સફળતાના શિખરો સર કરી વર્ષ ૨૦૧૨થી સતત લગાતાર અત્યાર સુધી ખેડા જિલ્લાને બોર્ડ રીઝલ્ટમાં ટોપર આપેલા છે, શાળામાં ભણતા સૌ વિદ્યાર્થીઓને એકપણ વિષયમાં કયારેય ટયુશન કે કોચિંગની જરૂર પડતી નથી. વિઝન સ્કૂલના સંચાલકો અને ટ્રસ્ટીઓ જાતે જ શિક્ષણ આપે છે. શાળાના ચેરમેન જીગ્નેશભાઈ પટેલ, ડીરેકટરશ્રી પ્રવિણભાઈ પરમાર, આચાર્ય તથા શાળાના તમામ સ્ટાફે મેમણ સલમાબાનુ તથા ઉતિણ થયેલ તમામ વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવ્યા હતા.

## ૨૦ રૂપિયાનું રિચાર્જ કરાવી ન આપ્યું તો ગઠિયો મોબાઈલ લઈને ફરાર

**અમદાવાદ,**
આનંદનગર વિસ્તારમાં આવેલા નટવરશ્યામ સોસાયટીમાં રહેતા સુનીલ વર્માએ આનંદનગર પોલીસ સ્ટેશનમાં મોબાઈલ સ્નેચિંગની ફરિયાદ કરી છે. સુનીલકુમારની નોકરીનો સમય સાંજના છ વાગ્યાથી લઈને રાતના ત્રણ વાગ્યા સુધીનો છે. સુનીલકુમાર પોતાની નોકરી પૂરી કરીને પોતાની રૂમ તરફ જઈ રહ્યો હતો ત્યારે ટુ-વ્હીલર પર બે શખ્સ આવ્યા હતા અને વીસ રૂપિયાનું રિચાર્જ કરાવી દેવાની વાત કરી હતી. સુનીલકુમાર રિચાર્જ કરી આપવાનો ઈન્કાર કરી દેતાં તે મોબાઈલ ઝૂંટવીને ભાગી ગયા હતા. આનંદનગર પોલીસે આ મામલે સુનીલકુમારની ફરિયાદના આધારે ગુનો નોંધીને તપાસ શરૂ કરી છે.

## એક મહિના જૂની અદાવતમાં માથાભારે તત્ત્વોએ મહિલાની પીઠમાં છરી મારી

**અમદાવાદ,**
નિકોલ વિસ્તારમાં આવેલી ગુજરાત હાઉસિંગ બોર્ડના મકાનમાં રહેતા સુધાબહેન પટેલે નિકોલ પોલીસ સ્ટેશનમાં અરૂણ પટણી નામના યુવક વિરૂદ્ધ હુમલાની ફરિયાદ કરી છે. ગઈકાલે ગુજરાત હાઉસિંગ બોર્ડના મકાનમાં ભજન હોવાથી સુધાબહેન તેમજ તેમના માતા મધુબહેન ઘરની બહાર બેઠા હતા. દરમિયાનમાં અરૂણ પટણી આવીને કહેવા લાગ્યો હતો કે એક મહિના પહેલાં તે મને કેમ ગાળો આપી હતી. જૂના ઝઘડાની અદાવત રાખીને અરૂણ પટણીએ પોતાના ખિસ્સામાંથી છરી કાઢી હતી અને સુધાબહેન પર હુલાવી દીધી હતી. સુધાબહેનને છરીનો ઘા વાગતાં તે લોહીલુહાણ થઈને જમીન પર પડી ગયા હતા. પોલીસે તેના વિરૂદ્ધ ગુનો નોંધીને તપાસ શરૂ કરી છે.

## નડિયાદમાં બાર કોશિયા રોડ પર આવેલી વિવિધ સોસાયટીમાં ઝાડા ઉલટીના વાવડે માથું ઉચક્યું

### ૧૫ થી વધુ લોકો આ રોગમાં સપડાયા

**(પ્રતિનિધિ)નડિયાદ,**
નડિયાદના બાર કોશિયા રોડ પર આવેલ વિવિધ સોસાયટીમાં છેલ્લા બે ત્રણ દિવસથી માથું ઉચેલા ઝાડા ઉલટી ના કારણે પ્રજામાં ફફડાટ વાપી ગયો છે હાલમાં ૧૫ વ્યક્તિઓ ઝાડા ઉલટી માં સપડાયા હોવાનું જાણવા મળે છે જોકે આરોગ્ય તંત્ર આ બાબતે અજાણ હોવાના આક્ષેપો જોવા મળે છે વહેલી તકે આ વિસ્તારમાં સર્વે થાય તેવી પ્રજાની માંગ છે

નડિયાદમાં લઘુમતી વિસ્તાર તરીકે જાણીતા બાર કોશિયા રોડ પર વિવિધ સોસાયટીઓ આવેલી છે જે પૈકી સુહાના સોસાયટી,ગીનપાર્ક,રાહીન પાર્ક વગેરેમાં છેલ્લા ત્રણ ચાર દિવસથી ઝાડા ઉલટી નો વાવડ જોવા મળી રહ્યો છે જેના કારણે આ વિસ્તારની પ્રજા મુશ્કેલીમાં મુકાય છે પ્રદૂષિત પાણી પીવાથી અથવા તો અન્ય કોઈ કારણ લીધે આ વાવડે આ વિસ્તારમાં માથું ઊંચું છે હાલમાં આ ઝાડા ઉલટી માં ૧૫ જેટલા વ્યક્તિઓ સપડાયા છે જેમાં તનવીર વોરા, સલમાબેન , હબીબભાઈ, સુલેમાનભાઈ, સલીમભાઈ, સમીમબેન વગેરેનો સમાવેશ થાય છે આ લોકો હાલમાં ખાનગી હોસ્પિટલમાં સારવાર લઈ રહ્યા છે આ વિસ્તારની પ્રજા એવો આક્ષેપ કરે છે કે નજીકમાં અર્બન સેન્ટર આવેલું હોવા છતાં તેનું સ્ટાફ આ બાબતે અજાણ છે આ વિસ્તારમાં વહેલી તકે સર્વે કરવામાં આવે તો ઘણા કેસો બહાર આવી શકે તેમ છે વહેલી તકે આ વિસ્તારમાં જે કારણથી ઝાડા ઉલટીના વાવડે માથું ઓછું છે તે કારણે દૂર કરવામાં આવે તેમ જ દવા ગોળીનું વિતરણ થાય તેવી માંગ ઉભી છે.

# ભેળસેળયુકત વરિયાળી બનાવવાનું કૌભાંડ પકડાયું

### ઉંઝા તાલુકાની પેઢીમાંથી અખાદ્ય કલર, વરીયાળીનો ૧૨ ટન જથ્થો કબજે કર્યો

**(એજન્સી)અમદાવાદ,**
ખોરાક અને ઔષધ નિયમન તંત્રના કમીશનર ડો.એચ.જી.કોશીયાને જણાવ્યું છે કે, ઉઝા તાલુકામાંથી ભેળસેળવાળી વરીયાળી બનાવતી પેઢી પકડી પાડી હતી.

તેઓએ જણાવ્યું હતું કે, તાજેતરમાં ખોરાક અને ઔષધ નિયમન તંત્ર મહેસાણા વર્તુળ કચેરી દ્વારા ઉઝા તાલુકામાં ભેળસેળ વાળી વરીયાળી બનાવતી પેઢી ની માહિતી મળતા તે પેઢીને બે દિવસ સુધી રેકી કરેલ અને ત્યારબાદ માહિતીની ખાતરી થયા બાદ ઓચિંતી તપાસ હાથ ધરવામાં આવી હતી. ઉંઝા તાલુકામાં આવેલા ''મે. શ્રી વિષ્ણુ ટ્રેડર્સ ઉંઝા, જી.મહેસાણા'' દાતે તપાસ દરમ્યાન પેઢીમાં હાજર વ્યકિત રાજપુત નારણસિંહ પહાડજી દ્વારા તેઓ પોતે પેઢીના જાતે માલીક હોવાનું જણાવતાં, તેઓની હાજરીમાં ઝીણવટ ભરી તપાસ કરતાં, પેઢીમાં જોવા મળેલ અખાધ લીલો કલર અને વરીયાળી ના આધારે વરીયાળીનો જથ્થો પ્રાથમીક દ્રષ્ટિએ શંકાસ્પદ લાગતા ફુડ સેફટી ઓફીસ દ્વારા કુલ ૨ (બે) નમુના ૧ વરીયાળી લુઝ અને ૨ અખાધ લીલો કલર લુઝ પૃથ્થકરણ સારું વેચાણ લેવામાં આવેલ. વધુમાં બાકી રહેલ આશરે ૧૨ ટન જથ્થો કે જેની કિંમત રૂા.૧૨ ટન જથ્થો કે જેની કિંમત રૂ.૧૨ લાખથી વધુ થવા જાય છે. તે તમામ જથ્થો જપ્ત કરવામાં આવેલ છે. આ તમામ નમુના પૃથકરણ અર્થે લેબોરેટરી ખાતે મોકલી આપવામાં આવેલ છે. આ નમુનાના પૃથકરણ અહેવાલ આવ્યા બાદ આગળની કાયદેસર ની કોર્ટ કાર્યવાહી કરવામાં આવશે.

### અનાજની ચોરી કરતા હોવાનું તપાસમાં આવ્યું
## છેલ્લા એક વર્ષમાં ૧૦૮ સરકારી અનાજની દુકાન સામે કાર્યવાહી

### રૂ.૪.૭૦ લાખનો દંડ વસૂલ કરવામાં આવ્યો

**(એજન્સી)અમદાવાદ,**
રાજયના પુરવઠા વિભાગ દ્વારા અમદાવાદ શહેરમાં સરકારી અનાજની દુકાનો પર છેલ્લા એક વર્ષમાં અનાજની ચોરી રોકવા માટે કાર્યવાહી કરવામાં આવી છે. જેમાં દરોડા પાડી અનાજના સ્ટોક અને વિતરણ વિશે જાણકારી ટેલી કરવામાં આવે છે. જો સ્ટોક અને વિતરણમાં મોટો તફાવત જણાય તો દુકાનદાર વિરૂધ્ધ કડક કાર્યવાહી કરવામાં આવી હતી.

છેલ્લા એક વર્ષમાં અમદાવાદમાં સરકારી અનાજની ૧૮૩૩ દુકાનો પર તપાસ કરવામાં આવી હતી. જેમાં કુલ ૧૦૮ દુકાનોમાં ગેરરીતિ જોવા મળતા અનાજનો કુલ ૩૪૦૪ કિલોનો જથ્થો જપ્ત કરી રૂ.૬૬ લાખનો દંડ ફટકારવામાં આવ્યો હતો.

અમદાવાદમાં ૮૬૫ સસ્તા અનાજની દુકાનો

અમદાવાદ શહેરમાં મફત અનાજ પ્રાપ્ત કરનારા લાભાર્થીઓની સંખ્યા કુલ ૩ લાખ ૫૦ હજારથી વધારે છે. અમદાવાદ શહેરમાં કુલ ૧૫ ઝોન હેઠળ ૮૬૫ સરકારી અનાજ વિતરણની દુકાનો આવેલી છે. ગેરરીતિના કેસમાં દુકાનનું લાયસન્સ રદ અથવા દંડક કે સજાની સહીતની જોગવાઈ છે.

### રાજપારડી જીએમડીસીના લિગ્નાઈટ પ્રોજેક્ટમાં કામ કરતા મશીન ઓપરેટરનું માટીમાં દબાતા મોત

**(પ્રતિનિધિ) ભરૂચ,**
ભરૂચ જીલ્લાના ઝઘડિયા તાલુકાના રાજપારડી સ્થિત લિગ્નાઈટ પ્રોજેકટમાં મશીન ઓપરેટર તરીકે કામ કરતા એક ૨૭ વર્ષીય યુવકનું માટી નીચે દબાતા મોત નીપજ્યું હતું.

આ અંગે જીએમડીસી સુત્રો માંથી મળતી વિગતો મુજબ મુળ મધ્યપ્રદેશનો રાજકરણ યાદવ નામનો ૨૭ વર્ષીય યુવક જીએમડીસીના લિગ્નાઈટ પ્રોજેક્ટમાં મશીન ઓપરેટર તરીકે કામ કરે છે.આ યુવક ગતરોજ અન્ય સાથી કર્મીઓ સાથે માઈન્સમાં કામ કરતો હતો.ત્યારે એકાએક માટી ધસડતા યુવક મશીન સહિત માટીમાં દબાયો હતો.યુવકની સાથે કામ કરતા અન્ય કામદારો સલામત રીતે બહાર નીકળવામાં સફળ થયા હતા.જ્યારે રાજકરણ મશીન સમેત માટીમાં દબાઈ ગયો હતો.ઉલ્લેખનીય છે કે રાજકરણ જે મશીનમાં કામ કરતો હતો તે મશીનની કેબિન એસી હોઈ તેની બારીઓ બંધ હતી જેને લઈને તેનો અવાજ બહાર કોઈને સંભળાયો નહિ હોય એમ માનવામાં આવી રહ્યું છે.જોકે રાજપારડી પોલીસનો ટેલિફોનિક સંપર્ક કરતા જાણવા મળ્યુ કે મૃતકનો ભાઈ મધ્યપ્રદેશથી આવવા નીકળી ગયેલ હોય તેના આવ્યા પછી અન્ય જરૂરી કાર્યવાહી કરવામાં આવશે.તો બીજી તરફ માઈન્સમાં માટીમાં દબાતા મશીન ઓપરેટરનું મોત થતાં અન્ય સાથી કર્મચારીઓમાં શોકનો માહોલ છવાયો હતો.

## થલતેજમાં સેરેબ્રલ પાલ્સી રીહેબ સેન્ટરનું લોકાર્પણ કરાયું

**(એજન્સી)અમદાવાદ,**
હેલ્થ એન્ડ કેર ફાઉન્ડેશન હોસ્પિટલ દ્વારા સેરેબ્રલ પાલ્સી જીવરાજપાર્ક યુનીટની સફળતા બાદ સેરેબ્રલ પાલ્સી રીહેબ સેન્ટર થલતેજનું લોકાર્પણ કરાયું હતું. હેલ્થ એન્ડ કેર ફાઉન્ડેશન હોસિપટલ જીવરાજપાર્ક ખાતે સેરેબ્રલ પાલ્સી વિભાગ કાર્યરત છે. આ સેવાનો વ્યાયપ વધારવા ક્રેસ્ટ ડેટા સીસ્ટમ પ્રાઈવેટ લીમીટેડના અને હેલ્થ એન્ડ કેર ફાઉન્ડેશન હોસ્પિટલ દ્વારા કોમ્યુનીટીશ હેલ્થ સેન્ટર થલતેજ ખાતે રીહાબ સેન્ટરનું લોકાર્પણ કરાયું હતું. જેમાં સેરેબ્રલ પાલ્સી બાળકોને ફીઝીયોથેરાપી ઓકયુપેશન, થેરાપી, સેનસરી ઈન્ટીગ્રેશન, એકિટવીટી, કાઉન્સોલીગ રાહત દરે કરી આપવામાં આવશે.

# ૨૧મી મે સુધી રેલવે વિશ્વામિત્રી ઓવરબ્રિજ વાહનોની અવર-જવર માટે પ્રતિબંધિત

**(માહિતી)વડોદરા,**
મુંબઈ-અમદાવાદ હાઈસ્પીડ રેલ પ્રોજેક્ટની કામગીરી હાલમાં ચાલી રહી છે. સદર કામગીરીમાં વિશ્વામિત્રી રેલવે ઓવરબ્રિજ ઉપર ગડર લોન્ચિંગ/સિગમેન્ટ લોન્ચિંગની કામગીરી કરતી વખતે રેલવે ઓવરબ્રિજ ઉપર અવર-જવર કરતા વાહનોને કોઈ આકસ્મિક બનાવ ન બને તથા સામાન્ય જનતાની સલામતીને ધ્યાને લઈ કામગીરી દરમિયાન જાહેર જનતાને અગવડ ન પડે તે માટે શહેર પોલીસ કમિશ્નરશ્રીએ જાહેરનામું પ્રસિદ્ધ કર્યું છે.

જાહેરનામા અંતર્ગત તા. ૧૦/૦૫/૨૦૨૪ થી તા. ૨૧/૦૫/૨૦૨૪ સુધી અથવા સદર કામગીરી પૂર્ણ ન થાય ત્યાં સુધી તકેદારીના ભાગરૂપે વિશ્વામિત્રી ઓવરબ્રિજથી મુજમહુડા સર્કલ તરફ અવર-જવર કરતા તમામ પ્રકારના વાહનો માટે પ્રતિબંધિત રસ્તો જાહેર કરવામાં આવ્યો છે. લાલબાગ બ્રિજથી વિશ્વામિત્રી ઓવરબ્રિજ થઈ મુજમહુડા સર્કલ તરફ અવર-જવર કરી શકાશે નહીં. તેમજ અવધૂત ફાટકથી વિશ્વામિત્રી ઓવર બ્રિજ તરફ જઈ શકાશે નહીં. જાહેર જનતાને અગવડ ન પડે અને ટ્રાફિક સુચારૂ રીતે ચાલે તે હેતુથી વૈકલ્પિક ટ્રાફિક વ્યવસ્થા પણ જાહેર કરવામાં આવી છે.



## ગાંધીનગર ડાયરી
**મનોજ મ. શુકલ**

## પી.ભારતી અને પી.ડી.પલસાણા: લોકસભાની સફળ ચૂંટણીના શિલ્પીઓ

ગુજરાતમાં લોકસભાની ચૂંટણીઓ વિનાવિઘ્ને, સરળતાથી અને સફળતાપૂર્વક પૂર્ણ થઈ ગઈ છે.આ સફળતાનાં શિલ્પીઓ બે સનદી અધિકારીઓ શ્રીમતી પી.ભારતી અને પી.ડી. પલસાણા છે.પી.ભારતી ગુજરાતનાં મુખ્ય ચૂંટણી અધિકારી છે અને પી.ડી.પલસાણા સંયુક્ત મુખ્ય ચૂંટણી અધિકારી છે.૨૦૦૫ની બેચના સનદી અધિકારી પી.ભારતી આંધ્ર પ્રદેશના વિશાખાપટ્ટનમના રહેવાસી છે.કમ્પ્યુટર સાયન્સ અને એન્જિનિયરિંગ સાથે બી.ઈ.ની અને પબ્લિક પોલીસીના વિષય સાથે એમ.એ.અને એલ.એલ.બી.ની ડીગ્રી મેળવનાર પી.ભારતીના નેતૃત્વમાં ૨૦૨૨ની ગુજરાત વિધાનસભાની ચૂંટણીઓ પણ સફળતાપૂર્વક કરવામાં આવી હતી.પી?.ડી.પલસાણા ૨૦૧૨ની બેચના સનદી અધિકારી છે.ગુજરાતના અમરેલીના વતની પલસાણા એગ્રીકલ્ચરના વિષય સાથે એમ.એસસી. અને ડિપ્લોમા ઈન યોગની ડીગ્રી ધરાવે છે.લોકસભાની સમગ્ર ચૂંટણી દરમિયાન એવું જોવા મળ્યું કે ભારતી અને પલસાણા વચ્ચે ખૂબ સારો તાલમેલ હતો.એવું પણ દેખાતું હતું કે પલસાણા પોતાની આવડતને કારણે પી. ભારતીનો ઘણો કાર્યબોજ હળવો કરી દેતા હતા. પી.ડી.પલસાણા સાવ શાંત,નમ્ર, મિતભાષી અને સરળ અધિકારી છે.સરકારે તેમને જ્યાં જ્યાં મુક્યા છે ત્યાં તેઓએ પરીણામદાયક કામ કરી બતાવ્યું છે.ગુજરાત લોકસભાની ચૂંટણી સફળતાપૂર્વક પૂર્ણ કરવા માટે પી.ભારતી અને પી.ડી. પલસાણા અભિનંદનના અધિકારી તો બને જ છે હોં!





## હેં શું ખરેખર આવતા વર્ષથી મોરારિબાપુનું અસ્મિતા પર્વ પૂનઃ શરૂ થશે?

સાચા માનવાનું જરાય મન ન થાય અને ખોટા છે એવું કહેવાની હિંમત ન ચાલે એવા સમાચાર એ છે કે આવતાં વર્ષથી(એટલે કે એપ્રિલ-૨૦૨૫થી) મોરારિબાપુ દ્વારા દર વર્ષે હનુમાનજીનાં પ્રાગટ્ય દિન નિમિત્તે મહુવામાં યોજાતુ સાહિત્યિક અસ્મિતા પર્વ પૂનઃ શરૂ કરવામાં આવી રહ્યું છે!આ અંગેની વિગત એવી છે કે અસ્મિતા પર્વ સતત ૨૫ વર્ષ સુધી ઉજવાઈ ગયા પછી છેલ્લા થોડા વર્ષોથી બંધ કરાયું છે.આ અસ્મિતા પર્વ સંભવતઃ આગામી એપ્રિલ-૨૦૨૫ પૂનઃ શરૂ કરવામાં આવશે એવી ભરપૂર શક્યતા ઉભી થઈ છે. સંપૂર્ણપણે બિનસત્તાવાર પણ મોરારીબાપુ સાથે નિકટતાથી અને સક્રિય રીતે સંકળાયેલા વર્તુળોમાંથી સાંભળવા મળેલી વાત જો સાચી માનીએ તો એવું કહેવાય છે કે કેટલાક સાહિત્યરકારો અને ભાવકો દ્વારા આ પર્વ પૂનઃ શરૂ કરવા માટે મોરારિબાપુને વિનંતી કરાઈ હતી.એ અંગે મોરારિબાપુએ સકારાત્મક અભિગમ દાખવી એ અંગે વિચારવાની ખાતરી આપી હોવાનું પણ કહેવાય છે. મોરારિબાપુ જો લીલી ઝંડી આપશે તો આ પર્વના કાયમી સંયોજકો અને શિલ્પીઓ હરિશ્ચંદ્ર જોશી અને વિનોદ જોશી આગામી ડિસેમ્બર ૨૦૨૪થી તેની તૈયારી કરવાનું શરૂ કરી દેશે અને માર્ચ-૨૦૨૫ ના આરંભે તેની સત્તાવાર જાહેરાત કરવામાં આવશે.આ આખી વાત એવી કક્ષાએથી આવી છે કે તે સંભવતઃસાચી પણ પડે!પરંતુ આ અંગે આયોજકો તરફથી કોઈ આખરી સમર્થન ન મળે ત્યાં સુધી તો તેને અફવા જ ગણવી પડે એવી સ્થિતિ છે હોં!



## આ અધિકારી રાજ્યની કેડરના હોવા છતાં ગુજરાતમાં નોકરી જ નથી કરતા!

આપણે ત્યાં અમુક સમૃદ્ધ વ્યક્તિ માટે એવું કહેવાય છે કે ×એ તો મોઢાંમાં ચાંદીની ચમચી લઈને જન્મી છે આ વાત ગુજરાતની આઈ.એ.એસ.કેડરના અધિકારીઓને પણ લાગું પાડી શકાય તેમ છે.ઉદાહરણ તરીકે વાત કરવી હોય ગુજરાત રાજ્યની સનદી કેડરની ૧૯૯૬ની બેચના અધિકારી રાજીવ ટોપનોની કરી શકાય.મૂળ રાંચીના વતની અને પોલીટીકલ સાયન્સ સાથે બી.એ.થયેલા રાજીવ ટોપનોએ કારકિર્દીની શરૂઆત રાજકોટમાં આસીસ્ટન્ટ કલેકટર તરીકે કરી હતી.એ પછી થોડા વર્ષોમાં તેમની કારકિર્દીને એવી પાંખ મળી કે તેઓ સતત ગુજરાતની બહાર રહ્યા છે.રાજીવ ટોપનોએ વડાપ્રધાન મનમોહન સિંહ અને નરેન્દ્ર મોદીનાં કાર્યાલયમાં ખાસ ફરજ પરના અધિકારી તરીકે ફરજ બજાવી છે.એ ઉપરાંત અન્ય અનેક ઉંચા(અને સમકક્ષ અધિકારીઓને ઈર્ષા થાય તેવા)સ્થાનો પર કામ કર્યું છે.રાજીવ ટોપનો હાલ 'સિનિયર એડવાઈઝર ટુ ધી એકઝીક્યુટીવ ડાયરેકટર',વિશ્વ બેન્ક, વોશિંગ્ટન ડીસી, અમેરીકા તરીકે તા.૨૪/૦૮/૨૦૨૦થી ફરજ બજાવે છે.સતત સન્માનજનક હોદ્દાઓ મેળવતાં રહેતા રાજીવના નસીબને દાદ દેવી પડે હોં!




## હેં, જયેશ રાદડિયાનો બળવો શું સ્ક્રીપ્ટેડ છે?

ગુજરાતનાં રાજકારણીની ગલિયારીમા આજકાલ જે વિષય ગરમાગરમ બની ગયો છે તે વિષય છે જેતપુરના ભા.જ.પ.ના ધારાસભ્ય જયેશ રાદડિયાનો ઈફ્કોના ડિરેક્ટરની ચૂંટણી માટે ઉમેદવારી કરવાનો સફળ બળવો અને વિજય છે.આ આખાં પ્રકરણ અંગે તો 'જેટલા મોંઢા એટલી વાતો' વહેતી થઈ છે.પણ અંદરની જે સાવ ખાનગી અને આશ્ચર્યજનક લાગે તેવી વાતો બહાર આવી



છે એ જો સાચી માનીએ તો એવી છે કે (૧):-રાદડિયાના બળવાને અમિત શાહના આશીર્વાદ હતા.(૨):- એનો પુરાવો એ છે કે ઈફ્કોના ડિરેક્ટરની ચૂંટણી ચૂંટણી પહેલાંનાં ૪-૫ દિવસે અમિત શાહ રાદડિયાને ઘરે ગયા હતા અને ત્યાં દિલીપ સંઘાણી પણ હાજર હતા(૩):- દિલીપ સંઘાણીને વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સહકાર ક્ષેત્રે બધું કરવા માટે સંપૂર્ણ સ્વતંત્રતા બક્ષી છે(૪):-જયેશ રાદડિયાને દિલીપ સંઘાણીનો સંપૂર્ણ ટેકો હતો(૫):-એવું કહેવાય છે કે સી.આર.પાટિલે જે મેન્ડેટ આપ્યો એ ખોટો અપાઈ ગયો હતો.વળી,અહીં પાટીલે દિલીપ સંઘાણીને વિશ્વાસમાં લીધા નહોતા તેથી દિલીપ સંઘાણીએ મોવડી મંડળની મંજૂરી લઈને જયેશ રાદડિયા પાસે ફોર્મ ભરાવી દીધું અને જીતાડી દીધા.આ આખા પ્રકરણમાં અત્યારે દુરથી એવું લાગ છે પ્રદેશ પ્રમુખ પાટીલનો નિર્ણય સૌરાષ્ટ્રના કદાવર સહકારી નેતા દિલીપ સંઘાણી ઉથલાવી શક્યા છે હોં!



## ચૂંટણી પછી શું થવાનું છે તે અંગે પણ લોકો જાત જાતની અટકળો કરે છે.

ગત તા.૭.ના રોજ લોકસભાની ચૂંટણી પૂર્ણ થયા પછીના બે ચાલુ દિવસોમાં પણ ગુજરાત સચિવાલય સૂમસામ રહ્યું.એ પછી ૩ દિવસની રજા આવી ગઈ.એટલે હવે સચિવાલય તા.૧૩ને સોમવારથી ધીમે ધીમે ગતિમાં આવશે.ચૂંટણીનાં બીજા જ દિવસે એટલે કે બુધવારે સૂમસામ સચિવાલયમાં ભા.જ.પ.ના એક પીઢ આગેવાન અને સરકારના એક કેબીનેટ મંત્રીનાં નિકટના મિત્ર મળી ગયા.ભરપૂર હળવાશ અને નિરવ શાંતિ હોવાથી સ્વર્ણિમ સંકુલના એક સોફા પર તેમની સાથે બેઠક જમાવીને વર્તમાન રાજકારણ વિશે વાતો કરી.તેઓએ જે કંઈ કહ્યું તેનો લઘુત્તમ સાધારણ અવયવ એવો નિકળે છે કે (૧):-પરીણામ જાહેર થયા બાદ એક માસની અંદર ગુજરાત મંત્રીમંડળનું વિસ્તરણ થશે.(૨):-રાજ્યના બોર્ડ નિગમની તમામ જગ્યાઓ ભરાઈ જશે.(૩):-વિસ્તરણ પ્રસંગે મૂળ કોંગ્રેસી એવા એક વર્તમાન મંત્રીને વિદાય કરાશે.(૪):-ગુજરાતમાં બધાં ભલે ગમે તે કહે પણ ભા.જ.પ.આ વખતે પણ બધી લોકસભાની બેઠક જીતી જશે(૫):-હવે પછીનાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી જ હશે (૬):-નરેન્દ્ર મોદી જો અને જ્યારે વડાપ્રધાન પદ છોડશે ત્યારે એ પદ અમિત શાહને જ સોંપશે.આમતો ભા.જ.પ.ના કોઈ પણ નેતાના એક પણ વિધાનનું કોઈ મહત્વ નથી.તેનુ કારણ એ છે કે બધું ઉપલી કક્ષાએથી નક્કી થાય છે.એ જોતા આ સિનિયર કાર્યકરની વાતમાં કેટલું તથ્ય હશે એ કહેવુ મુશ્કેલ છે પણ આ બધી પક્ષની અંદરની વાત છે એ તો નક્કી જ છે હોં!



વેસ્ટર્ન ટાઈમ્સ
# પરિમલ
3
સોમવાર
તા.૧૩ મે, ૨૦૨૪ 13/5/2024
સાપ્તાહિક પૂર્તિ

# ૨૦૨૯ના ઉનાળામાં લોકસભા ચૂંટણીને મંજૂરી મળશે ?

સમકાલીન

લોકસભાની વર્તમાન ચૂંટણીઓમાં ઓછા મતદાન માટેના અનેક કારણોમાં એક કારણ હિટવેવ કે ભીષણ ગરમીને માનવામાં આવી રહ્યું છે. હજુ તો સાતમાંથી ૩ જ તબક્કાનું મતદાન થયું છે અને આખો મે મહિનો ચૂંટણી પ્રચારમાં પસાર થશે ત્યારે કાળઝાળ ગરમી મતદારોની શું હાલત થશે તેને લઈને ચિંતાઓ વ્યક્ત કરવામાં આવી રહી છે. તો તેની સાથે હવે એક એવો પ્રશ્ન ચર્ચાઈ રહ્યો છે કે એક તરફ કલાઈમેટ ચેન્જને કારણે ભારતમાં હવામાનમાં ભારે ફેરફારો થઈ રહ્યા છે ત્યારે શું કલાઈમેન્ટ ચેન્જ ભારતમાં પાંચ વર્ષ પછી ૨૦૨૯માં બીજી ઉનાળાની લોકસભા ચૂંટણીઓ યોજાવાની મંજૂરી આપશે...?

નોંધનીય છે કે, ભારત હાલમાં રેકોર્ડ-સેટીંગ હિટવેવ્સ સાથે અને સામે ઝઝૂમી રહ્યું છે. દર વર્ષે તાપમાનમાં વધારો થવા સાથે આ રેકોર્ડ પરનો સૌથી ગરમ દશક રહ્યો હોવાથી નિષ્ણાંતો તેના પર ભાર મૂકે છે કે શું ભારત તેના તીવ્ર ઉનાળાના મહિનાઓ વચ્ચે પાંચ વર્ષ પછી યોજાનાર સામાન્ય ચૂંટણી યોજી શકશે કે કેમ ? કારણ કે આબોહવા પરિવર્તનની અસર સ્થાનિક હવામાન પ્રણાલિઓને વધુ ખરાબ કરે છે.

કલાઈમેટ ટ્રેન્ડસ દ્વારા એક પેપરમાં, એક સંશોધન-આધારિત કન્સલ્ટિંગ અને ક્ષમતા-નિર્માણ પહેલ કે જેનો ઉદ્દેશ્ય પર્યાવરણ, આબોહવા પરિવર્તન અને ટકાઉ વિકાસના મુદ્દાઓ પર વધુ ધ્યાન કેન્દ્રીત કરવાનો છે, આ મુદ્દાની પરિપ્રેક્ષ્યમાં વિગતવાર ચર્ચા કરી છે.

આ વર્ષે વૈશ્વિક વસ્તીના ૪૯ ટકા લોકો ૬૪ દેશોમાં મતદાન કરવા જઈ રહ્યા છે ત્યારે વર્તમાન ભારતીય ચૂંટણીઓમાં આબોહવા અને સ્થાનિક હવામાન પ્રણાલિ કેવી રીતે મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવી રહી છે તે નોંધનીય છે.

ડેટા સ્પષ્ટપણે દર્શાવે છે કે ગ્લોબલ વોર્મિંગને કારણે ઘનતા, આવર્તન, અવધિ અને હિટવેવ દ્વારા આવરી લેવામાં આવેલા વિસ્તારમાં વધારો થયો છે. આનો અર્થ એ થયો કે ગરમીથી કોઈ છૂટકો નથી. તમામ મોડલ્સ એવી આગાહી કરી રહ્યા છે કે ભવિષ્યમાં હિટવેવ્સ અપેક્ષા કરતાં વધુ ઝડપે વધશે.

આ સાથે ઉદભવતા પડકારો પૈકી એક એ છે કે વધતી જતી ગરમીના તણાવ અન્ય હવામાન પેટર્ન સાથે સંયોજનો. આ બદલામાં આરોગ્યની અસરો, જંગલની આગ અને વાયુ પ્રદૂષણને અતિશયોક્તિપૂર્ણ બનાવશે. આ સંયોજન અસરોનો સામનો કરવા માટે આપણે વધુ ઉંડાણપૂર્વક સંશોધન કરવાની જરૂર છે. એમ રોકસી મેથ્યુ કોલ, વરિષ્ઠ વૈજ્ઞાનિક, ભારતીય ઉષ્ણકટિબંધીય હવામાનશાસ્ત્ર સંસ્થા, પુણેએ જણાવ્યું હતું.

તેમના સંશોધન પેપરમાં દેશના ભૂતપૂર્વ મુખ્ય ચૂંટણી કમિશનર ઓપી રાવત અને ભૂતપૂર્વ ચૂંટણી કમિશનર અશોક લવાસાને ટાંકવામાં આવ્યા છે.

સંસદીય ચૂંટણી યોજવા માટે છ મહિનાનો સમય બાકી છે. વર્તમાન કાર્યકાળ



માટે ચૂંટણી ૧૭ ડિસેમ્બર ૨૦૨૩ અને ૧૬ જૂન ૨૦૨૪ની વચ્ચે યોજાવાની હતી. જો કે, રાજ્યની વિધાનસભાની ચૂંટણી નવેમ્બર અને ડિસેમ્બરમાં નિર્ધારિત હોવાથી, સંસદીય ચૂંટણીઓ સામાન્ય રીતે ઓછામાં ઓછા ૨-૩ મહિનાના અંતરાલ પછી હાથ ધરવામાં આવે છે તેથી યુનિયન ચૂંટણી ૨૦૨૪ માર્ચમાં જાહેર કરવામાં આવી હતી. ભવિષ્યમાં આવી પરિસ્થિતિને ટાળવા માટે, ચૂંટણી પંચે સર્વપક્ષીય બેઠક બોલાવવી જોઈએ જ્યાં તે રાજ્યની ચૂંટણીમાં બે મહિના વિલંબ કરવા ૬ મહિનાની વિંડો દરમિયાન સંસદીય ચૂંટણીઓ યોજવા પર સામૂહિક રીતે સંમત થઈ શકે એમ રાવતે કહ્યું છે.

હવે ૨૦૨૯માં આગામી સામાન્ય ચૂંટણીઓ માટે વિન્ડો ૧ જાન્યુઆરીથી ૩૦ જૂનની વચ્ચે આવે છે. વસંતઋતુ (ફેબ્રુઆરી અને માર્ચ)એ શ્રેષ્ઠ સમય છે. નહીંતર કાયદામાં સુધારો થવો જોઈએ જે ચૂંટણી પંચને રાજ્ય વિધાનસભાની ચૂંટણી થોડી વહેલી કરાવવાની સત્તા આપે છે એમ પણ તેમણે કહ્યું હતું.

મોટા વિક્ષેપને ટાળવા માટે હવામાન પરિસ્થિતિઓને હંમેશા ધ્યાનમાં લેવામાં આવે છે. શમનના પગલાં છે જે પહેલાંથી જ સારી રીતે લેવામાં આવે છે જેમ કે ઠંડી જગ્યાએ લોકોને કતારમાં ઊભા રાખવાની વ્યવસ્થા, પીવાના પાણીની ઉપલબ્ધતા વગેરે. એવી જોગવાઈ છે કે જેના દ્વારા ભારતનું ચૂંટણી પંચ ૧૮૦ દિવસમાં ગમે ત્યારે ચૂંટણી કરાવી શકે છે પરંતુ તેમણે ખૂબ કાળજી રાખવી પડે કે સરકારની મુદ્દત એક દિવસ પણ ઓછી ન થાય, એમ અશોક લવાસાએ મત દર્શાવતા કહ્યું હતું.

જો કે, તેમણે ઉમેર્યું હતું કે, બીજી સમસ્યા એ છે કે, ફેબ્રુઆરી-માર્ચ મહિનો શાળાઓ અને કોલેજોમાં પરીક્ષાનો સમય છે તેથી કોઈ વ્યક્તિ શૈક્ષણિક ચક્રને પણ વિક્ષેપિત કરી શકતું નથી. આત્યંતિકતાનો ઘટાડવા માટે મહત્તમ સાવચેતીઓ લેવામાં આવે છે. જો કે, (તાપમાન) વધવાનું ચાલુ રહે તો કોઈ આને ધ્યાનમાં લઈ શકે છે.

રાજ્ય સંચાલિત ભારતીય હવામાન વિભાગે પહેલાંથી જ એપ્રિલ-જૂન દરમિયાન સરેરાશ હીટવેવ કરતાં બમતા કરતાં વધુ એટલે કે, ૧૦થી ૨૦ દિવસની ગરમીના મોજાની સામાન્ય ૪થી ૮ દિવસની સરખામણીમાં ચોક્કસ રહેવાની આગાહી કરી હતી. આ વર્ષે ગરમી ૨૦૨૩ કરતાં વધુ ખરાબ રહેવાની ધારણા છે. જે અત્યાર સુધીનું સૌથી ગરમ વર્ષ રહ્યું છે.

ગરમીનો પારો ૪૨-૪૫ ડિગ્રી વચ્ચે સ્થિર થઈ રહ્યો છે, દેશના કેટલાક ભાગોમાં ૪૭ ડિગ્રી સુધી પણ ઉંચકાઈ રહ્યો છે. એપ્રિલમાં હિટવેવનો સૌથી લાંબો સમય ૧૫ દિવસ સુધી લંબાયેલો જોવા મળ્યો છે. પૂર્વ અને દ્વીપકલ્પના ભારતના ભાગો સૌથી વધુ પ્રભાવિત થયા છે જે ભેજ સામે પણ લડી રહ્યા છે.

તો બીજી તરફ અન્ય કોઈ નહીં પણ ખુદ રિઝર્વ બેંક દ્વારા કહેવામાં આવ્યું છે કે કલાઈમેટ ચેન્જ ભારત માટે ખૂબ જ ખતરનાક છે. આરબીઆઈના વર્તમાન વર્ષના એપ્રિલના બુલેટિનમાં ઊંચા તાપમાનની સ્થિતિને કારણે ફુગાવા સામે જોખમ તોળાઈ રહ્યાની ચિંતા વ્યક્ત કરી છે. તાપમાની કૃષિ ક્ષેત્ર પર સૂચિત અસરને કારણે ખાદ્યાખોરાકીના ભાવમાં અનિશ્ચિતતા ફુગાવા પર દબાણ ચાલુ રાખશે તેવી ગણતરીને આધારે આ મત આવી પડયો હોવાનું માનવામાં આવે છે.

વર્તમાન વર્ષનું ચોમાસુ બે દાયકાનું સારું ચોમાસુ રહેવાની પણ વધારો આવી પડયો છે. જો કે, વધુ પડતા વરસાદની સ્થિતિ કૃષિ જણસો સામે જોખમી બની શકે છે. એ હકીકત નકારી શકાય એમ નથી. વર્તમાન વર્ષમાં દેશમાં એક તરફ ઊંચા તાપમાન તથા બીજી બાજુ કેટલાક વિસ્તારોમાં કમોસમી વરસાદની સ્થિતિએ કલાયમેટ ચેન્જની પ્રતિકૂળ અસરોના સંકેત આપી દીધા છે.

કલાયમેટ ચેન્જને લગતી આફતોને કારણે વર્તમાન સદીના અત્યાર સુધીના ગાળામાં ભારતને ૧૨૦ અબજ ડોલરની નુકસાની ભોગવવી પડી હોવાનો અંદાજ છે. ભારતનું અર્થતંત્ર કૃષિ આધારિત હોવાથી કલાયમેટ ચેન્જની કૃષિ ક્ષેત્ર પર કોઈપણ દેશના અર્થતંત્ર સામે જોખમી બની શકે છે. કૃષિ ઉત્પાદન વધારીને ખેડૂતોની આવક વધારવાનો વ્યુહ આ અગાઉ અનેક વેળા નિષ્ફળ રહ્યો છે ત્યારે કલાયમેટ ચેન્જે ભારતના નીતિ વિષયકો સામે નવો પડકાર ઊભો કર્યો છે.

**ભારત હાલમાં રેકોર્ડ-સેટીંગ હિટવેવ્સ સાથે અને સામે ઝઝૂમી રહ્યું છે દર વર્ષે તાપમાનમાં વધારો થવા સાથે, આ રેકોર્ડ પરનો સૌથી ગરમ દશક રહ્યો હોવાથી, નિષ્ણાંતો તેના પર ભાર મૂકે છે કે શું ભારત તેના તીવ્ર ઉનાળાના મહિનાઓ વચ્ચે પાંચ વર્ષ પછી યોજાનાર સામાન્ય ચૂંટણી યોજી શકશે કે કેમ, કારણ કે આબોહવા પરિવર્તનની અસર સ્થાનિક હવામાન પ્રણાલિઓને વધુ ખરાબ કરે છે**

**હવે ૨૦૨૯માં આગામી સામાન્ય ચૂંટણીઓ માટે, વિન્ડો ૧ જાન્યુઆરીથી ૩૦ જૂનની વચ્ચે આવે છે. વસંતઋતુ (ફેબ્રુઆરીની અને માર્ચ)એ ચૂંટણી યોજવાનો શ્રેષ્ઠ સમય છે. નહીંતર કાયદામાં સુધારો થવો જોઈએ જે ચૂંટણી પંચને રાજ્ય વિધાનસભાની ચૂંટણી થોડી વહેલી કરાવવાની સત્તા આપે છે, એમ પણ તેમણે કહ્યું હતું**

# મહિલા સરપંચ, મહિલા અધિકાર અને પંચાયતીરાજનો કાયદો



કેન્દ્ર સરકારે આખા દેશમાં પંચાયતીરાજ દાખલ કરવા માટે બંધારણીય સુધારો કરી તેને સને ૧૯૯૩થી અમલમાં મૂકયો. આ સુધારાથી મહિલાઓ માટે પંચાયતની કુલ બેઠકોમાંથી ૧/૩ બેઠકો આરક્ષિત કરવામાં આવી.

મહિલાઓના માટે પંચાયતમાં ૧/૩ બેઠકો અનામત રાખવામાં આવી છે અને તે જ પ્રમાણે પંચાયતમાં મહિલા સરપંચની જગ્યા માટે પણ મહિલાઓને આરક્ષણ આપ્યું છે. આ જોગવાઈને લીધે આખા દેશમાં, ગ્રામ પંચાયતોમાં ઘણી મોટી સંખ્યામાં મહિલા સરપંચો ચૂંટાયા છે. આ મહિલા સરપંચોએ પંચાયતના કાયદા અને નિયમો પ્રમાણે પંચાયતોનો વહીવટ કરવાનો હોય છે. આપણે સૌ જાણીએ છીએ કે સરપંચ તરીકે પંચાયતમાં ઘણી જ જવાબદારી સંભાળવાની હોય છે. 'ગ્રામસભા' પણ વર્ષમાં બે વાર બોલાવવી તેવી જોગવાઈ છે. પંચાયતોની સભામાં સરપંચ અધ્યક્ષ હોય અને તે સભાનું સંચાલન કરે છે. સરપંચ તરીકે ગામના પ્રશ્નો કરતા બીજી કાયદેસરની અનેક જવાબદારીઓ સરપંચે વિચારવાની અને સંભાળવાની હોય છે. સરપંચે પંચાયતની રોકડ રકમો, પંચાયતનું રેકર્ડ અને પંચાયતના ખર્ચના વાઉચરો અને પહોંચ વગેરેના રેકર્ડ સાચવવાના હોય છે. આ બધા કાર્યો સરપંચે પંચાયત ધારા પ્રમાણે કરવાના હોય છે અને એટલે આ કાયદાની સમજ તેમને હોવી જોઈએ તે જરૂરી છે.

પંચાયત ધારા હેઠળ પંચાયતે સ્કૂલો અને આરોગ્ય કેન્દ્ર ચલાવવાના હોય છે, તેને માટે ગ્રાન્ટ મેળવવાની હોય છે, ખેતીની જમીનો પર રેવન્યુ વસૂલ કરવાનું હોય છે, પંચાયત ટેકસ નાંખે અને ઉઘરાવે, ઓકટ્રોય નાખે, મકાનોના બાંધકામના નિયમો બનાવી તેનું પાલન થાય તેની કાળજી રાખે અને ખાસ કરીને ગામમાં તળાવ, કૂવા અને પાણીના બીજા સ્ત્રોતનું જતન કરવું પડે છે. આમાં ઘણી વખત જાણકાર સભ્યોની અલગ કમિટી બનાવવી પડે છે અને રાજય સરકારના યોગ્ય અધિકારીઓની મદદ લેવી પડે છે. આવી મહત્વની ભૂમિકા સરપંચ બજાવે છે અને કાયદાએ આવી જગ્યા જયારે મહિલા માટે આરક્ષિત કરી હોય ત્યારે મહિલાએ આ જવાબદારી સમજણપૂર્વક અને પોતાની કોઠાસુઝથી કરવાની હોય છે જે સ્થાન પર પહોંચવા માટે કદાચ કાયદાઓ વીતી જાય તે સ્થાન કાયદાએ કરી આપ્યું છે અને આવો અવસર જો મહિલાને મળ્યો હોય તો તેણે તેનો લાભ લઈ અને એક અધિકાર સમજી પોતાનાથી બની શકે તેટલું સમાજ માટે પ્રદાન આપવું જોઈએ.

# યુદ્ધને કારણે કુપોષણનો શિકાર બનેલા બાળકોને બચાવવાના પ્રયાસો થશે

ખોરાક એ આપણા જીવનની મૂળભૂત જરૂરિયાત છે જેના વિના જીવનની કલ્પના કરવી એ પણ અશક્ય છે. આ સંદર્ભમાં જો આપણે વૈશ્વિક ખાદ્ય કટોકટી પર સંયુક્ત રાષ્ટ્ર દ્વારા બહાર પાડવામાં આવેલા તાજેતરના અહેવાલ પર નજર કરીએ તો ગયા વર્ષે વિશ્વના ૫૯ દેશોમાં ૨૮ કરોડથી વધુ લોકોને ભૂખમરોનો સામનો કરવો પડયો હતો. પેલેસ્ટાઈન, દક્ષિણ સુદાન, યમન, સીરિયા અને હૈતીમાં ભૂખમરાની સ્થિતિ ખૂબ જ ગંભીર માનવામાં આવે છે. રિપોર્ટ અનુસાર છેલ્લા ૭ મહિનાથી યુદ્ધનો સામનો કરી રહેલા ગાઝામાં લગભગ ૧૧ લાખ લોકો ભૂખમરાના પાંચમાં સ્તરે પહોંચી ગયા છે. મે મહિનામાં અહીં ભૂખમરો ફેલાઈ જવાની અને જુલાઈમાં દુષ્કાળ જેવી સ્થિતિ સર્જાવાની આશંકા વ્યક્ત કરવામાં આવી છે.

ભૂખમરાના બનાવોમાં વધારો કરવામાં કુદરતી આફતો, અનાજનો બગાડ, વગેરેની મુખ્ય ભૂમિકા હોવા છતાં આપણે યુદ્ધને કારણે થતી આડ અસરોને અવગણી શકીએ નહીં જે મુખ્યત્વે ગરીબી અને ભૂખમરાના વધારા માટે જવાબદાર છે. જેમ કે જાણીતું છે, ઈઝરાયેલ પર હમાસ દ્વારા આતંકવાદી હુમલાના જવાબમાં, ઈઝરાયેલે ૭ ઓકટોબરના રોજ ગાઝાપટ્ટી પર મોટા પ્રમાણમાં બોમ્બમારો કર્યો હતો.

આ ચાલુ લોહીયાળ સંઘર્ષમાં ૩૪ હજારથી વધુ લોકો માર્યા ગયા, ૭૭ હજારથી વધુ ઘાયલ થયા, લાખો લોકો વિસ્થાપિત થયા. મૃતકોમાં મોટાભાગના ૧૪,૫૦૦ બાળકોનો સમાવેશ થાય છે. અહેવાલો અનુસાર ઈઝરાયેલ હવે દક્ષિણના શહેર રફાહ પર હુમલો કરવાની તૈયારી કરી રહ્યું છે. જે હાલમાં ૧ મિલિયનથી વધુ પેલેસ્ટીનિયનોનું ઘર છે.

**હુમલામાં પોતાના માતા-પિતાને ગુમાવનાર પેલેસ્ટીનિયન બાળકો યુદ્ધની સૌથી મોટી કિંમત ચૂકવી રહ્યા છે. આખો દિવસ કતારોમાં ઊભા રહેવા છતાં તેઓને બે સમયનું ભોજન પણ મળતું નથી. ખોરાક અને જરૂરી તબીબી સુવિધાઓના અભાવે હજારો માસૂમ બાળકો કુપોષણનો શિકાર બન્યા છે**

જ્વલંત આગનો સામનો કરી રહેલા ગાઝાના ૨.૩ મિલિયન નાગરિકો દરરોજ ખોરાકની અનુપલબ્ધતાની સમસ્યા સાથે સંઘર્ષ કરી રહ્યા છે. ઓકસફામ નામની એક એનજીઓ અનુસાર હજારો લોકો સરેરાશ ૨૪૫ કેલરીની સરખામણીમાં ૧૬૦૦થી ૩૦૦૦ કેલરીની સરખામણીમાં જીવે છે જે વ્યક્તિને દરરોજની જરૂર હોય છે.

આ હુમલામાં પોતાના માતા-પિતાને ગુમાવનાર પેલેસ્ટીનિયન બાળકો યુદ્ધની સૌથી મોટી કિંમત ચૂકવી રહ્યા છે. આખો દિવસ કતારોમાં ઊભા રહેવા છતાં તેઓને બે સમયનું ભોજન પણ મળતું નથી. ખોરાક અને જરૂરી તબીબી સુવિધાઓના અભાવે હજારો માસૂમ બાળકો કુપોષણનો શિકાર બન્યા છે. યુદ્ધ દરમિયાન જન્મેલા બાળકોની સ્થિતિ વધુ દયનીય છે. મીડિયા અહેવાલો અનુસાર ૧૭ એપ્રિલ સુધીમાં ગાઝાની હોસ્પિટલોમાં કુપોષણને કારણે મૃત્યુ પામેલા ૧૨ વર્ષથી ઓછી ઉંમરના બાળકોની સંખ્યા ૨૮ હતી, જેમાં એક મહિનાથી ઓછી ઉંમરના ૧૨ બાળકોનો સમાવેશ થાય છે.

આંતરરાષ્ટ્રીય શાંતિ પ્રયાસો છતાં ઈઝરાયેલ-હમાસ યુદ્ધવિરામ કરાર સાકાર થવામાં નિષ્ફળ ગયો. જો કે, હમાસના રાજકારણી ખલીલ અલ-હયા દ્વારા તાજેતરના ઈન્ટરવ્યુ દરમિયાન આગળ મૂકવામાં આવેલ સંધિ પ્રસ્તાવને ધ્યાનમાં રાખીને સંભાવનાઓ વધુ ઉજ્જવળ દેખાય છે. અલ હયાના મતે જો ૧૯૬૭ પહેલાંની સરહદો હેઠળ સ્વતંત્ર પેલેસ્ટીનિયન રાજ્યની સ્થાપના કરવામાં આવે છે તો હમાસ માત્ર તેના હથિયારો જ નહીં મૂકશે પરંતુ તે પોતાને માત્ર એક રાજકીય પક્ષમાં ફેરવશે. તેમણે પાંચ વર્ષ કે તેથી વધુ સમય માટે યુદ્ધવિરામ માટે સંમત થવાની વાત પણ કરી હતી. નિવેદન પર ઈઝરાયેલ અથવા પેલેસ્ટીનિયન ઓથોરિટી તરફથી કોઈ પ્રતિક્રિયા ન આવે ત્યાં સુધી પરિસ્થિતિ શંકાસ્પદ રહે છે કારણ કે ઈઝરાયેલના વડાપ્રધાન બેનજામિન નેતાન્યાહૂએ અગાઉ આંતરરાષ્ટ્રીય સમુદાય દ્વારા સૂચવવામાં આવેલા બે રાજ્ય ઉકેલને નકારી કાઢયો છે.

માનવવાદી દૃષ્ટિકોણથી આંતકવાદને ડામવો બેશક જરૂરી છે પરંતુ બદલાની ભાવનાથી નિર્દોષ લોકોને યુદ્ધની આગમાં ફેંકી દેવા એ પણ સંપૂર્ણપણે અમાનવીય છે. છેલ્લા ૭ મહિના દરમિયાન થયેલા ભયાનક નરસંહારને કારણે વિશ્વના ઘણા ભાગોમાં ઈઝરાયેલ સામે ગુસ્સો વધવા લાગ્યો છે. ગયા મહિને ૨૫ માર્ચે સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદે ગાઝામાં તાત્કાલિક યુદ્ધવિરામની હાકલ કરતો ઠરાવ પસાર કર્યો હતો. અમેરિકાની ન્યુયોર્કથી લઈને કેલિફોર્નિયા સુધીની વિવિધ યુનિવર્સિટીઓમાં વિદ્યાર્થીઓના ગુસ્સાના અવાજો ગૂંજી રહ્યા છે.

યુદ્ધ એ વિનાશ સિવાય બીજું કંઈ નથી, પછી તે ગૃહયુદ્ધ હોય કે બે દેશો વચ્ચેનો હિંસક સંઘર્ષ સુદાન હોય કે સોમાલિયા, સતત ગૃહયુદ્ધથી પીડિત આફ્રિકન દેશોના લોકો વર્ષોથી ભૂખમરો અને ગરીબીની છાયામાં જીવવા મજબૂર છે. રશિયા-યુક્રેન યુદ્ધ હોય કે હમાસ-ઈઝરાયેલ યુદ્ધ હોય, પૃથ્વીને ઉજ્જડ બનાવવાના ખાતરનું પરિણામ સમગ્ર વિશ્વને ભોગવવું પડે છે.

ગયા વર્ષે ૩૨ દેશોમાં ભૂખમરાનો સામનો કરી રહેલા પાંચ વર્ષથી ઓછી ઉંમરના ૩.૬૦ કરોડ બાળકોમાં કુપોષણનું સ્તર અને ખોરાકના અભાવે વિવિધ રોગોથી પીડાતા ૨.૫ કરોડ બાળકોમાં કુપોષણનું ગંભીર સ્તર માનવ નિષ્ફળતાનેં સૂચક છે. વિકાસ પકડે તે પહેલાં પૃથ્વીને અન્ય કારણોની સાથે યુદ્ધની ભયાનકતામાંથી મુક્ત કરવી પડશે. આપણે સાચા અર્થમાં ત્યારે જ સંસ્કારી બની શકીશું જ્યારે આપણે જીવનમાં શાંતિ, સદભાવના અને અહીંસાના મહત્ત્વને સમજીશુ અને યુદ્ધની પરિસ્થિતિનો નિર્ભયતાથી વિરોધ કરી શકીશું. ભૂખમરો અને નરસંહારથી પોકારતી માનવતાની કરૂણતા જો ભરતીની જેમ આપણી આંખ સામે ન આવે તો આપણને કોઈ પણ સ્તરે માનવ કહેવાનો અધિકાર નથી.

# આગથી જંગલોને બચાવવા કડક પગલાંની જરૂરિયાત

હાલમાં વિશ્વ આખામાં ગ્લોબલ વોર્મિંગ અને કલાઈમેટ ચેન્જની અસર વર્તાય છે અને તેમાં પણ ભીષણ ગરમી અને હીટવેવને કારણે ક્યાંકને ક્યાંક દાવાનળની ઘટના રહી રહી છે. વિદેશના જંગલથી લઈને ભારતમાં ઉત્તરાખંડના જંગલોમાં આગ લાગવાની ઘટના પ્રથમ નજરે કુદરતી જણાતી હતી પણ તેમાં એક એવું ચોંકાવનારું કારણ કે તથ્ય બહાર આવ્યું કે ઉત્તરાખંડના જંગલમાં લાગેલી આગ માનવસર્જિત છે અને સોશિયલ મીડિયામાં રીલ બનાવવા માટે કોઈએ કુદરતી રીતે લાગેલી આગને વધારે લગાવી અને તેમાં આગ બેકાબૂ બની ગઈ વધુ વિસ્તારોમાં ફેલાઈ ગઈ.

જંગલની આગને ઓલવવા માટે હેલિકોપ્ટર દ્વારા પાણીનો જથ્થો લાવીને આગને ઓલવવાનો પ્રયાસ થયો છે. આ માનવ સર્જિત આગ લગાવનારની સામે કડક કાર્યવાહી જરૂરી છે. સોશિયલ મીડિયામાં મસ્તી ખાતર રીલ બનાવવા જંગલમાં આગ લગાવવી તેને જઘન્ય પરાધની વ્યાખ્યામાં આવરી લેવાનો સમય પાકી ગયો લાગે છે.

હિમાચલયનો પ્રદેશ સમગ્ર દેશના હવામાનનું નિયમનકાર છે. ઉત્તરાખંડમાંથી નીકળતી ગંગા અને જમુના જેજી ઘણી બારમાસી નદીઓ દેશના જીવન પ્રવાહન સિંચાઈ કરે છે. હીમ નદીઓ સાથેના વિસ્તારમાં જળાશયો છે અને સમૃદ્ધ જૈવવિવિધતા પણ છે.

આવી સ્થિતિમાં ગંગા-જમુનાના મૂળ જંગલોમાંથી સતત આગ લાગવાના સમાચાર હેરાન કરે છે. મે મહિનાના પ્રથમ સપ્તાહમાં જ આગના નવસો પચાસ જેટલા બનાવો નોંધાયા છે જેમાં આગના કારણે અંદાજે બાર હજાર હેકટર જંગલ વિસ્તારને નુકસાન થયું હતું. પાંચ લોકોના મોતના સમાચાર પણ છે. દર વર્ષે ઉત્તરાખંડના જંગલોમાં આગ લાગવાના અહેવાલો આવે છે. આ પ્રક્રિયા માર્ચના અંતથી શરૂ થાય છે અને મે સુધી ચાલે છે પરંતુ આ વખત સંકટ વધુ ગંભીર જણાય છે.

ઘણા જિલ્લાઓમાં વિઝિબિલિટી ઘટી છે. રાજ્ય સરકારના મર્યાદિત સંસાધનો અને ભૌગોકિ વટિલતાને કારણે જંગલો સળગતા રહે છે. તેના નિયંત્રણ માટે એરફોર્સની મદદ લેવામાં આવી રહી છે. તે એક વાસ્તવિકતા છે કે જંગલો બાળવામાં ક્યાંકને ક્યાંક માનવીય હસ્તક્ષેપ ચોક્કસપણે થાય છે. એ વાત સાચી છે કે જંગલોમાં પડતાં પાંદડા અને ઘાસનો સમયસર નિકાલ થતો નથી જેના કારણે બળતરા થાય છે પરંતુ આગ માનવીની બેદરકારી કે કાવતરાને કારણે જ લાગે છે. આ વાતની પુષ્ટિ એ હકીકતથી થાય છે કે નવેમ્બર ૨૦૨૩થી અત્યાર સુધીમાં લગભગ ૪૫૦ ફોરેસ્ટ ક્રાઈમના કેસ નોંધાયા છે. આમાં ૬૦ લોકો સામે નામના રિપોર્ટ દાખલ કરવામાં આવ્યા છે. ઉત્તરાખંડનું વનવિભાગ પણ સ્વીકારે છે કે ૯૫ ટકા આગના કિસ્સાઓ માટે માનવ હસ્તક્ષેપ જવાબદાર છે જેમાં બેદરકારી તેમજ ઈરાદાપૂર્વકની આગનો સમાવેશ થાય છે. આ વખતે જ્યારે આગ લગાડવાના આરોપીઓ સામે કાર્યાવહી કરવામાં આવી છે તો તે જ સમયે બેદરકારી દાખવનાર વિભાગના અધિકારીઓની જવાબદારી નકક્કી કરીને તેમની સામે કાર્યવાહી કરવામાં આવી રહી છે. વાસ્તવમાં આગની ઘટનાઓ બાદ ફોરેસ્ટ એક્ટ અને વન્ય જીવ સંરક્ષણ કાયદા હેઠળ કાર્યવાહી કરવામાં આવી રહી છે. આ સિવાય પબ્લિક અને પ્રાઈવેટ પ્રોપર્ટી ડેમેજ કમ્પેન્સેશન એકટ હેઠળ પણ કાર્યવાહી કરવામાં આવશે. આ સંકટને ધ્યાનમાં રાખીને વાયુસેનાના હેલિકોપ્ટરની મદદ લેવામાં આવી રહી છે તે જ સમયે મદદથી કૃત્રિમ વરસાદના વિકલ્પ પર પણ વિચાર કરવામાં આવી રહ્યો છે.

**ઉત્તરાખંડના જંગલમાં લાગેલી આગ માનવ સર્જીત છે અને સોશિયલ મીડિયામાં રીલ બનાવવા માટે કોઈએ કુદરતી રીતે લાગેલી આગને વધારે લગાવી અને તેમાં આગ બેકાબૂ બની ગઈ**

ચોક્કસપણે દર વર્ષે સળગતા સેંકડો હેકટર જંગલોને બચાવવા માટે કાયમી પગલાં લેવાની જરૂરિયાત અનુભવાઈ રહી છે. વર્ષ ૨૦૨૧માં લાગેલી આગમાંથી આપણે બોધપાઠ લેવો જોઈએ જ્યારે ૨૮૧૩ આગની ઘટનાઓમાં લગભગ ચાર હજાર હેકટર જંગલ વિસ્તારને નુકસાન થયું હતું. આગમાં આઠ લોકોના મોત થયા હતા.

રસપ્રદ તથ્ય એ છે કે કોવિડ-૧૯ સમયગાળા દરમિયાન ઓછી માનવીય હિલચાને કારણે આગની ઘટનાઓ સૌથી ઓછી હતી. વાસ્તવમાં પર્યાવરણ અને વન સંરક્ષણનો સરકારોની પ્રાથમિકતામાં સમાવેશ કરવામાં આવ્યો નથી. વન સંરક્ષણ માટેનું બજેટ ઘણું ઓછું છે અને આગ ઓલવવા માટે પૂરતા સંસાધનોનો અભાવ છે. તાજેતરમાં આગની ઘટનાઓ દરમિયાન ચૂંટણી માટે વનકર્મીઓની ફરજ પર પણ સવાલો ઊભા થયા હતા. આ સિવાય એક વાત ચોક્કસ છે કે ગ્લોબલ વોર્મિંગના કારણે વાતાવરણમાં તાપમાન વધવાને કારણે આગ લાગવાની ઘટનાઓ વધી છે.

આપણે વધતા તાપમાન સાથે પ્રકૃત્તિ સંરક્ષણના પગલાંને પ્રોત્સાહન આપવું પડશે. રાજ્ય સરકારે એક સદી કરતાં વધુ સમયથી ચાલતી વન પંચાયત વ્યવસ્થાને વધુ મજબૂત કરવી પડશે જે હંમેશા વન સંરક્ષણમાં મદદરૂપ બની રહી છે. આપણે એ પાઈન વૃક્ષો વિશે પણ વિચારવું જોઈએ જે અંગ્રેજો બહારથી લાવ્યા હતા અને તેમના સૂકા પાંદડા આગ ફેલાવવામાં મોટી ભૂમિકા ભજવે છે.






# કૃષિ જીવન

## કપાસનું વાવેતર ઘટ્યું, પણ ઉત્પાદન વધ્યું : નિકાસ પણ વધી

દેશમાં રૂ બજાર તથા ઉદ્યોગ ક્ષેત્રે પ્રવાહો પલ્ટાતા જોવા મળ્યા છે. રૂમાં ઉત્પાદનના અંદાજાઓ પણ વહેતા થયા છે. દેશમાંથી કોટન નિકાસને પણ વેગ મળ્યો છે. ભારતમાં રૂની મોસમ ઓકટોબરથી શરૂ થાય છે અને વર્તમાન ૨૦૨૩-૨૪ની રૂ મોસમમાં ઓકટોબરથી માર્ચ દરમિયાનના ૭ મહિનાના ગાળામાં દેશમાંથી કોટનની નિકાસમાં નોધપાત્ર ૧૩૫થી ૧૪૦ ટકાની વૃદ્ધિ જોવા મળી છે. આની અસર બજાર ભાવ પર પણ દેખાઈ છે. આ ૬ મહિનામાં દેશમાંથી રૂની નિકાસ વધી આશરે ૧૮ લાખ ગાંસડી થઈ હોવાનું બજારના જાણકારો જણાવી રહ્યા હતા. ભારતના રૂમાં વિશેષરૂપે બાંગ્લાદેશ તથા વિયેતનામની માંગ વધ્યાના વાવડ મળ્યા હતા. વિશ્વા બજારમાં ભારતના રૂની ભાવ પેરીટી સાનુકૂળ બનતાં દેશમાંથી દરિયાપાર કોટન વધુ જવા માંડયું છે. એવું બજારના સૂત્રો જણાવી રહ્યા હતા. દેશમાં ૨૦૨૨-૨૩ની પાછલી રૂ મોસમમાં ઓકટોબરથી માર્ચના ૬ મહિનાના ગાળામાં કોટનની નિકાસ આશરે ૮ લાખ ગાંસડીથી સહેજ ઓછી થઈ હતી. આ વર્ષે રૂની નિકાસ બમણાથી વધુ વધી છે. રૂ બજારના જાણકારોન જણાવ્યા મુજબ તાજેતરમાં એવી પરિસ્થિતિ પણ જોવા મળી હતી જ્યારે રૂના વૈશ્વિક ભાવ સરેરાશ ભાવની સરખામણીએ ભારતમાં રૂના ભાવ ખાંડીદીઠ રૂા.૩થી ૪ હજાર ઓછા ચાલી રહ્યા હતા. આના પગલે દરિયાપારના આયાતકારોમાં ભારતના રૂ પ્રત્યે આકર્ષણ વધ્યું હતું. દેશમાં રૂની આંતરિક માગ આ છ મહિનામાં આશરે ૧૬૪થી ૧૬૫ લાખ ગાંસડી નોંધાઈ છે જ્યારે આખા વર્ષની આવી માંગ ૩૧૬થી ૩૧૭ લાખ ગાંસડી રહેવાનો અંદાજ જાણકારો બતાવી રહ્યા હતા.

દેશમાં વર્તમાન રૂ મોસમમાં માર્ચ અંત સુધીના ૬ મહિનાના ગાળામાં દેશમાં રૂની સપ્લાય આશરે ૨૯૭થી ૨૯૮ લાખ ગાંસડી થઈ છે તથા માર્ચ અંતે સ્ટોક આશરે ૧૧૪થી ૧૧૫ લાખ ગાંસડીનો અંદાજાયો છે. આ સ્ટોક પૈકી મિલો પાસે સ્ટોક ૪૬થી ૪૭ લાખ ગાંસડી જ્યારે કોટન કોર્પોરેશન ઓફ ઈન્ડિયા



તથા મહારાષ્ટ્ર ફેડરેશન પાસે આવો સ્ટોક આશરે ૬૭થી ૬૮ લાખ ગાંસડીનો અંદાજ્યો હતો.

પંજાબમાં આ વર્ષે કપાસના વાવેતર હેઠળનો વિસ્તાર આશરે ૮૦ હજાર હેકટર્સ જેટલો ઘટયો છે પરંતુ ત્યાં હેકટરદીઠ કપાસની પેદાશ-યીલ્ડ વધી હોવાના વાવડ મળ્યા હતા. પંજાબમાં માર્ચ અંત સુધીમાં કોટન ઉત્પાદન આશરે ૫૯થી ૬૦ હજાર ટન થયું છે જે પાછલી મોસમમાં આ ગાળામાં આશરે ૪૬થી ૪૭ લાખ ટન થયું હતું. પંજાબમાં આ વર્ષે કપાસની હેકટરદીઠ પેદાશ વધી ૪૯૧થી ૪૯૨ કિલો નોંધાઈ છે જે આંકડો પાછલી મોસમમાં ૩૧૪થી ૩૧૫ કિલોનો નોંધાયો હતો. હરિયાણામાં આ વર્ષે આવી હેકટરદીઠ પેદાશ ૩૬૦થી ૩૬૧ કિલો જ્યારે રાજસ્થાનમાં ૫૮૯થી ૫૯૦ કિલો નોંધાઈ છે. રાજસ્થાનમાં વાવેતર વિસ્તારમાં ઘટાડો જ્યારે હરિયાણામાં વાવેતરના વિસ્તારમાં વૃદ્ધિ જોવા મળી છે. વિશ્વ બજારમાં તાજેતરમાં કોટન વાયદાના ભાવ રતલદીઠ ૧૦૨ સેન્ટથી ઘટી ૮૦ સેન્ટ આસપાસ બોલાતા થતાં ભારતમાં પણ તાજેતરમાં રૂના બજાર ભાવ વધ્યા મથાળેથી પીછેહટ બતાવતા જોવા મળ્યા હતા. માર્ચ સુધી નિકાસ સારી રહ્યા પછી એપ્રિલના આંકડાઓ પર હવે બજારની નજર રહી છે. ભારતમાં આ વર્ષે રૂનો કુલ પાક આશરે ૩૦૯થી ૩૧૦ લાખ ગાંસડીનો અંદાજાઈ રહ્યો છે. આ વર્ષે માર્ચ સુધીમાં દેશમાં કોટનની આયાત આશરે પાંચ લાખ ગાંસડી નોંધાઈ છે. દેશમાં ૨૦૨૩-૨૪ની વર્તમાન રૂ મોસમ ઓકટોબરમાં શરૂ થઈ એ વખતે રૂનો પાછલી મોસમનો સિલ્લક સ્ટોક આશરે ૨૮થી ૨૯ લાખ ગાંસડીનો નોંધાયો હતો. તથાન માર્ચ અંતે સ્ટોક ૧૧૪ લાખ ગાંસડીનો નોંધાય છે. ૨૦૨૩-૨૪ના રૂ મોસમના આખા વર્ષમાં દેશમાં રૂનો કુલ ઉપલબ્ધ પુરવઠો આશરે ૩૫૯થી ૩૬૦ લાખ ગાંસડીનો અંદાજાયો છે. દરમિયાન રૂના આવતા પાક માટે હવે પછી થનારા વાવેતર માટે પ્રિમિયમ કોટન હાઈબ્રીડ સીડસની શોર્ટ સપ્લાય તાજેતરમાં વર્તાતી જોવા મળી હતી. નોર્થ ઝોનમાં નવું વાવેતર ૨૦થી ૩૦ ટકા ઓછું થવાની ભીતિ જાણકારો બતાવી રહ્યા છે. કપાસના વાવેતર માટે સારી ગુણવત્તાના કપાસિયાના બિયારણની અછત વર્તાતી જોવા મળી છે. ઘઉંની મોસમ પૂરી થશે એટલે નવા કપાસ માટે વાવેતર શરૂ થશે. કપાસના વાવેતર માટેના બિયારણ અછત સાઉથ તથા સેન્ટ્રલ ઈન્ડિયામાં વધુ જોવા મળશે જ્યારે નોર્થ ઈન્ડિયામાં કપાસીયાના બિયારણનો પુરવઠો જળવાઈ રહેવાની આશા જાણકારો બતાવી રહ્યા હતા.

**ઘઉંની મોસમ પૂરી થશે એટલે નવા કપાસ માટે વાવેતર શરૂ થશે : ૬ મહિનાના ગાળામાં દેશમાંથી કોટનની નિકાસના નોંધપાત્ર ૧૩૫થી ૧૪૦ ટકાની વૃદ્ધિ જોવા મળી છે**

## સરસવનાં સતત ઘસાતા ભાવથી ખેડૂતો પરેશાન : આવક ઘટી

**સરકારનો અંદાજ સાચો હોય અને આ વખતે દેશમાં ૧૨૦ લાખ ટન સરસવનું ઉત્પાદન થાય તો આખી સિઝનમાં સરસવની આવકો ચાલુ રહે. બજાર ઉપર માલનો બોજ હોય ત્યાં સુધી ભાવ વધવાની આશા રાખી શકાય નહીં**

ભારતમાં સરસવના ખેડૂતોના હાલ આ સિઝનમાં પડતાને પાટુ મારવા જેવા થયા છે. સતત બે વર્ષની આગઝરતી તેજી અને ધરાઈને કમાણી જોયા બાદ ખેડૂતો સરસવના વાવેતર તરફ લલચાયા હતા. પરંતુ અગાઉ ઘણીવાર આપણે વાત કરી ચૂકયા છીએ કે કોમોડિટીના કારોબારમાં તેજી પછી મંદી અને મંદી પછી તેજીની સાયકલ આવતી જ હોય છે. હાલમાં ખેડૂતો અને વેપારીઓએ સમજી લેવાનું છે કે બે વર્ષથી ચક્ર મંદી તરફ ચાલી રહ્યું છે. નહીતર સરકારી ખરીદી ચાલુ હોવા છતાં સરસવના ભાવ સરકારે નકકી કરેલા ટેકાના ભાવથી નીચે શા માટે જાય ? એક મહિનાથી બજાર ડહોળાયેલી છે. એપ્રિલ-૨૪ નાં પ્રથમ સપ્તાહમાં મંડીઓમાં ઘણી જગ્યાએ સરસવ કિવન્ટલ દિઠ ૫૪૦૦ રૂપિયા થયા હતા. જે આજે વધુ ઘટીને કિવન્ટલ દીઠ ૫૩૦૦ રૂપિયાથી ૫૩૫૦ રૂપિયા ચાલી રહ્યા છે જયારે સરકારે નકકી કરેલા ટેકાના ભાવ કિવન્ટલ દીઠ ૫૬૫૦ રૂપિયા છે.

હવે જો સરકારનો અંદાજ સાચો હોય અને આ વખતે દેશમાં ૧૨૦ લાખ ટન સરસવનું ઉત્પાદન થાય તો આખી સિઝનમાં સરસવની આવકો ચાલુ રહે. બજાર ઉપર માલનો બોજ હોય ત્યાં સુધી ભાવ વધવાની આશા રાખી શકાય નહી. સરકાર દેશભરમાં ૨૫ થી ૨૮ લાખ ટન સરસવની ખરીદીનું લક્ષ્યાંક રાખે છે પરંતુ વાસ્તવમાં કેટલી ખરીદી થશે તે સવાલ છે. હાલમાં રાજસ્થાન, ઉત્તર પ્રદેશ, મધ્યપ્રદેશ, હરિયાણા અને ગુજરાત જેવારાજયોમાં ટેકાના ભાવે સરસવની ખરીદી કરવામાં આવે છે. સતત ઘટતા ભાવની અસર હવે ખેડૂતોની માનસિકતા ઉપર પડી રહી છે. આંકડા બોલે છે કે માર્ચ- ૨૪માં મંડીઓમાં ૧૫.૫૦ લાખ ગુણી સરસવની આવકો થઈ હતી જે એપ્રિલ-૨૪ માં સામાન્ય રીતે વધવી જોઈએ તેની સામે ચાર લાખ ગુણી ઘટીને ૧૧.૫૦ લાખ ગુણીએ આવી ગઈ છે. વેપારીઓ કહે છે કે ખેડૂતોએ જયારે ૮૦૦૦ રૂપિયાથી ઉપરના ભાવ જોયા છે એટલે હવે તેમને ૫૦૦૦ રૂપિયાની સપાટીએ માલ વેચવા નથી તેથી તેમના ગોદામોમાં માલ ભુરપુર હોવા છતાં તેમને સરસવ વેચવી નથી. વ્યવસાયિક વર્તુળોના અંદાજ પ્રમાણે અત્યાર સુધીમાં ૩૩ લાખ ટન સરસવની આવકો થઈ છે તેમાંથી ૨૬ લાખ ટનનું તો તેલ પણ નીકળી ગયું છે. એટલે વેપારી અને ક્રશરો વચ્ચેની પાઈપલાઈનમાં એટલો ભરાવો નથી. હાલમાં સૌથી વધારે એટલે કે આશરે ૬૨ લાખ ટન સરસવ ખેડૂતો પાસે છે. આ ઉપરાંત સરકારી એજન્સીઓ પાસે જુનો અને નવો મળીને આશરે ૨૧.૫૦ લાખ ટન માલ છે. આ વર્ષે થયેલી આવકો ગત વર્ષે એપ્રિલ-૨૩ સુધીમાં થયેલી આવકો કરતા પોણા ત્રણ લાખ ટન જેટલી ઓછી હોવાનું ચર્ચાય છે. જેના માટેનું મુખ્ય કારણ સરસવના નીચા ભાવને માનવામાં આવે છે.

એકંદરે ભારતના ખાદ્યતેલોના ઉત્પાદન અને વપરાશ વચ્ચે મોટો તફાવત છે. દેશમાં તેલોની કુલ ખપતનો ૬૦ ટકા જેટલો હિસ્સો તો વિદેશમાંથી આયાત કરવો પડે છે. આમ છતાં સ્થાનિક ખેડૂતોને પડતર ન થાય એટલા ઓછા ભાવ કેમ મળે છે ? ભારત સરકારે ખાદ્યતેલોમાં દેશને આત્મનિર્ભર બનાવવા માટેનું અભિયાન શરૂ કરીને તેલીબિયાનું ઉત્પાદન વધારવા પ્રયાસ શરૂ કર્યો છે. પરંતુ એપ્રિલ- ૨૪ મહિનાના જ આંકડા સંકેત આપે છે કે આગલા મહીના કરતા આયાતમાં ૧૩ ટકા જેટલો વધારો થયો છે. મતલબ કે વૈશ્વિક મંચ ઉપર વેચાતુ તેલ સસ્તું છે.

આગળ જતાં આ સ્થિતીનાં વિપરીત પરિણામો આવી શકે છે. દેશમાં ૨૫ વર્ષ પહેલા સનફલાવરનું વાવેતર ૨૭.૩૬ લાખ હેકટરમાં થતું હતું જે હાલમાં ઘટીને માંડ એક લાખ હેકટર હોવાના અહેવાલ છે. બે વર્ષ પહેલા ખેડુતોએ સારા ભાવ જોઈને સરવનું વાવેતર તો વધાર્યું પણ જો હવે તેમને તેમના ભાવ ન મળે તો આવતી સિઝનથી વાવેતરની પેટર્ન બદલાઈ શકે છે. સરકારે ખેડૂતો વાવેતર વધારે તેવી કોઈ યોજના બનાવવી પડશે.

## ઓછાં વળતરવાળા કપાસ-મગફળી કરતા અંજીરની ખેતી વધુ લાભદાયી

૨૦૧૯માં હું ચીન ગયો હતો ત્યાં અંજીરની ખેતી જોઈ. એ વખતે ખબર પણ ન હતી કે કોરોના મહામારી ફેલાશે અને ભારતમાં પણ લોકડાઉન આવશે. લોકડાઉનની સ્થિતિ ૨૦૨૦માં સર્જાઈ અને ચીનમાં જોયેલી અંજીરની ખેતી કપરી સ્થિતિમાં યાદ આવી. અંજીરના રોપા મેળવીને ટિશ્યૂકલ્ચરથી શરૂ કરેલી ખેતી અત્યાર વિસ્તરી છે અને લાખોની આવક પણ આવતી થિ ગઈ છે.

આ સ્દો છે અમરેલી જિલ્લાના મોટાં આકડિયા ગામના ખેડૂત દિનેશભાઈ સવસૈયાના. તેમણે ૪ એકર જગ્યામાં ૩૪૦૦ જેટલા અંજીરના રોપા ઉછેર્યા છે. અંજીરમાં મધ જેવો ટેસ્ટ આવે તેવી જીએચજી ૧૨૦ વેરાઈટી ઉગાડી છે. અંજીર પાકે ત્યારે ફ્રેશ ફ્રૂટ તરીકે તો તેઓ વેંચે છે પણ એમાંથી અંજીર જામ, ચટણી, સરબત, અંજીર ક્રશ, અંજીર પાઉડર અને ડ્રાયફ્રૂટ અંજીર પણ સનડ્રાય અને મશીન ડ્રાય કરીને મૂલ્યવર્ધન કરી રહ્યા છે. વર્ષે દહાડે તેમને અંજીરના પાકથી રૂ.૮-૧૦ લાખની આવક પણ મેળવી શકાઈ છે.

દિનેશભાઈ કહે છે કે, પરંપરાગત ખેતી




તો કરતા જ હતા પણ નવા વિચાર સાથે અંજીર ઉગાડ્યા અને ફાયદામાં રહ્યા છીએ. સૌરાષ્ટ્ર વિસ્તારની જમીન અંજીરના પાક માટે અનુકૂળ છે. ત્રણેય ઋતુમાં અંજીરનો વત્તોઓછો પાક ઉતરે છે પણ શિયાળામાં સૌથી વધારે ફળ મેળવી શકાય છે મગફળી અને કપાસ જેવા પાકમાં વળતર બહુ પાતળા છે એવા સમયે અંજીરની ખેતી કરવા જેવી છે.

અમરેલીમાં તેઓ ફાર્મ ધરાવે છે અને સુરતમાં તેઓ રહે છે તેમણે કહ્યું કે, અંજીર અમે ડ્રીપ ઈરિગેશનથી લઈએ છીએ સીઝન હોય ત્યારે બે ત્રણ મહિના આકડિયા આવીને રહીએ અને પછી સુરત જતા રહીએ છીએ. આખું વરસ ટપકાસિંચાઈથી પાકને પાણી આપી શકાય છે.

તેમણે કહ્યું કે, તાજા ફળ બજારમાં ફટાફટ વેંચાઈ જાય છે પણ ન વેચાય ત્યારે મુશ્કેલી ન પડે એ હેતુથી અમે મૂલ્યવર્ધન કર્યું છે. અંજીરના સારી જાતના રોપા વેંચવાનુ અમે શરૂ કર્યું છે. અંજીર મોટેભાગે અફઘાનથી ભારતમાં આયાત કરવામાં આવે છે. એનો ભાવ ઉંચો છે આયાત જકાત પણ લાગે. એના કરતા આપણે ત્યાં તૈયાર થયેલા અંજીર સરળતાથી રૂ.૨૦૦૦થી ૩૦૦૦ વચ્ચે ગુણવત્તા પ્રમાણે એક કિલો લેખે વેંચી શકાય છે અમે સોશિયલ મીડિયા મારફત પણ વેચાણ કરી રહ્યા છીએ.

રાજકોટ જિલ્લામાં વસતા એક ખેડૂત કે જે અમેરિકા સ્થાયી થયા છે તેમની સાથે મળીને ૫૦ એકર જમીન ભાડેપટ્ટે લઈને અંજીર ઉગાડવાનું આયોજન અમે કર્યું છે. અંજીર અને તેની પ્રોડક્ટ્સ બનાવીને અમેરિકામાં નિકાસ કરવા માટે પણ અમારી તૈયારી છે તેમ તેમણે ઉમેર્યું હતું.

**અમરેલી જિલ્લાના મોટાં આકડિયાના ખેડૂતે લોકડાઉન દરમિયાન અંજીરની ખેતી કરીને કમાણી ઉલેચી**

## ખેતીમાં કમાય છે તે નવી ટેક્નોલોજી અપનાવે છે !

ખેતીમાં જે ખૂબ સફળ છે, જે ખેતીમાંથી રૂપિયા કાય છે અને નવી નવી ટેકનોલોજી અપનાવે છે અને ખેતીના સાચા મેનેજર બનીને ભાગીયા, મજૂર અને સાધનોને સાચવીને ખેતી કરે છે તેને મળીયે ત્યારે આપણે તો સાવ ખેતીનો ખ નથી આવડતો એવો અનુભવ થાય તો જાગી જજો. ખેતી વિષે વાંચો, ખેતી વિષે જાણો, ખેતીના છાપા અને મેગેઝીન મગાવો, જ્ઞાન મેળવવા માટે નાણાની જોગવાઈ કરો. બીજા સાથે ખેતીને લાગતું આદાન-પ્રદાન કરો. સ્માર્ટફોન ન હોય તો લઈ લો કારણ કે આજના યુગમાં ખેતીની જાણકારી સ્માર્ટ ફોન દ્વારા મેળવવી ખૂબ સરળ છે. ફોટો પાડી શકે તેવી મોબાઈલ વાપરતા આવડે નહી તેવું નહી ચાલે. આ ડિજિટલ ટેકનોલોજી વાપરવા માટે અક્ષર જ્ઞાનની જરૂર નથી .કારણ કે આ ટેકનોલોજી ચિત્રોને ઓળખે છે. અત્યારે ઈમેજનો જમાનો છે. તમારા ખેતરમાં ઈયળ છે. તમારા ખેતરમાં ચૂસીયા છે, તમારા છોડના પાંદડા ઉપર રોગ છે. બસ, તમે તેનો ફોટો પાડો અને મોકલી દ્યો વોટસઅપ ગ્રુપમાં બધા જોશે જેની પાસે તેનો ઉકેલ હશે તે તમને કહેશે ભાઈ ડરવાની જરૂર નથી. આ દવા છાંટી દે અને હવે તો એ.આઈ આવી જવાનું છે એટલે તો બધું આપણી મુઠ્ઠીમાં, તેની વાતો માટે જોડાયેલા રહેજો.

ઉનાળાની બપોરનો તડકો કહે છે મારું કામ સાથે સાથે ગરમાળાના પીળાં ફૂલ કહી રહ્યા છે કે ફૂલો ફુલબહાર છે તો વરસાદ પણ ધોધમાર છે..




ઉનાળાના દિવસોમાં ખેતરને તૈયાર કરવું ચાસ નાખવા, ખાતર ભરવાની પ્રક્રિયા તનતોડ મહેનતનું કામ છે. સાંજની ઠંડક અને વાળુ કાર્ય પછી મોબાઈલમાં હાસ્યના વીડિયો જોવાની તમે બધા મજા લેતા હશો. આપણે ખેતીનો અભ્યાસ પણ આ મહિનામાં કરવો જોઈએ. ખેતીની વૈજ્ઞાનિક માહિતીનું ૧ કલાકનું વાંચન કે ચર્ચા કે વોટસઅપ દ્વારા માહિતી મેળવવાનું પણ ભૂલતા નહી. આવતા વર્ષની ખેતી માટે આપણે ગઈ સીઝનમાં જોયેલું જાણેલું અપનાવવું છે. ઘણા તો ગયા વર્ષે પોતાને અને પોતાના ખેતરમાં કપાસનો પાક સારો લીધો હોય કે પછી ગયા વર્ષે મરચી સારી કરી હોય એટલે કે સફળતા મેળવીને સમૃદ્ધ થયો હોય પણ પાનના ગલ્લે અથવા કાકાના વેવાઈનો જમાઈ કહે છે, કપાસનું બીજ ફલાણું પડીકા બીટી સારું અને મરચી તો ઢીંકણુ જ વવાય અને આપણે ઈડરથી કપાસ આવે છે તમારે જોતો હોય તો કેજો ! બસ પત્યું, જૂનું પોતાના જાત અનુભવે શીખેલું, અપનાવેલું અને સમૃદ્ધિ મેળવેલું હોવા છતાં આ લીલું ભીનું પોતુ ને ભુસ્યું મગજમાં અને સગાના સગાને કહેશે તો મોકલજોને ૧૦ પડીકા ! બોલો આને શું કહેવું ખુલ્લી આંખે કુવામાં પડવાવાળો કે બીજું કંઈ ?

કપાસ અને મરચીની ખેતી કરવાના હો તો આ વર્ષે આપણે પ્રો- કોટન-મરચી ચેલેન્જ લઈ ગયા વર્ષ કરતા વીઘે ૧૦ મણ કપાસ અને ૧૦ મણ મરચી કે ૧૦ મણ સોયાબીન વધુ કરવું છે અને ખેતીને સમૃદ્ધ કરવી છે. બજારભાવની ઐસીતૈસી કરવા માટે હવે ઓછા ખર્ચે ઉત્પાદકતા વધાર્યા વગર ચાલશે નહી. આ વખતે આપણે એકડે એકથી ખેતીનો હિસાબ રાખવો છે એક ડાયરીમાં આવક જાવકની નોંધ કરવી છે જેથી છેવટે તાળો મળે કે ખેતીમાં આપણા અનુમાનો કેવાં રહ્યાં. આજેજ તમે જયાંથી જંતુનાશક કે બીજ ખરીદો છો. તે ડીલરને કહો કે કોઈ એક કંપનીની ડાયરી તમને ફ્રી આપે અથવા બજારમાંથી એક નોટ કે ડાયરી કે રોજમેળ ખરીદી લો. અત્યારથી જ જમીનની તૈયારીમાં થયેલ મજૂરી અને થયેલ ખર્ચ તમારી ડાયરી કે નોટબુકમાં ટપકાવતા જાવ. મંડળીમાંથી લીધેલ ધિરાણની પણ નોંધ કરો. તમારા વિસ્તારમાં નવી સીઝન પહેલા કોઈ સેમિનાર કે કોઈ મિટિંગ થતી હોય તો ખાસ તેમાં પૈસા ભરીને જવાનું હોય તો પણ જાવ કારણ કે આવી સારી મિટિંગમાં જો તમને એક આઈડિયા મળી જાય તો આવતા વર્ષની આપણી ખેતી બદલાય જાય છે.

## નિયમિતપણે ભીંડા આરોગવાના લાભ

ઓક્રા એટલે કે લેડીફિંગર તરીકે ઓળખાતા ભીંડા આપણે ધારીએ છીએ એટલું સાવ સામાન્ય શાક તો નથી જ, પણ તેમાં શરીરના પાચન તંત્રને તંદુરસ્ત અને સશક્ત બનાવતા વિટામીન સી, વિટામીન કે અને ફાઈબર ઉપરાંત ફોલેટ (ફોલેટ જેવા પોષાક તત્ત્વોથી ભરપૂર) જેવા પોષાક તત્ત્વો, વિટામીન તથા એન્ટીઓક્સિડન્ટ્સ છે. ભીંડાને બાફીને, તળીને અથવા કાચા-એમને એમ ચાવીને આરોગી શકાય છે. આ ઉપરાંત તબીબી સલાહ મુજબ સગર્ભા મહિલાને પણ આપી શકાય છે. તેને ઓછા કેલેરીના વિકલ્પ પણ માનવામાં આવે છે. આટલું ઓછું હોય એમ વિશ્વભરમાં ભારત જે મહારોગોની રાજધાની ગણાય છે તેવા ડાયાબિટીસને અટકાવવા, કોલોન હેલ્થ (મોટા આંતરડાનો મોટાભાગનું આરોગ્ય), શ્વસન-સહાય અને ત્વચાના આરોગ્ય, પાચન સુધારવા અને દૃષ્ટિ સુધારી તેજ કરવા તથા કબજિયાત નિવારણ મોટેપણ ભીંડા અત્યંત ઉપયોગી નિવડે છે. અત્યારના અત્યંત મલિન વાતાવરણમાં આટલા ઉપયોગી ભીંડા શરીરમાં કયા કેવી રીતે કામ કરે છે અને શરીરને તંદુરસ્ત રાખે છે, તે જોઈએ.



નિયમિત રીતે ભીંડા આરોગો તો શું થાય ?

રોગપ્રતિકારક શક્તિ : ભીંડા તમારી રોગ-પ્રતિકારક શક્તિને વધારી શકે છે કારણ કે તે વિટામીન સી અને એન્ટી-ઓક્સિડન્ટ્સથી ભરપૂર છે. મેગેનિઝ, મેગ્નેશિયમ, આયર્ન અને કેલ્શિયમ એવા કેટલાક ખનિજ છે જે તમારા શરીરમાં અત્યંત ઉપયોગી છે, જે ભીંડાં તમને પૂરા પાડે છે. આથી ભીંડાનું નિયમિત સેવન કરવું ઉપયોગી છે.

કોલેસ્ટ્રોલ : પેક્ટિન નામનું સોલ્યુબલ ફાઈબર ભીંડામાં હોય છે. જે તમારા શરીરમાંથી ખરાબ કોલેસ્ટ્રોલ ઘટાડવામાં મદદરૂપ થાય છે. આથી તમારા રોજના આહારમાં ભીંડાનો ઉપયોગ કરવો શરીર માટે ઉપયોગી છે કેમ કે, ભીંડામાં તે ભરપૂર પ્રમાણમાં છે.

કોલોન કેન્સર : ભીંડામાં જે ફાઈબર હોય છે તે તમારા આંતરડાને સ્વચ્છ કરે છે. આને કારણે કોલોનને લગતી બીમારીનું જોખમ ભીંડા મોટા પ્રમાણમાં ઘટાડી શકે છે.

પ્રોટીન : ભીંડા ખરેખર પ્રોટીનનો મુખ્ય સ્ત્રોત નહીં હોવા છતાં પ્રોટીનના યોગદાન માટે ભીંડા પર હજુ પણ આધાર રાખી શકાય છે. ભીંડાના પોષક લાભમાં આ પણ એક છે.

શ્વાસ : અસ્થમાથી પીડિત લોકો થોડી રાહત મેળવવા માટે ભીંડી પર આધાર રાખી શકે છે કારણે કે તેમાં એન્ટી-ઓક્સિડન્ટ્સ અને બળતરા વિરોધી ગુણધર્મો છે.

ત્વચા : ભીંડામાં હાજર ફાઈબર સામગ્રી અને વિટામીન સી તમારી ત્વચાને ડિટોફિસફાય કરવામાં અને હિલિંગ કરવામાં મદદરૂપ બને છે. તેનું સેવન ઉપયોગી બની રહે છે.

કબજિયાત : ભીંડા ફાઈબરથી ભરપૂર હોવાથી તે કબજિયાતના લક્ષણોમાં પણ રાહત આપે છે. ભીંડાનું સેવન તમારા આંતરડાને શાંત કરી શકે છે.

થાક : ભીંડા થાક અને નબળાઈ સામે લડી શકે છે. તમારા તણાવ ભરેલા દિવસનો સામનો કરવા માટે તેને તમારા નાસ્તામાં સામેલ કરી, ભીંડા ખાવાનો આ પણ એક લાભ છે.

## મસ્ત મસ્ત સંતરાથી થતાં લાભ

ખાટા-મીઠા સંતરામાં અનેક પોષકતત્ત્વ સમાયેલા છે. સંતરાનું સેવન તાજગી આપનારું છે.

સંતરામાં ૮૭.૮ ટકા પાણી, પ્રોટીન ૦૧. ટકા, ચરબી ૦.૩ ટકા, કેલ્શિયમ ૦.૦૫ ટકા, ફોરફરસ ૦.૨ ટકા, ૧૦૦ ગ્રામ સંતરામાં ૧૯.૭ મિ.ગ્રા. પોટેશિયમ, ૧૨.૯ મેગ્નેશિયમ, ૨.૧ મિ.ગ્રા. સોડિયમ, ગંધક ૯.૩ મિ.ગ્રા. વિટામીન (એ), વિટામીન બી અને વિટામીન સી ભરપૂર માત્રામાં સમાયેલ છે. લગભગ ૧૦૦ ગ્રામમાં ૪૯ ફેલેરી ઊર્જા મળે છે.

સંતરાનો રસ શરીરમાં પહોંચતો જ પોષણ આપે છે તેથી જ કમજોર તથા થાકેલા વ્યક્તિને સંતરા તાજગી પ્રદાન કરનાર ફળ પૂરવાર થયું છે.

સંતરામાં પ્રોટીન અને એલ્બુમિનની માત્રા બહુ ઓછી હોય છે. ભોજન ન કરી શકનાર વ્યક્તિ સંતરાનું સેવન કરે તો શરીરમાં સ્ફૂર્તિ આવે છે, તાવથી પીડાતી વ્યક્તિને વારંવાર તરસ લાગતી હોય છે. એવામાં સંતરાનું સેવન તૃષા શાંત કરે છે તેમજ પોષણ પ્રદાન કરે છે.

ફાયદા આયુર્વેદના પ્રસિદ્ધ ચિકિત્સક ચરક અને સુશ્રુત સંતરાના ભોજનમાં રૂચિ પેદા કરનાર, વાયુવિકારને નષ્ટ કરનાર અને હૃદયને બળ આપનાર ફળ જણાવ્યું છે.

ભોજન સાથે નિયમિત સંતરા ખાવાથી કાર્ય કરવાની ક્ષમતા વધી જાય છે. બેઠાડુ જીવનશૈલીવાળી વ્યક્તિઓએ સંતરાનું સેવન ખાસ કરવું જરૂરી છે. સંતરાનું સેવન અપચાને દૂર કરે છે. રક્તશુદ્ધ કરે છે. સંતરાનું સેવન કરવાની વ્યક્તિની ત્વચા કાંતિમય બને છે. તેની તાસીર ઠંડી હોવાથી પેટની ગરમી અને ગળાની તકલીફ દૂર કરે છે.

ગરમીમાં સંતરાનું સેવન ફાયદાકારક છે.



પેટનો સામાન્ય દુઃખાવો

પેટમાં ગેસ-વાયુથી દુઃખાવો થતો હોય તો એક ગ્લાસ સંતરાના રસમાં ચપટી શેકેલી હિંગ ભેળવી પીવાથી લાભ થાય છે.

અજીર્ણ

એક ગ્લાસ સંતરાના રસમાં ચપટી સિંધવ અથવા કાળું સંચળ અને મરીના ભુક્કો ભેળવીને પીવાથી રાહત થાય છે. થોડા દિવસો નિયમિત પીવાથી અજીર્ણની કાયમી તકલીફ હોય તો પણ તેનાથી છૂટકારો મળે છે.

કજબિયાત

પેટમાં જામી ગયેલા મળને દૂર કરવા સંતરાનું નિયમિત સેવન જરૂરી છે

પાચનશક્તિમાં વૃદ્ધિ

નબળી પાચનશક્તિને કારણે પેટમાં ગેસનો ભરાવો થાય છે જેથી જઠરમાં તકલીફ ઉદ્દભવે છે. સંતરાનું સેવન જઠર અને આંતરડાના માર્ગની સફાઈ કરી તેની ખરાબી સુધારે છે. સંતરા આ બન્ને માર્ગની પાચનશક્તિમાં વૃદ્ધિ કરે છે. ભોજન પચાવીને કોઈ પ્રકારનો વિકાર ઉત્પન્ન નથી થવા દેતું. ભોજન પછી સંતરાનું સેવન અવશ્ય કરવું.

ત્વચા રોગ

સંતરાની છાલને વાટી શરીર પર લગાડવાથી દાદર-ખંજવાળ, ફોડલા-ફોડલી તેમજ સામાન્ય ત્વચા રોગ દૂર થાય છે.

ઈન્ફ્લુએન્ઝા

આ રોગમાં સંતરાનો એક ગ્લાસ રસ દિવસમાં ચાર વખત સેવન કરવાથી લાભ થાય છે. જે વિસ્તારમાં આ બીમારી ફેલાઈ હોય ત્યાંના સ્થાનિક લોકો સંતરાનું સેવન નિયમિત કરે તો આ રોગના આક્રમણથી બચી શકાય છે.

ગર્ભવતી મહિલાઓ માટે લાભકારી

એક ગ્લાસ સંતરાના રસમાં થોડું મધ ભેળવી દિવસમાં ત્રણ વખત સેવન કરવાથી ગર્ભવતી સ્ત્રીઓને થતી કબજિયાતની તકલીફ દૂર થાય છે.

# “નિયતિ ને કોઈ ટાળી શકતું નથી- અટકાવી શકતું નથી કે બદલી શકતું નથી !”

“એક બનાવથી મારી માન્યતા બિલકુલ જડ ઘાલી ગઈ છે કે જે બનવાનું હોય છે તે બને જ છે. એને કોઈ અટકાવી શકતું નથી કે બદલી શકતું નથી. જે બને છે એ ઈશ્વરના નિયમ પ્રમાણે બને છે અને તેથી માણસે શાંતિથી અને આનંદથી સ્વીકારવું જોઈએ- પરંતુ એનો અર્થ એ નથી થતો કે માણસે કોઈ પ્રયન્ત નહીં કરવો જોઈએ!

> **“મારા ગ્રહો પ્રમાણે સાત-આઠ મહિના દરમ્યાન મને એક અકસ્માત નડવાનો ભારે સંભવ છે, એટલા માટે હું સાવચેત રહેવા ઈચ્છું છું અને તેથી જ મોટે ભાગે પગે ચાલીને જ મુસાફરી કરું છું !”**

ગમે તેટલી ચોક્કસ આગાહી મળી હોય તો પણ શું થવાનું હોય છે તેની આપણે પાકી ખબર પડતી નથી અને એટલે બુધ્ધિનો સદુપયોગ કરી જે કર્મ કરવું જોઈએ એ માણસે સતત કર્યા કરવું જોઈએ કેમકે એનું પરિણામ ઈશ્વરના નિયમ પ્રમાણે જે આવે તે જ સાચું પરિણામછે એમ સમજીને તેને સ્વીકારવું જોઈએ અને એ પ્રમાણે માણસ કર્મ કરતો રહે અને ઈશ્વરના નિયમ પ્રમાણે જે કંઈ મળતું હોય તેમાં સંતોષ માને, એમાં પણ ઈશ્વરનો અનુગ્રહ જ માને, તો માણસની શાંતિનો કદી ભંગ નહીં થાય અને દુઃખી પણ નહીં થાય”- આ શબ્દો છે મોરારજીભાઈ દેસાઈના જે એમના જીવનનો નીચોડ છે. કિસ્મત, નસીબ, ભાગ્યદશા, કર્મના નિયમ કે નિયતિમાં એમની સમજ અને વિશ્વાસ અતૂટ રહયો હતો. આને આનુસાંગિક એક પ્રસંગ એમને યાદ કરીને એમનાં જ શબ્દોમાં એમણે અનુભવેલો જે આમ હતો :



## સારા જહાં મેરી જેબ મે
**મધુ શાહ**

‘વર્ષ ૧૯૩૯ના નવેમ્બરમાં મુંબઈના મંત્રી પદેથી રાજીનામું આપીને હું મારો ચાર્જ સોંપીને અમદાવાદ પાછો ફર્યો એ વખતે હું મારા ભાઈઓની સાથે રહયો હતો. અમદાવાદમાં સ્વસ્તિક સોસાયટીના એક મકાનમાં ભાડે રહેતાં! મારા ત્રણેય ભાઈઓ ત્યારે અમદાવાદમાં જ હતાં ! મારાથી નાનો ભાઈ અંબાલાલ- એ મિલમાં મેનેજર હતો ! બીજો ભાઈ નાનુભાઈ એ એફ.આર.સી. થઈને આવ્યા પછી પોતાની જ હોસ્પિટલ કરી હતી અને એ રીતે એ ઓપરેશનો પણ કરતા અને પોતાનું જ ખાનગી ડોકટરી કામ કરતા ! સૌથી નાનો છોટુભાઈ- જે ઈજનેર હતો અને તે વખતે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન (અ.મ્યુ.કો.)માં નોકરી કરતો. અમે ચારેય ભાઈઓ સાથે જ રહેતા અને અમારા માટે અમે પુખ્ત ઉંમરના થયા પછી પહેલીવાર સાથે રહેવાનું થયું હતું ! અમારી બાજુમાં જ વલસાડના વતની પડોશી મિત્ર સુબોધભાઈ રહેતાં હતાં. સુબોધભાઈ એ મારા ભાઈ છોટુભાઈની સાથે જ મ્યુનિસિપલ કોરપોરેશનમાં ઈજનેર તરીકે નોકરી કરતાં હતાં ! એમની સાથે અમારો ગાઢસંબંધ હતો અને તેથી અમે રોજ મળતાં- હળવાશની પળોમાં વાતો કરતાં ! આ સુબોધભાઈ એક સારા ઈજનેરતો હતાં જ પણ એટલું જ નહીં, બલ્કે એમને જયોતિષ વિદ્યાનો પણ શોખ હતો અને એ વિદ્યા એમણે ઠીક ઠીક સંપાદન કરી હતી... આમ તો સુબોધભાઈ પોતાની મોટરમાં નોકરીએ જતાં પણ એક-બે મહિના સુધી મેં જોયું કે સુબોધભાઈ મોટરમાં જતા નહીં અને સાઈકલ ચલાવવાનું પણ લગભગ બંધ કરી નાખ્યું હતું ! એક સાંજે, મેં એમને આવું કરવા માટેનું કારણ પૂછ્યું ત્યારે એમણે મને કહયું કે : “મારા ગ્રહો પ્રમાણે સાત-ઠ મહિના દરમિયાન મને અકસ્માત નડવાનો ભારે સંભવ છે, એટલા માટે હું સાવચેત રહેવાં ઈચ્છું છું અને તેથી જ મોટાભાગે પગે ચાલીને જ અવર-જવર કરું છું !” મેં એમને કહયું કે, ‘અકસ્માત થવાનો હશે, તો તમે તેને રોકી શકવાના નથી. પગે ચાલતા જાવ છો પણ તેથી ક્યાં અકસ્માત થતો નથી ? માટે.. આવી કાળજી રાખવી અને તકલીફ ભોગવવી તમારે છોડી દેવી જોઈએ !’... ત્યારે એમણે કહયું ‘માણસે સાવચેતી તો રાખવી જ જોઈએ અને તેથી હું સાવચેત રહું છું, અને તેથી અકસ્માત અટકી શકે એમ હું માનું છું!” આ બાબત સાથે હું સહમત થતો નથી, તેવું મેં એમને કહયું. “અકસ્માત થવાનો હશે તો ગમે ત્યારે થયા વગર રહેવાનો નથી. માટે એની ચિંતા નહીં કરવી જોઈએ. આપણે આપણું કામ નિશ્ચિત થઈને કર્યા કરવું જોઈએ !” આ વાત કરે બે મહિના થયા હશે ત્યારે લગભગ જુલાઈ મહિનામાં, એક રાત્રે મારા મકાનમાં અમે સૌ ભાઈઓ તથા સાથે સુબોધભાઈ બ્રિજ રમતા હતા ! ત્યાં રાત્રે લગભગ સાડા અગિયારના સુમારે ગાજવીજ સાથે ભારે વરસાદ પડવા લાગ્યો અને તેજ ગતિએ પવન પણ ફૂંકાયો- આનાથી ઘણી બધી જગ્યાએ ઝાડો પણ તૂટી પડતાં હોય એમ સોસાયટીના અન્ય રહીશો જણાવતાં હતાં ! એટલે એ વખતે સુબોધભાઈએ મારા ભાઈ છોટુભાઈને કહયું કે, “ચાલ, આપણે પણ બહાર જઈને નિરીક્ષણ તો કરીએ ? અને રસ્તાઓ ઉપર પણ ઝાડો પડીને રસ્તા રોકાયા હોય તો તે રસ્તાઓને સાફ કરવાનો ઉપાય પણ કરવો જોઈએ !” આથી બેઉ બહાર જવા તૈયાર થયા, ત્યારે મેં એમને કહયું કે, ‘અત્યારે રાત્રે સાડાબાર વાગવા આવ્યા છે અને એ વખતે તમે રસ્તા ઉપર જઈને શું કરી શકવાના છો ? અને પાછું આવા વરસાદમાં જવા-આવવાની મુશકેલી પણ નડ્યા વગર રહેવાની નથી એના કરતાં સવારે વહેલા જઈને તમે નિરીક્ષણ કરશો તો જ્યાં જ્યાં જરૂર પડે ત્યાં જઈને જે કંઈ બંદોબસ્ત કરવા જેવો લાગે તે કરી પણ શકશો !’ તેમણે મારી વાતને કબૂલ રાખી અને સવારે છ વાગ્યે સુબોધભાઈએ મારા ભાઈની સાથે ફરવા જવા-નિરીક્ષણ કરવા જવાનું નકકી કર્યું ! રાત્રે વાત થયા પ્રમાણે મારો ભાઈ તૈયાર હતો અને સુબોધભાઈની સાથે બંને જણા ઘેરથી ઉપડી જવા તૈયાર થયા. મારા

> **“ગમે તેટલી ચોક્કસ આગાહી મળી હોય તો પણ શું થવાનું હોય છે તેની આપણને પાકી ખબર પડતી નથી. જે બને છે તે ઈશ્વરના નિયમ પ્રમાણે જ બને છે પરંતુ એનો અર્થ એ નથી કે માણસે કોઈ પ્રયન્ત નહીં કરવો જોઈએ - મોરારજીભાઈ દેસાઈ”**

ભાઈએ એલિસબ્રીજ તરફ જવાનું સૂચન કર્યું અને સુબોધભાઈએ વિદ્યાપીઠ તરફ જવાનો આગ્રહ રાખ્યો ! આખરે બંને જણા વિદ્યાપીઠ જતાં પહેલાં ત્યાંથી થોડા અંતરે રસ્તા ઉપર એક નાળું હતું ત્યાં આ બેઉ પહોંચ્યા ! તે નાળામાંથી પાણી ધમધોકાર વહી જતું હતું ! માણસને ગળા સુધી પાણી આવી જાય એટલું પાણી વહેતું હતું. જેવા સુબોધભાઈ અને છોટુભાઈએ નાળા ઉપર જઈને ઉભા રહયા તેવું જ એ નાળું તૂટ્યું અને બંને જણા નીચે નાળામાં પડયા. નાળું તૂટવા માટે જાણે એમની જ રાહ જોઈને બેઠું હતું એ પ્રમાણે આ ઘટના બની !!! મારા ભાઈને તરતાં આવડતું ન હતું અને શરીરે પણ તે સૂકલકડી હતા. તેમ છતાં ગમે તેમ કરીને વહેતા નાળામાંથી બહાર નીકળી આવ્યા, પણ સુબોધભાઈ ત્યાંજ દબાઈ ગયા ! છોટુભાઈએ તરતજ ઘેર આવીને અમને ખબર આપી ! એમને એટલો એટલો બધો ગભરાટ હતો કે તેમના બોલવામાં પણ તોંતડાશ સાક્ષી પુરતી હતી. એમણે જેવી વાત કરી તેવા જ હું અને સોસાયટીના બીજા સાથીઓ તે નાળા પાસે પહોંચી ગયા. ઉપરથી નાળું તૂટવાથી જે ભેખડો પડી એમાં સુબોધભાઈ દટાઈ ગયા હતા. એટલે માણસોએ કાટમાળમાંથી સુબોધભાઈના શરીરને બહાર કાઢીને ઉપર લાવ્યા, એમની ઘણી પ્રાથમિક સારવાર અમે ત્યાં કરી, પેટમાંથી પાણી બહાર કાઢયું.. પણ એ બેભાન નો’તા... એમનો જીવ ઉડી ગયો હતો, એટલે અમારો ઈલાજ ચાલ્યો નહીં ! તેમ છતં અમે એમને ઈસ્પિતાલમાં લઈ ગયાં.. ત્યાં ડોકટરોએ કહયું કે એમનું પ્રાણપંખેરું ઉડી ગયું છે !! એમને ગ્રહો પ્રમાણે અકસ્માતની ભીતિ લાગતી હતી એ આ પ્રમાણે સાચી પડી અને એમનું એ વિષેનું જે જ્ઞાન હતું એ પણ આ અકસ્માતમાંથી એમને બચાવી ન શકયું !! આ બનાવથી મારી એ માન્યતા બિલકુલ જડ ઘાલી ગઈ કે નિયમિતને કોઈ ટાળી શકતું નથી. એને કોઈ અટકાવી શકતું નથી કે બદલી શકતું નથી.

> **“કિસ્મત, નસીબ, ભાગ્યદશા, કર્મના નિયમ કે નિયતિનું કોઈક મહત્વનો હશે જ !”**

આવો જ એક બીજો પ્રસંગ છે ડૉ. શાન્તિલાલ જે. મહેતા જેઓ જસલોક હોસ્પિટલના સૌ પ્રથમ મેડિકલ ડાયરેકટર હતા. એમના મિત્ર ડો. નરસિંહા આયર મદ્રાસમાં એમની સાથે સાથી પરીક્ષક હતા અને એમ.એસ.ની ડિગ્રી માટે તેઓ વિદ્યાર્થીઓની પરીક્ષા લેતા. એકવાર ડો. આયરના દીકરાને મેં પાસ કરવાની ના પાડેલી, તેથી તે ખૂબ હતાશ થઈ ગયેલા- પરંતુ બીજે વર્ષે એ ખૂબ હોંશિયારીથી પાસ થઈ ગયો હતો. બીજીવાર જયારે હું મદ્રાસ ગયો ત્યારે ડાૅ. આયરને મળેલો અને કહેલું કે હવે ફરીવાર હું (ડો. આયર) એમ.એસ.ની ડિગ્રી માટે પરીક્ષક-પદ નહિ સ્વીકારે અને મુંબઈ નહિ આવે, કેમકે એમને ઘરનો કોઈ પ્રશ્ન સતાવતો હતો અને એ કારણે એ દુઃખી હતા. એમણે કહયું : ‘મારા દીકરાને નાતબહાર ક્રિશ્ચિયન છોકરી સાથે લગ્ન કરવાં છે. અમે બ્રાહ્મણ છીએ..’ મેં એમને કહયું કે સમયની સાથે આપણે બધાએ ચાલવું જોઈએ. પણ એમણે કહયું કે એમનું મન કામમાં લાગશે જ નહિ. તેથી મેં ડો. આયર ને કહયું... ‘કંઈ નહિ તો મારી સાથે મુંબઈ તો ચાલો!’.. .તેઓ મુંબાઈ આવ્યા અને મારા ઘેર જમવા આવ્યા. તે ટેબલ ઉપર બેઠા હતા અને જમવાનું પીરસાઈ રહયું હતું અને એકાએક એમનાં હાથમાંથી ચમચો પડી ગયો. ઉભા થઈને મેં એમની પલ્સ (નાડી) જોઈ. પણ પલ્સ હતી જ નહિ. મારી મારી પત્નીને મેં બૂમ પાડીને કહયું : “ચંપી ! પલ્સ મળતી નથી ! એમને જલદી સુવાડી દે !” અમે એમને જમીન ઉપર સુવાડ્યા. મારી ઘડિયાળમાં એ વખતે રાતના નવ વાગ્યા હતા. આ એમની બેભાન અવસ્થા થોડીક જ વાર રહી અને તરત જ ભાનમાં આવી ગયાં. મને પછીથી ખબર પડી કે એ રાત્રે, બરાબર એ જ સમયે મદ્રાસમાં એમના દીકરાએ આપઘાત કર્યો હતો !! ડાૅ. શાંતિલાલ સર હોમી મહેતાને બહુ જ સારી રીતે ઓળખતા હતા. અમેરિકા જવાના આગલે દિવસે તે મને વિલિંગ્ડન કલબમાં મળ્યા. હું પણ તેજ દિવસે અમેરિકા જવાનો હતો - પણ જુદી ફલાઈટમાં. સર હોમી એ મને એમની સાથે ‘પાન-મેરિકન’ વિમાનમાં સાથે જોડાવાનો આગ્રહ કર્યો. એમણે કહયું કે એમની પાસે સ્લીપિંગ બર્થ હતી, જે તેઓ મારી પત્નીને આપી દેશે, અને તેથી અમે બે નિરાંતો વાતો કરી શકીએ. આથી મેં મારી પત્નીને કહયું કે આપણે ‘પાન-અમેરિકન’ ફલાઈટ કરાંચીથી પકડી લઈશું, પરંતુ એણે મને ચોકખી ના પાડી.- એટલું જ નહિ પણ એ દિવસે મુસાફરી કરવાની જ ના પાડી, કારણ કે એ અમાસનો દિવસ હતો, જેને તે અમંગળ ગણતી. મેં સરહોમીને ફોન કરીને એમને પણ એ ફલાઈટમાં જવાની ના પાડવા કહયું અને મારી પત્નીની વાત એમને કરી. સર હોમી એમના ગુસ્સા માટે જાણીતા હતા.. એમણે ગુસ્સે ભરાઈને મને કહયું : ‘શું વાહિયાત વાત કરો છો ! કશું જ થવાનું નથી !’ અને તેઓ નિર્ધારીત સમયે ઉપડ્યા : અને એમના વિમાને આર્યલેન્ડમાં શેનોન પાસે અકસ્માત નડયો અને તે મૃત્યુ પામ્યા. પણ આવો જ બીજો બનાવ આનાથી ઉંધો બન્યો- હોમી ભાભા જયારે પરદેશ જવાના હતા ત્યારે એમનાં મા એ એમને અમાસને દિવસે મુસાફરી કરવાની ના પાડી, એટલે મા ની ભાવનાને અનુસરીને એમણે બીજા દિવસની ફલાઈટની ટિકિટ બદલાવીને લીધી જે બેસતો મહિનો હતો. આમ છતાં એમનું ‘એર ઈન્ડિયા’નું પ્લેન સ્વિટ્ઝર્લેન્ડમાં મો-બ્લા ઉપર તૂટી પડ્યું અને તેઓ અકસ્માતમાં માર્યા ગયા !... કિસ્મત, નસીબ, ભાગ્યદશા, કર્મના નિયમ કે નિયતિ એનું કોઈક મહત્વ તો હશે જ. નિયતિને (DESTINY) કોઈ ટાળી શકતું નથી !!

> **“સર હોમી મહેતા અમેરિકા જવા પાન-અમેરિકાની ફલાઈટમાં નિર્ધારીત દિવસે ઉપડ્યા. એમના વિમાનને આર્યલેન્ડમાં શેનોન પાસે અકસ્માત નડ્યો અને તે મૃત્યુ પામ્યા. એ અમાસનો દિવસ હતો !”**

### ખિડકી

સમય નામના સમુદ્રમાં આપણી ભાષા, આપણાં ગીતો, આપણી કહેવતો, આપણાં ઉખાણાં, આપણી વાર્તાઓ અને આપણી માન્યતાઓ ભુલાઈ જશે. અંગ્રેજીમાં એક વાકય છે : “ઈટ્સ બેડ યૂ ફર્ગેટ થિંગ્સ યૂ આર સપોઝડ ટુ રિમેમ્બર, બટ ઈટ્સ વર્સ વ્હેન યૂ રિમેમ્બર થિંગ્સ યૂ આર સપોઝ્ડ ટુ ફોર્ગેટ !”

### ઝબકાર

ઓ ગાફિલ રબ સે ધ્યાન લગા !
શ્લોક જેવું જીવી જનારાનો શોક ન હોય !

આ લેખોમાં પ્રગટ થતાં વિચારો લેખકના પોતાના છે **વેસ્ટર્ન ટાઈમ્સ** તેની સાથે સહમત હોય તે જરૂરી નથી.

# પડકાર ઝીલી થઈ જા પ્રબળ

પાનખરમાં ખીલતાં ફૂલો કહેવાશે સફળ,
વીંઝ ઋતુઓને તું પડકારને થઈ જા પ્રબળ.
એમ છે નાજુક, મળે પથ્થરથી પણ કેવુંક છળ,
આ વિચારો મન સમા સાગરમાં પાડે છે વમળ.
ભાગ્યની સૌ ક્ષણ જીવનમાં છે જ, સૌ પાસે જુદી,
છે જ નહીં એ છોડ ને જીવી લે તું હર એક પળ.
જે મને દેખાય, એને કેમ દેખાતું નથી?
ભાવ ખૂંચે કોઈને પણ કોઈ માટે છે સરળ.
છે ગુલાબી ગાલ, હસતાં હોઠ, આંખો બોલતી;
ક્યાંક તો ખીલ્યું હશે નજદીકમાં ‘શ્વેતા’, કમળ.
-શ્વેતા તલાટી



## મન ઝરૂખો
**-સ્નેહલ નિમાવત**

લેખિકા,કવયિત્રી અને અનુવાદક તરીકે શ્વેતા તલાટી જાણીતા છે.તેમનો જન્મ ૨૬-૯-૧૯૬૯માં ભાવનગરમાં થયો હતો.તેમને સાહિત્ય પ્રત્યે કોલેજકાળથી લગાવ હતો.૨૦૧૮ થી તેમણે છંદ શીખવાની શરુઆત કરી હતી.તેમને ગઝલ,મોનોઈમેજ કાવ્યો,હિન્દી ગઝલ,ઉર્દુ ગઝલ,અછાંદસ કોવ્યો તેમને લખવા અને વાંચવા વધુ ગમે છે.ડૉ કુમાર જૈમિની શાસ્ત્રીના ગુજરાત ગાર્ડિયનમાં આવતા લેખો તેમને વધુ વાંચવા ગમે છે.તેમના પ્રિય લેખકોમાં કવિ શ્રી ગુલઝાર,શ્રી નઝીર દેખૈયા,શ્રી રતિલાલ બોરીસાગર,અને શ્રી ગુલામ અબ્બાસ ‘નાશાદ’ છે.તેમના બે પુસ્તકો ‘અથાગ સાગરમાં મારો એક અંશ’ અને ‘ખામોશી’ ગુજરાત સાહિત્ય અકાદમી તરફથી પ્રકાશિત થયા છે.ઈર્શાદ સાહિત્ય મંચ,ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક જેવા ઘણા કાર્યક્રમોમાં તેમને સન્માનપત્રો મળ્યા છે.તેમની કલમમાં તાજગી છે.તેમની કલ્પનાશક્તિ કાગળ પર ઉતરે છે ત્યારે સંવેદનાઓને વાચા મળે છે.

“પાનખરમાં ખીલતાં ફૂલો કહેવાશે સફળ,
વીંઝ ઋતુઓને તું પડકાર ને થઈ જા પ્રબળ.”

પાનખરમાં ખીલતાં ફૂલો પ્રતિકૂળ વાતાવરણમાં ખીલે છે. અનુકુળ વાતાવરણમાં તો બધા ફૂલો ખીલે છે પણ જે પડકાર ઝીલીને પ્રતિકૂળ સમયમાં ખીલે ચે એની હિંમત અને ખુમારી દુનિયાથી અલગ છે. એ જગ જીતી જાય એટલી હિંમત એના હૈયામાં હોય છે. તલવાર લઈને મનથી લડવાનું જે નક્કી કરે છે સમય પણ એને પ્રતિકૂળ બની જાય છે.

“એમ છે નાજુક, મળે પથ્થરથી પણ કેવુંક છળ,
આ વિચારો મન સમા સાગરમાં પાડે છે વમળ.”

મન નાજુક છે એક નાના અમથા વેણથી પણ છલીત થઈ જાય છે. આમ ઘણુબધુ સહન થઈ જાય પણ નાનકડી વાત પણ ક્યારેક ખૂંચે છે. મનમાં ખૂંચેલી વાત હંમેશ માટે મનમાં ઘર કરી જાય છે. મન મોટુ હોય તો એ બધી વાત ભુલી જાય છે. આમ જુઓ તો મનથી મજબુત કંઇ જ નથી. મન એટલુ મજબુત છે કે તે ધારે તે કામ કરી શકે...

“ભાગ્યની સૌ ક્ષણ જીવનમાં છે જ, સૌ પાસે જુદી,
છે જ નહીં એ છોડ ને જીવી લે તું હર એક પળ.”

સૌનું ભાગ્ય જુદુ છે. ભાગ્યમાં લખેલી વાત અનોખી છે. જે સમયે જેના ભાગ્યમાં જે લખ્યુ હશે એ તેને એ સમયે મળી જ રહેશે. કોઇ ચિંતા કરીએ કે ના કરીએ. માટે હંમેશા કર્મ કરવું એ આપણા હાથમાં છે. મહેનત કરવી. મહેનત કરવાથી ક્યારેય મન પાછુ પાડવું નહીં. માટે આપણે આપણું કર્મ કરવું અને કરતા જ રહેવું. જીવનની દરેક ક્ષણ ખુશીથી જીવી લેવી કેમકે આ ક્ષણ જે આવી છે એ પાછી નથી મળવાની....

“જે મને દેખાય, એને કેમ દેખાતું નથી?
ભાવ ખૂંચે કોઈને પણ કોઈ માટે છે સરળ.”

હદયના ભાવ કોઈ માટે સરળ છે તો કોઈ માટે અકળ છે. મનમાં કોઈ માટે લાગણી હોય તો એ દેખાડી નથી શકાતી. મનની લાગણી પ્રગટ કરવાની દરેકની રીત અલગ હોય છે. જેમ મનમાં વસેલી વ્યક્તિનો સાથ હરહંમેશ મનને સાંપડતો હોય છે. મનની વાત કહેવા કોઈ પોતીકુ હંમેશા મન ઝંખે છે.

“છે ગુલાબી ગાલ, હસતાં હોઠ, આંખો બોલતી;
ક્યાંક તો ખીલ્યું હશે નજદીકમાં ‘શ્વેતા’, કમળ.”

મન ખુશીથી છલકાઈ ઉઠ્યુ છે. ગુલાબી ગાલ, હસતા હોઠ અને બોલતી આંખો મનનું પ્રતિક છે. મનની એ છબી છે જે ઘણીબધી ખુશી છલકાવે છે. મનમાં કંઈ કેટલાય પ્રેમભર્યા અહેસાસ અનુભવાય છે. પ્રેમભર્યો સમય મનને ખીલવી જાય છે.

**અંતની અટકળ**

જીવનમાં પ્રેમ મન અનુભવે તો એ પ્રેમ હદયમાં કાયમ માટે સ્થિર થઈ જાય છે. પ્રેમ એ હદયમાં હોય તો વધ્યા જ કરે છે, કેમકે પ્રેમ ખતમ થતો નથી અને નાશ પણ પામતો નથી.

# સવારે ખાલી પેટે મીઠો લીમડો ચાવીને ખાવાથી થતા ફાયદા વિશે જાણો

જો સ્વાસ્થ્ય સારું રાખવું હોય તો દિવસની શરૂઆત હેલ્થી વસ્તુ ખાઈને કરવી જોઈએ. આમ તો એવી ઘણી વસતુઓ છે કે જે ખાઈને દિવસની શરૂઆત કરી શકાય છે. પરંતુ ઘરમાં સરળતાથી મળી રહે તેવી વસ્તુ છે. મીઠો લીમડો, સવારે ખાલી પેટ મીઠો લીમડો ચાવીને ખાવાથી સ્વાસ્થ્યય પર પોઝીટીવ અસર થાય છે. જો રોજ ખાલી પેટ મીઠા લીમડાના પાન ચાવીને ખાવામાં આવે તો તેનાથી શરીરને ચાર મોટા ફાયદા થાય છે.

સવારે ખાલી પેટ મીઠા લીમડાના પાન ચાવીને ખાવાથી પાચનતંત્ર સારું રહે છે. સવારે ખાલી પેટે મીઠો લીમડો ખાવાથી ડાયજેટીસ્વ ઈન્જાઈમ્સ સ્ટિમ્યુલેટ થાય છે. અને મળત્યાગની પ્રોસેસ સરળ થાયય છે. તેનાથી કબજીયાતથી રાહત મળે છે. ઘણા લોકોને સવારથી શરીરમાં નબળાઈ અને થાક લાગે છે. ઘણાને ઉલટી અને ચકકર પણ આવે છે. જો તમે મીઠા લીમડાના પાન ચાવીને ખાવ છો તો તેનાથી શરીરની નબળાઈ અને મોનીગ સીકનેસ દુર થાય છે. જે લોકોનું વજન વધારે હોય છે. તેમણે મીઠો લીમડો ખાવો જોઈએ. તેનાથી શરીરની ચરબી ઘટે છે. અને શરીર સારી રીતે ડિટોકસ થાય છે. તેનાથી કોલેસ્ટ્રોલ લેવલ પણ મેઈન્ટેન રહે છે. જે લોકોનું વજન વધારે હોય તેમણે પેટની ચરબી ઘટાડવા માટે લીમડાના પાન ચાવવા જોઈએ. ખરતા વાળની સમસ્યા હોય તેમના માટે પણ મીઠો લીમડો લાભકારી છે. સવારે ખાલી પેટ મીઠો લીમડો ચાવીને ખાવો અને પછી પાણી પીવું. તેનાથી વાળ સંબંધીત સમસ્યા દૂર થઈ જશે. મીઠા લીમડાના પાન ચાવીને ખાધાની ૩૦ મીનીટ પછી જ નાસ્તો કરવો. મીઠા લીમડાના પાનમાં એન્ટી--ફંગલ અને એન્ટી બાયોટીક ગુણ હોય છે. જેથી તેનું સેવન કરવાથી ઈન્ફેકશન સામે રક્ષણ મળે છે. અને ઘણી બધી બીમારીઓ થવાનું જોખમ પણ ઘટી જાય છે. પાચનતંત્રની સમસ્યા દૂર થાય છે.

# પાચનતંત્રને કાર્યક્ષમ બનાવતી છાશ

છાશમાં ખટાશ હોવાથી ભૂખ લગાડે છે. ખોરાકની રુચિ પેદા કરે છે. ખોરાકનું પાચન કરે છે. ભૂખ લાગતી ન હોય, પાચન થતું ન હોય, ખાટા ઓડકાર આવતા હોય અને ચેટ ચઢી-આફરો આવી છાતીમાં ગભરામણ થતી હોય તેમના માટે છાશ અમૃતસમાન છે. જો રોજની છ રતલ દૂધની છાશ બનાવી- બીજો ખોરાક બંધ કરી- પીવામાં આવે તો શરીરની શક્તિ જળવાઈ રહે અને દૈનિક કામકાજ કરી શકાય છે. છાશ પર રહેવાથી મળશુદ્ધિ થઈ શરીર હળવુફુલ જેવું થાય છે, શરીરમાં સ્ફૂર્તિ આવે છે, ઉત્સાહ પેદા થાય છે અને હોજરી તથા અંતરડાને આરામને તાજગી મળે છે. છાશ જઠરાગ્નિને પ્રદીપ્ત કરી પાચનતંત્રને કાર્યક્ષમ બનાવે છે તેથી ભોજન પછી છાશ પીવાથી ખોરાકનું પાચન સારી રીતે થાય છે. છાશ વાયુ મટાડે છે, પણ લોકોમાં એવો ખોટો ભ્રમ છે કે છાશ ઠંડી છે. ખરી રીતે તો છાશ ઉષ્ણવીર્ય છે. કઈ ઋતુમાં કઈ પ્રકૃતિવાળાએ, છાશનો કેવી રીતે ઉપયોગ કરવો તેની લોકોમાં સાચી સમજણ ન હોવાથી એવો ભ્રમ પેદા થયો છે. મળદોષથી અનેક પ્રકારના વાયુના દર્દો પેદા થાય છે. છાશ વાયુનો નાશ કરતી હોવાથી મળદોષજન્ય વાયુના દર્દોમાં ખૂબ જ ઉપયોગી થાય છે. છાશ આંતરડાના દર્દોએ પર ઉપયોગી છે. છાશ આંતરડાને સંકોચી ક્રિયાશીલ બનાવે છે અને જુના મળદોષને બહાર ધકલે છે. વળી છાશના મળશોધન ગુણને કારણે પણ મળોત્પત્તિ તથા મળદોષનો નિકાલ સરળ બને છે તેથી જૂના મળદોષના સંચયથી ઉત્પન્ન થયેલા ટાઈફોઈડમાં છાશ અપાય છે. છાશ ટાઈફોઈડથી પેદા થયેલી આંતરડાની ગરમી, આંતરડામાં પડેલાં ચાંદા અને પરિણામે આવતો તાવ, શરીરની દાહ (બળતરા) તથા તૃષા રોગને મટાડે છે.



# સપ્તાહની ભાગ્યવાણી તા.૧૩.૫.૨૦૨૪ થી તા.૧૯.૫.૨૦૨૪

ભરતભાઈ ભાવસાર **(કૃત્તિકા જ્યોતિષ કાર્યાલય)** દિલ્હીદરવાજા બહાર, બી.જી. ટાવરની બાજુમાં, શાક માર્કેટની સામે, કાળકા માતાની વાડીમાં, અમદાવાદ-૪ ફોનઃ ૨૫૬૨૬૪૨૧/મો.૯૮૨૫૩૩૪૫૩૭




મેષ : સોમવાર તમામ પ્રકારના કામો સફળતાથી પૂર્ણ થાય. મંગળવાર પરદેશ જવાના કામોમાં સફળતા મળવાની છે. બુધવાર લાભ થવાને બદલે અવરોધો જોવા મળશે. ગુરૂવાર મોસાળ પક્ષ તરફથી લાભ થવાના યોગ છે. શુક્રવાર આપની માનસીકતા ઉચ્ચકક્ષાની બની રહેશે. શનિવાર મોજશોખ પાછળ સમય નાણા ખર્ચ થશે. રવિવાર સંતાનો તરફથી લાભ થવાનો છે.




વૃષભ : સોમવાર સરકારી કામકાજમાં મુશ્કેલીઓ વધશે. મંગળવાર વિલ તેમજ વારસાઈના કામોમાં અવરોધ આવશે. બુધવાર લાંબા સમયના પડતર કામકાજમાં ગતિ આવવાની છે. ગુરૂવાર લાભમાંથી હાની થાય તેવા યોગ છે. શુક્રવાર કેવળ ખર્ચના દિવસ છે. શનિવાર આપના આરોગ્યમાં તકલીફો વધવાની છે. રવિવાર માતા પ્રત્યે લાગણી વધવાની છે.




મિથુન : સોમવાર આપને નજર લાગવી તેમજ કાળો જાદુનો અનુભવ થાય. મંગળવાર મોટાભાઈ તેમજ વડીલોથી લાભ થાય તેમ છે. બુધવાર સાધુ સંતો તેમજ જનસંપર્કના કામોમાં આપને લાભ થાય. ગુરૂવાર પરદેશના કામોમાં અવરોધ આવશે. શુક્રવાર કેવળ ખર્ચ અને નુકશાન થાય. શનિવાર મોસાળ પક્ષથી લાભ થવાનો છે. રવિવાર પ્રફુલ્લીત માનસીકતાથી પરિવારના સભ્યો ખુશ થશે.




કર્ક : સોમવાર વાગવુ પડવુ તેમજ શારીરિક તકલીફ થાય. મંગળવાર દામ્પત્ય જીવનમાં અહંમનો ટકરાવ થશે. બુધવાર આપની માતાનો સ્વભાવ ઉગ્ર રહેશે સાવધાન. ગુરૂવાર પ્રવાસ અને લખાણના કામોમાં સફળતા મળશે. શુક્રવાર કામકાજના સ્થળે તકલીફ થવાની છે. શનિવાર જમીન મકાન વાહનના કામોમાં સફળતા મળે. રવિવાર ધન લાભ થવાથી મન પ્રફુલ્લીત થશે.




સિંહ : સોમવાર ભાગીદારીના કામોમાં મુશ્કેલીઓ આવશે. મંગળવાર શ્વસુર પક્ષ તરફથી સહકાર મળવાનો છે. બુધવાર શત્રુઓ તરફથી મુશ્કેલીઓ વધશે. ગુરૂવાર નાણાકીય કામકાજમાં અણધારી સફળતા મળશે. શુક્રવાર લોક પરંપરાગત કામોમાં લાભ થાય. શનિવાર ભાઈ બહેનો સાથે તાલમેલ જળવાશે. રવિવાર પરિવારમાં આપનું પ્રભુત્વ વધવાનું છે.




કન્યા : સોમવાર શત્રુઓ પર વિજય હરીફો પરાસ્ત થાય. મંગળવાર ભાગીદારીના કામો તેમજ અભ્યાસના કામોમાં વિઘ્નો આવે. બુધવાર જાહેર જીવનના કામોમાં નિષ્ફળતા મળશે. ગુરૂવાર ધંધા વ્યવસાયમાં પ્રગતી થાય. શુક્રવાર શારિરીક મુશ્કેલીઓ વધશે. શનિવાર ધાર્મીક સંસ્થાઓ તરફથી લાભ થશે. રવિવાર પરદેશ જવાના કામોમાં સફળતા મળશે.




તુલા : સોમવાર સંતાન અને શિક્ષણના કામોમાં તકલીફ થાય. મંગળવાર મોસાળ પક્ષ તરફથી તકલીફના સમાચાર મળે. બુધવાર પરદેશ જવાના તમામ કામોમાં સફળતા મળશે. ગુરૂવાર આપના જીવનસાથીની માંગણીઓ પુરી કરવી પડશે. શુક્રવાર વિજાતીય વ્યક્તિઓના આકર્ષણથી બચશો. શનિવાર આપના દામ્પત્ય જીવનમાં મુશ્કેલીઓ વધશે. રવિવાર આરોગ્યના પ્રશ્નો ઉભા થવાના છે.




વૃશ્ચિક : સોમવાર જમીન મકાનના કામોમાં અવરોધ આવશે. મંગળવાર સંતાનો માટેના કામો સફળ થશે. બુધવાર આપના ભાઈના સંતાનોને મદદ કરવી પડશે. ગુરૂવાર મોસાળ પક્ષ તેમજ સમાજના કામોમાં લાભ થવાનો છે. શુક્રવાર પાલતુ તેમજ રખડતા જાનવરથી સાચવશો. શનિવાર દામ્પત્ય જીવનમાં પ્રસન્નતા વધશે. રવિવાર જીવનસાથીની સલાહ માનવામાં લાભ છે.




ધન : સોમવાર પ્રવાસ મુસાફરીનું આયોજન થાય. મંગળવાર માતા તેમજ પિતાના કામકાજમાં લાભ થવાનો છે. બુધવાર જુના લેણા પરત આવશે. ગુરૂવાર લખાણ તેમજ ભાગીદારીના કામોમાં લાભ થવાનો છે. શુક્રવાર સંતાનો માટે ચિંતા વધવાની છે. શનિવાર પ્રેમ પ્રસંગોમાં મનદુઃખ થવાનો યોગ છે. રવિવાર આજનો દિવસ એકંદરે આનંદમય પસાર થાય.




મકર : સોમવાર આર્થીક સમસ્યાઓ વધવાની છે. મંગળવાર ભાઈ બહેનો સાથેના સંબંધો સુધવરાના છે. બુધવાર ટૂંકા અંતરની મુસાફરીઓ થશે. ગુરૂવાર અભ્યાસ શિક્ષણના કામોમાં સફળતા મળશે. શુક્રવાર વાહનના કામોમાં અવરોધ આવશે. શનિવાર પિતાની સલાહ સૂચન મદદ મળવાની છે. રવિવાર સંતાનો સાથે મોજમજાનો દિવસ પસાર થશે.




કુંભ : સોમવાર આજનો દિવસ આપના આરોગ્ય માટે સારો નથી. મંગળવાર આપના આરોગ્યમાં નાક, કાન, ગળુ તેમજ આંખોની તકલીફ થાય. બુધવાર બેંકના કામકાજમાં સફળતા મળશે. ગુરૂવાર ધંધા વ્યવસાય માટે પ્રવાસ થાય. શુક્રવાર ભાઈ ભાડુ તેમજ પડોશીઓ સાથે સંબંધો સુધરશે. શનિવાર ધાર્મીક કાર્યક્રમમાં સહભાગી થવાશે. રવિવાર દિવસ મુશ્કેલીઓમાં પસાર થશે.




મીન : સોમવાર ખર્ચનું પ્રમાણ વધશે તકલીફો વધશે. મંગળવાર આરોગ્ય બગડશે કામકાજમાં વિઘ્નો આવશે. બુધવાર નકારાત્મક વિચારો વધશે. ગુરૂવાર આપના પરિવારના સભ્યો સાથે મનદુઃખ થશે. શુક્રવાર આપના કામકાજમાં ગતિ આવશે. શનિવાર ભાઈ ભાંડુ સાથે આત્મીયતા વધશે.

# પહેલું દુઃખ તે પત્ની માંદી

**જરા હસી લે**
**-પ્રા. દિનકરદેસાઇ "વિશ્વબંધુ"**



આપણા દેશમાં ગૌતમ બુદ્ધ નામના મહાપુરુષ થઈ ગયા. એમણે ગૃહત્યાગ કરેલો અને દુઃખનું મૂળ શોધવાનું સંશોધનકાર્ય આરંભેલું. સુજાતાએ માનતા પૂરી કરવા ખીર ખીવડાવતાં એ અતિશય ભૂખ્યા માણસને જ્ઞાન થયેલું કે જીવન ટકાવવા ખોરાક જેવો કોઈ ઉત્તમ ઉપાય નથી અને ખૂબ ચિંતાના અંતે શોધી કાઢેલું કે 'ઈચ્છા માત્ર દુઃખનું મૂળ છે.' દુઃખનું મૂળ શોધવાના અનેક પ્રયત્નો થાય તે સ્વાભાવિક છે. 'હું દુઃખી, તો પુત્ર પણ ભલે દુઃખી થાય, અનુભવી થાય' એવી સદ્‌બુદ્ધિથી પ્રેરાઈને મારા પરમ કૃપાળુ પિતાએ મને સંસારમાં ધકેલ્યો. ત્યારે ગૃહત્યાગ કરી દુઃખનું મૂળ શોધવાનો વિચાર આવેલો, પણ સંસારની બહાર દુઃખ ઓછું છે અને જો ખરેખર દુઃખનું મૂળ શોધવાની શુદ્ધ દાનત હોય તો સંસાર જે દુઃખથી ભરેલો છે, તેમાં જ રહીને દુઃખનું મૂળ શોધવાનો પ્રયત્ન થવો જોઈએ એવો વિચાર આવતાં ગૃહત્યાગનો વિચાર મંદ પડી ગયેલો. મારા ભાગ્યમાં મહાન થવાનું લખાયેલું નહીં, એટલે મારે બોધિવૃક્ષ નીચે બેસવાનો કે ખીર ખાવાનો સમય આવ્યો નહીં. પણ, મારા સદ્‌ભાગ્યે ઘરના ઓટલે લમણે હાથ દઈને બેસતાં અને સાંજની વધેલી ટાઢી ભાખરી, ચા સાથે ખાધા પછી મને જ્ઞાન થયું કે, જગતમાં પહેલું દુઃખ એન સર્વ દુઃખોનું મૂળ માંદી પત્ની છે. જગતમાં અનુભવ જેવું કોઈ જ્ઞાન નથી અને 'પહેલું દુઃખ તે પત્ની માંદી' એ અનુભવસિદ્ધ હકીકત હોવાથી કોઈએ શંકા રાખવાની જરૂર નથી.

રોગી, વૃદ્ધ, મડદું અને સંન્યાસીને જોતાં સિદ્ધાર્થ જેવો ભલો માણસ ફફડી ગયેલો. એને ફફડાવવા અને ગૃહત્યાગ કરાવવા યશોધરાને સદાકાળ માંદી રાખી હોત તો ઘરમાં જ એ દુઃખનાં દર્શન કરી શક્યો હોત. આ જગત અજ્ઞાની લોકોથી ભરેલું છે અને જ્ઞાનીઓ તો થોડા જ છે એવું મનાયું છે, પણ મને વિપરીત દેખાય છે. આ જગત જ્ઞાનીઓથી ભરેલું છે, અને અજ્ઞાનીઓ છે તે જ જ્ઞાનની શોધમાં કુટાય છે. બાકી જન્મે છે તેનું મૃત્યુ છે જ. શરીર છે, તેથી અનેક રોગ થવાના જ. વૃદ્ધાવસ્થામાં ગાત્રો શિથિલ થવાનાં અને કેડ નમી જવાની. મરવાની ઈચ્છા ન હોવા છતાં મરવું તો પડશે જ. આ બધું જે જાણે છે તે જ્ઞાની છે અને જે જાણતો નથી તે અજ્ઞાની છે.

'મારી પત્ની તરફ હું પ્રેમાળ છું અને જગતમાં મારા જેવો કોઈ પતિ થયો નથી અને થશે નહી' તેવી મારી માન્યતા અજ્ઞાનથી ભરેલી હતી તેનો ખ્યાલ મને લગ્ન બાદ, જયારે હું પત્ની સાથે મારી સાસરીમાં ગયો ત્યારે સમજાયું. સાસુ, સસરા, સાળી, સાસરીના સગાં અને આડોશી-પાડોશીઓએ મને ઠપકો આપ્યા કર્યો : 'જમાઈરાજ! તમારે ત્યાં ખાવાનું ખૂટી ગયું છે ? બહુ કંજૂસાઈ કરો છો ? અમારી દીકરીને સૂકવી નાખી, ખરા છો તમે તો !'' આ અદ્‌ભુત જ્ઞાન થતાં મને સમજાયું કે, 'મારી કૃશકાય પત્ની માંદી છે અને એને પુષ્ટ કરવાની જરૂર છે, તે એટલે સુધી કે એનો ભાર એના પગ ઉપાડવાની ના પાડે તો જ તે સ્વસ્થ ગણાય ?'

એવું કહેવાય છે કે દુનિયા જયારથી બની છે ત્યારથી પત્નીઓને માંદા પડવાની ટેવ પડી છે. એટલે સ્વાભાવિક છે કે મારે ફાળે જે પત્ની આવે તે પણ માંદી જ હોય અને છે. પત્નીઓ પોતાની માંદગીનું પહેલું કારણ એના પતિને ગણાવે છે. બાકી, પિયરમાં તો એ છલાંગો ભરતી હરિણી જેવી હતી. પણ જયાં એ સાસરીમાં પગ મૂકે છે કે તરત માંદગીનો અમલ શરૂ થઈ જાય છે. નવો નવો પરણેલો યુવાન એનો પતિ; બિચારો નવી આવેલ વહુની અવનવી ચેષ્ટાઓ જોઈને ગભરાઈ જાય છે. એ કોને પૂછે ? મા કે ભાભીને કંઈક વાત કરે તો બધાં એની વાતને હસી કાઢે છે. વહુ એના પિયરને યાદ કરીને રડે છે. માની પાસે હતી, ત્યારે તે ઉંઘવું હોય ત્યારે ઉંઘતી અને જાગવું હોય ત્યારે જાગતી; જયારે અહીં સાસરીમાં પતિ આવે નહીં ત્યાં સુધી જાગવું પડે, પછી ઉંઘે નહી ત્યાં સુધી જાગવું પડે અને એ જાગે ત્યારે ઉંઘવું હોય તો ય જાગવું પડે. નિરાંતે ઉંઘી ન શકતી પત્ની બિચારી માંદી ન રહે તો બીજી કઈ રીતે રહે ?

મારી પત્નીનું સ્વાસ્થ્ય, આમ જોવા જઈએ તો સારું ગણાય, કારણ કે ખડખડાટ હસી શકે છે, ખાવાપીવામાં કોઈનાથી પાછી પડતી નથી અને જયારે જયારે ઓરડામાં નજર નાખું છું, ત્યારે ત્યારે સૂતેલી જ દેખાય છે. હું પાસે જઈને નમ્રતાથી પૂછું : 'તારી તબિયત તો બરાબર છે ને ? તરત ઉત્તર મળે : 'માથામાં ધીમું ધીમું દર્દ થાય છે, શરીર તૂટે છે અને જીર્ણજ્વર પણ છે.' માથું દુઃખવું કે પેટમાં ચૂંકવું એ એવો રોગ છે જેનું નિદાન કોઈ હકીમ કે ડોકટર કરી શકતો નથી. એક્સ-રે પણ આ દર્દનું ચિત્ર ઉતારવામાં લાચારી અનુભવે છે. 'શરીર તૂટે છે' એમ પત્ની કહે ત્યારે શું સમજવું ? શરીરનું તૂટવું એ વૃક્ષની ડાળી તૂટવા જેવું તો છે નહીં, કારણ કે તેમાં તો ડાળી તૂટે અને જોનારા જોઈ શકે કે, આ ડાળી તૂટી. હવે જીર્ણ જ્વરની વાત રહી. તાવ અંગે મેં શંકા દર્શાવી, તો પત્નીએ કહ્યું : 'લ્યો, તમે જ જોઈ લો ને ? મેં એનો હાથ પકડ્યો તો ઠંડો હિમ જેવો લાગ્યો. પત્નીને સંતોષ થાય અને ખોટું ન લાગે તેમ, મેં કહ્યું : 'તને જીર્ણજ્વર નથી, પણ શીતજ્વર હોય તેવું લાગે છે.'

મારી નાજુક પત્ની માંદી હોવાનો ઢોંગ કરે છે એવો વહેમ મને પડતો હતો. કદાચ ઘરકામ કરવા તરફની એની ઉદાસીનતા. એક કારણ હોય. દેશમાં સર્વવ્યાપી બનેલો કર્મચારીનો ચેપીરોગ એને લાગુ પડતો જતો હોય તેવી તેની રીતભાત જણાતી. વળી મારા અનહદ પ્રેમની કસોટી કરતી હોય તેવું મને લાગ્યા કરતું. રોદણાં રડવાની ટેવ પડી ગઈ હોય તેવી વ્યક્તિ છેવટે રોતલ બની જાય છે, તેમ શરૂઆતમાં કામથી છટકવા ફરતી મારી પત્ની, ખરેખર ડોકટર માંદગીનું પ્રમાણપત્ર આપી શકે એવી માંદી પડી ગઈ. હું છેવટે પતિ હતો અને એ લાયકાત ટકાવી રાખવા, ડોકટર એક દવા લખી આપે તો હું દશ લાવીને મૂકતો હતો. ડોકટરો બદલતો હતો. મારી પત્ની ડોકટરને એની જીભ બતાવે કે હું દવાઓ લાવી આપું, તેથી જ કાંઈ એનો રોગ જાય તેમ ન હતો. હું દવા કપમાં રેડી, બીજા હાથમાં શુદ્ધ પાણીનો પ્યાલો લઈ ઉભો રહું નહીં ત્યાં સુધી, તે દવા પીતી નહીં. મોં કટાણું કરતી અને એકાદ ઘૂંટડો પીને થૂથૂ કરતી, એમ કરતાં અડધી દવા પેટમાં જતી અને અડધી દવા મારા વસ્ત્રોને ભીંજવતી. ઉપરાંત માંદી પત્ની બોલતી : 'દવા ખૂબ કડવી છે, તમારા હાથે તો હું ઝેર પણ પી જાઉં;' ન કરે નારાયણ અને આ માંદી પત્ની જો સ્વધામ પહોંચી જાય તો સાંભળનારા તો એવું જ અનુમાન કરે કે એના પતિએ એનાથી છુટકારો મેળવવા સ્વહસ્તે ઝેર આપ્યું હશે !

ખરેખર તો મારી પત્ની માંદી નથી હોતી, પણ વારંવાર માંદગીની નોટિસ આપીને મને એ હેરાન કરવામાં પ્રવૃતિશીલ રહે છે. એ જાણવા માગતી હોય છે કે, પોતે જયારે માંદી હોય ત્યારે પોતાનો કહેવાતો પતિ શું કરે છે ? કેવી રીતે વર્તે છે ? કેટલો દુઃખી થાય છે અને કેટલી હમદર્દી બતાવે છે ? એ જાણીને પછી પતિ પોતે માંદો પડે ત્યારે કેટલા પ્રમાણમાં એની સેવા કરવી, સેવા કરવી કે નહીં, એને આ પૃથ્વી પર ટકવા દેવો કે નહીં, કદાચ આનો નીર્ણય એ કરવા માગતી હોય ? 'પત્ની માંદી છે' એ જાણ્યા પછી પતિના મુખ પર કોઈ ચિંતાની નિશાની એના જોવામાં ન આવે તો પતિ કેટલો નીચ છે તેનો તેને ખ્યાલ આવે છે અને એવા શુદ્રને પોતે કેવો ને કેટલો હેરાન કરી શકે છે તેનો આનંદ તેના મુખ પર પ્રગટ કરે છે.

હું નાની નાની માંદગીની વાત કરું, જે ખરેખર કોઈ મહત્વ ધરાવતી નથી, પણ પતિને ઉંચોનીચો કરવા જ તે ક્રમબદ્ધ યોજવામાં આવે છે. સવારના પહોરમાં મારી માંદી દેખાતી પત્નીએ કહ્યું : 'આજે તો મારું માથું ભારે ભારે લાગે છે.' મેં વિચાર્યું : 'માથું ભારે છે ત્યાં સુધી ઠીક છે, પગ ભારે થાય તો તો આફત,' પછી કહ્યું : 'ઘરમાં એસ્પ્રીરીન, કોડોપાઈરીન અને એનેસીનની ગોળીઓ પડી જ છે, ખાઈ લે' પણ તે ખાશે નહી, પણ કહેશે : 'મારે તો સુદર્શન ચૂર્ણ ખાવું છે, તેનાથી જ મને મટશે!' હું દોડતો જઈને ચૂર્ણ લઈ આવું છું. દવા કડવી લાગતાં ડબ્બો પડ્યો રહે છે. ઉધરસ થવાની ફરિયાદ કરે તો કહું છું : 'આપણી પાસે ખદિરાવટી છે, એ ઠીક રહેશે' તો કહે છે : 'મારે તો જેઠીમધવાળી વિક્સની ગોળીઓ ખાવી છે.' વિક્સની ગોળીઓ મોંમાં ઓગાળ્યા કરે અને મારી સામે ત્રાંસી આંખે જોયા કરે. શરદી થાય ત્યારે કહું છું : 'વિક્સ લગાવ કે અજમો-વિક્સ નાખીને નાક વાટે તેની વરાળ લે.' ત્યારે માંદી પત્ની નાક ફુલાવી કહે છેઃ 'મને તો આઈસ્ક્રીમ લાવી આપો, મને એ માફક આવશે.'

એક વાર મારી માંદી પત્નીએ મને પ્રશ્ન કર્યો કે, 'આ ઈન્ફ્લૂએંઝા કઈ જાતની બીમારી છે?' મેં કહ્યું : એ જાપાનથી હવાઈ માર્ગે આવેલ છે અને ભારતમાં ઉડીને એકબીજાને વળગેલ છે.' પત્ની કહે : હં ત્યારે, એ દેશી બીમારી નથી, પણ વિદેશી બીમારી છે. મેં કહ્યું : 'આમ તો એને વિદેશી કહી શકાશે નહી, કારણ કે જમાં નવા સંશોધનો વિષે આપણેકહીએ છીએ કે એ તો અમારા પુરાણાં શાસ્ત્રોમાં હતા જ. જેમકે, રામચંદ્ર એરોપ્લેનમાં લંકાથી અયોધ્યા આવેલા, સંજયે ધૃતરાષ્ટ્રને રેડિયો કે ટેલિવિઝન પર જ મહાભારતનું યુદ્ધ બતાવેલું, મહર્ષિ નારદની ઉંચી જટામાં એરિયલ રહેતું અને દુનિયાભરના સમાચાર તે જાણી લેતા. અશ્વત્થામાએ બ્રહ્માસ્ત્રનો પ્રયોગ કરેલો તે અણુશસ્ત્ર હતું અને મહાભારતમાં એકધ્ની અને સહસ્ત્રધ્નીની વાત આવે છે તે બંદૂક અને તોપની જ વાત છે. તે જ પ્રમાણે આપણા વૈદોએ ચરક-સુશ્રુતમાંથી શોધ કરીને આ વિદેશી બીમારીના મૂળ પણ આપણે ત્યાં જ હતાં તે શોધી કાઢ્યું છે. પત્ની કહે : 'એનાં લક્ષણો કેવાં હોય ? મેં કહ્યું, 'પ્રિયે ! એમાં રોગી પહેલાં માથું દુખ્યાની વાત કરે છે, પછી પાસું ફરીને પલંગમાં સુઈ જાય છે અને કોઈ બોલે કે મનાવે તોય વાત કરે નહીં અને શરીર તૂટવાની ફરિયાદ કર્યા કરે. 'પત્ની કહે : 'તમે મારી મજાક કરો છો?' મેં કહ્યું : મજાક નહીં, રોગના લક્ષણો જ એવાં છે. જોકે આ રોગમાં ચા પીવાથી એનું જોર ઓછું થાય છે અને સિનેમા જોવાથી મટી જાય છે. એમ ન કરો તો રોગીને આરામ કરવા દેવામાં આવે, એને દિલદુઃખ થાય તેવું સંભળાવવામાં ન આવે, અને એની માંગણીઓ પૂરી કરવામાં આવે, તો અવશ્ય મટે.' મારી માંદી પત્ની કહે. 'તમે મારી હળવા શબ્દોમાં મશ્કરી કરો છો?' મેં કહ્યુંઃ 'ના, ના, મારી શી તાકાત કે તારી મશ્કરી કરી શકું !'

હમણાંની મારી માંદી પત્ની ચિડિયલ બની ગઈ છે. પડે ગધેડા પરથી અને ગુસ્સો ઉતારે કુંભાર પર. એમ મારો વાંક ન હોવા છતાં છણકા કર્યા કરે. ખાટા ઓડકાર ખાય, ઉબકા આવે, કોઈ વાર વમન કરે. મેં પૂછ્યું, 'કોઈ માંદગી છે ? તે કહે : સમજી જાવને? મને મંદમંદ હસતી, નવ મહિના બીમાર રહી. હોસ્પિટલમાં લઈ જવી પડી. ત્યાં, એની સારી સારવાર થયા પછી નર્સે મને કહ્યું : બાબો આવ્યો, અભિનંદન ! પત્ની પલંગમાં સૂતી હતી.. એની નજર પૂછી રહી હતી : 'આ દુઃખની દુનિયામાં કોઈ દવા છે?' મેં પેંડાનું ખોખું ખોલી, આખો પેંડો સ્વહસ્તે પત્નીના મુખમાં મૂકયો. 'પહેલું દુઃખ તે પત્ની માંદી' એ ખરું છે, પણ આ રીતે જો પત્ની માંદી પડે તો પુરુષના જીવનમાં 'પહેલું સુખ તે પત્ની માંદી' એ પણ એટલું જ સાચું જણાય છે.

# કેવું દાંપત્ય જીવન પ્રભુને ગમે ?

**પ્રભુ ને શું ગમે ?**
**-અંબાલાલ પટેલ**

નરનારીના ગુણો મળતાં, બને જીવન દાંપત્ય.

અર્ધનારી-નારેશ્વર રૂપે, બન્યું તે શિવ સ્વરૂપ.

આપણી વૈદિક સંસ્કૃતિમાં દેવોના દેવ મહાદેવનું એકરૂપ અર્ધનારી નટેશ્વરનું છે. અડધું શરીર સ્ત્રીનું અને અડધું શરીર પુરુષનું સંમિલિત થયેલું રૂપ છે. આ રૂપ તે બતાવે છે કે પુરુષના ગુણો અને સ્ત્રીના ગુણોનું સંમિશ્રણ છે. પુરુષના ગુણો જેવા કે શૌર્ય - પરાક્રમ - વિવેક - કર્તવ્યનિષ્ઠા - આક્રમકતા - તેજસ્વીતા છે. સામે સ્ત્રીના ગુણો જેવા કે વાત્સલ્ય, સમર્પણ, કરૂણા, પ્રેમ, લજ્જા, સ્નેહ વિગેરે હોય છે.

આ પુરુષ ગુણો અને સ્ત્રી ગુણો મળીને દાંપત્ય જીવન મહેકી ઊઠે અને સ્વર્ગીય સુખ માણી શકાય. આ ગુણો મેળવવાની દુકાનો નથી કે જે ખરીદી શકાય. તેના માટે સર્વગુણ સંપન્ન અને સર્વશક્તિમાન ભગવાન પાસે પતિ-પત્નીએ સાથે બેસીને પ્રાર્થના દ્વારા પ્રભુ પાસેથી આ ગુણો મેળવવા જોઈએ. અને તેવા ગુણોવાળાં ચરિત્રો જેવાં કે સીતા, સાવિત્રી, દ્રૌપદી, કુંતા, મદાલસા, દમયંતિ, તારામતિ-સામે પુરુષગુણો માટે અર્જુન, અભિમન્યુ, હનુમાન, ભીષ્મ, નચિકેતા, હરિશ્ચંદ્ર, લક્ષ્મણ જેવા ભવ્ય અને દિવ્ય - તેજસ્વી નિષ્ઠાવાળા ચરિત્રો ભાવપૂર્ણ હૃદયથી વાંચવા, વિચારવા અને મનન કરવાથી કીટ ભ્રમરે ન્યાયે આપણા જીવનમાં તે ગુણો સંક્રાંત થાય.

પત્નીએ પતિમાં પુરુષગુણો સ્થિર થાય અને વર્ધન થાય તે જોવું. પુરુષે સ્ત્રીમાં સ્ત્રીગુણો સ્થિર થાય અને વર્ધન થાય તેની કાળજી રાખવી. પુરુષ ક્ષૈણ ન થાય સ્ત્રી પૌવત ન બને, તો જ આકર્ષણ રહે ને જીવનકાવ્ય બને. એકબીજામાં આકર્ષણ ગુણોને ટકાવી જીવનસ્વાદ માણે, જીવન દૈવી બનાવે. સદ્‌ગુણો જીવનમાં સ્થિર થતાં જ દુર્ગુણો આપમેળે જ ચાલ્યા જશે.

એક પ્રસંગ કહું-એક દંપતી સ્કુટર ઉપર જતાં હતાં. જોગાનુજોગ એક પક્ષી ચરકી જતાં બન્નેનાં કપડાં બગડેલાં. સ્કુટર ઊભું રાખી વૉટરબેગમાં રાખેલા પાણીથી ધોતાં હતાં - મને કહે કાકા શું થાય, પક્ષી ચરકી ગયું. મેં કહ્યું લગ્નમાં જતા હશો. કહે - હા.

મેં કહ્યું ધીમે ધીમે સાફ કરીને જાવ. ડાઘ કપડાને સારો ન લાગે. જીવનમાં પણ જાણે-અજાણે આવી રીતે ડાઘ પડી જતા હોય છે દુર્ગુણો - દુષણો - વ્યસનોના.

સામેથી તેમણે મને પૂછ્યું, કાકા તે દુષણોના ડાઘા કેમ કાઢવાના અને ક્યાં ધોઈને સાફ કરવાના ? પૃચ્છા થતાં મને આનંદ થયો.

મેં કહ્યું કપડાના ડાઘા તેમજ મેલ કાઢવા જેમ ધોબીઘાટ હોય, સાબુ લગાડવાનો હોય, ગરમ પાણીમાં નાખવાનું હોય-તે બધું થાય પછી ડાઘ, મેલ જાય ને કપડાં સ્વચ્છ થાય. સારાં લાગે. પહેરવાની મજા આવે. તેવી રીતે જ જીવનમાંથી દુર્ગુણો રૂપી ડાઘા કાઢવા માટે પણ સ્વાધ્યાય કેન્દ્રો, સત્સંગ કેન્દ્રો, જ્ઞાનભાવ કેન્દ્રો તથા પ્રાર્થનાકેન્દ્રો, ધ્યાન-કેન્દ્રો હોય છે અને ત્યાં જીવન શુભ, સ્વચ્છ, દૈવી, તેજસ્વી, ભાવવાન બને ત્યાં જવું જ જોઈએ. તેનાથી જ પત્નીને પતિમાં નારાયણનાં દર્શન થાય. પતિને પત્નીમાં લક્ષ્મીનાં દર્શન થાય. આમ દાંપત્ય જીવનમાં એકબીજાની ગરીમા જળવાઈ રહે ને ઘરમાં જ સ્વર્ગ ઊભું થાય. પુરુષ-મુખ પર પ્રસન્નતા રહે અને સ્ત્રી-મુખ પર હાસ્યનું સ્મિત રહે. એકબીજાને ગૌરવશાળી - વૈભવશાળી ભાષામાં બોલે, બોલાવે. આજની જેમ ખોખલી ભાષામાં નહિ, જેવી કે છગન બહાર ગયો છે. (પોતાના પતિને સંબોધી પત્ની બોલતી હોય) આવી છીછરી ભાષા પશ્ચિમનું આંધળું અનુકરણ ન કરતાં ભાવવાળી ભાષામાં તેઓ બહાર ગયા છે તેમ માનવાચક, ભાવવાચક ભાષા પત્ની વાપરે તો ઘરમાં પતિનું ગૌરવ અને ગરીમા જળવાય. પત્ની સહધર્મચારીણી છે, ધર્મપત્ની છે (કામપત્ની કહ્યું નથી). પુરુષને ધર્મમાં પ્રેરે, ધર્મકાર્યમાં પીઠબળ આપે તે ધર્મપત્ની. દાંપત્ય જીવન એટલે યૌવનને આરે ઊભેલું જીવન. આ ઉંમરે વિષયોથી વધેરાઈ ન જવાય-ભોગો આપણને ન ભોગવી જાય તે માટે સંયમ મહત્ત્વનો ગુણ છે. શબ્દ, સ્પર્શ, રૂપ, રસ, ગંધ આ વિષયોમાં જતાં ઈન્દ્રિયો ધર્મથી વિરુદ્ધ ખેંચાઈ ન જાય તે જોવું. કાચબાની જેમ વિવેકથી સમેટી લેવી. આત્મસ્થ કરવી અને યુવાની દીવાની ન બનાવતાં, પ્રભુગામી, ગુણગામી, આનંદગામી, દૈવી બનાવી દાંપત્યને શણગારવું. એવું દાંપત્ય જીવન પ્રભુને જરૂર ગમશે. આના સારરૂપે ભાવગીત ગાશું...

## દાંપત્ય માણશું, જીવનને જાણશું...

(રાગ : શૈશવ ખીલાવશું યૌવનને માણશું)

દાંપત્ય માણશું જીવનને જાણશું. લક્ષ્મીનારાયણના ભાવો જગાડશું.
પ્રભુકામે જીવનને જોડશુ રે... સંસાર સુંદર બનાવશું.
સંગ સંગ સીતા ને રામ રહીશું. એકરૂપ થઈ સુખદુઃખને સહીશું.
પ્રભુપ્રસાદ જીવનને માનશું રે... સંસાર સુંદર બનાવશું.
ભાવ અને પ્રેમ જીવનમાં વધારશું. ભક્તિફેરીમાં સાથ - સંગાથે રહીશું.
ભાવ આપી લઈ પુષ્ટ બનશું રે... સંસાર સુંદર બનાવશું.
વિચારો નિર્ણયો એકરૂપ કરશું. હૃદયના ભાવોથી ભીંજાતા રહીશું.
પ્રભુગમ્ય જીવનને કરશું રે... સંસાર સુંદર બનાવશું.
રાધા ને શ્યામના સ્નેહને સમજશું. ગોપીના ભાવ જેમ હૃદયો ભીજવશું.
અદ્વૈતનો આનંદ લૂંટશું રે... સંસાર સુંદર બનાવશું.
ભાવ આપી લઈ પુષ્ટ બનશું રે... સંસાર સુંદર બનાવશું.
વિચારો નિર્ણયો એકરૂપ કરશું. હૃદયના ભાવોથી ભીંજાતા રહીશું.
પ્રભુગમ્ય જીવનને કરશું રે... સંસાર સુંદર બનાવશું.
રાધા ને શ્યામના સ્નેહને સમજશું. ગોપીના ભાવ જેમ હૃદયો ભીજવશું.
અદ્વૈતનો આનંદ લૂંટશું રે... સંસાર સુંદર બનાવશું.

# ખાવામાં ગુજરાતીઓ જેવી સમજ પરદેશીઓને ના પડે





દુનિયાના પ્રવાસની વાત આવે ત્યારે ગુજરાતીઓ સૌથી મોખરે હોય. લીમડીથી લાસવેગાસ અને પાલિતાણાથી પેરિસ સુધી ગુજરાતી પ્રવાસી ગમે ત્યાં મળી જાય. પાછા આપણા ગુજરાતીઓ જ્યાં ફરે 'એક ગુજરાતી ત્યાં સદાકાળ ગુજરાત'માં માનવાવાળા હોય, જયાં જાય ત્યાં ગુજરાતી રસોડું ઉભું કરી દે. પ્રવાસ કરવાની આપણી સ્ટાઈલ પણ ઓરિજિનલ ગુજરાતી હોય. ભાષા અને રહેણીકરણીમાં ગુજરાતીપણું ભલે આપણે છોડવા લાગ્યા છીએ, પણ ખોરાક બાબતે આપણે ટસથી મસ ના થઈએ. પરગામ કે પરદેશ જતી વખતે પણ આપણા લગેજમાં કપડાં ઓછા અને નાસ્તા વધારે હોય. ટુર માટેનું આપણું શોપિંગ ખાખરાથી ચાલુ થાય, કારણ કે આ ખાખરો જ આપણો પ્રાણદાતા બની રહેવાનો છે. એની ગુજરાતીને ખબર હોય છે. એ ખાખરા પાછા આવતા સુધી ચલાવવાના હોવાથી એનો જથ્થો અને જાળવણી બંને જોરદાર જોઈએ. આ સ્પેશિયલ ખાખરાને બચાવવા બેગમાં કપડાનું આખું ઈન્કયુબેટર તૈયાર કરવામાં આવે. પાછા એ ખાખરાને જર્નીમાં એકલું ન લાગે માટે થેપલાં, ભાખરી, પુરી, સેવ, સક્કરપારા, ચકરી એમ આખી દુકાન ગોઠવવામાં આવે. અથાણાં, સુખડી વગર તો સંઘ કાશીએ કેમ પહોંચે ? પરદેશ પહોંચીને તમે ગુજરાતી બંધુને આંખો બંધ રાખીને પણ ઓળખી પાડો. એનાં કપડામાંથી આવતી થેપલાંની મસાલેદાર ખુશબુથી...

પરદેશમાં ઘર જેવું ખાવાનું મળવું જોઈએ આ શરત સાથે જ ગુજરાતી ઘરની બહાર પગ મૂકે. આવા ભોજનચાવળાઓ વર્લ્ડટૂર કરે. એમાં 'નગરી નગરી દ્વારે દ્વારે ઢૂંઢેરે ગુજરાતી ભજિયાં..' કરતા થાળી શોધતા ફરે. પરદેશમાં જઈને ત્યાંનું ભોજન ટ્રાય ન કરો તો આટલે દૂર જવાનો અર્થ ખરો ? એફિલ ટાવર પર જઈને પેલું બચાવી રાખેલું અડધું થેપલું ખાય, ત્યારે ગુજરાતીને સંતોષ થાય. ટૂરમાં ગુજરાતી ફૂડ લખાવ્યા છતાં બચારું આખું કુટુંબ લગભગ મહિનો ભૂખ્યું ભુખ્યું ફરે અને પાછા આવીને જીવરામ ભટ્ટની જેમ ફાંકો મારે કે આપણું ફૂડ તો આખી દુનિયામાં મળી રહે. હકીકતમાં સુદામાની તાંદુલની પોટલીની જેમ સાચવીને રાખેલો પેલો ખાખરાનો ભૂકો બ્રેકફાસ્ટ, લંચ, ડીનર બધે વહારે આવ્યો હોય. પરદેશ ભ્રમણ વખતે આપણને ગુજરાતીપણું જોરદાર રીતે નડતું હોય. પરદેશમાં નોનવેજ સિવાય પણ ખાઈ શકાય એવી ઘણી વાનગીઓ ઉપલબ્ધ હોવા છતાં આપણને એવી વાનગીઓ પણ આપણને માફક ના આવે અ ને સરવાળે 'આપણે ફરવા આવ્યા છીએ ખાવા નહીં એવું વટવિધાન આપણે ભૂખનાં માર્યા અડધી કાઠીએ બોલીએ. પરદેશી વાનગીઓ ટ્રાય કરતાં આપણને આપણી કૂપમંડૂકતા રોકે અને આપણા પેટમાં ભૂખના મંડૂકો કૂદકડા મારે, પણ કોઈપણ ફૂડ પર ગુજરાતીપણું ભભરાવ્યા વગર તો આપણે એ આરોગી શકીએ નહી. કોઈપણ દેશ કે પ્રદેશના ઓથેન્ટિક ફૂડને આપણે ઓથેન્ટિક રહેવા દીધું નથી. જગતભરની વાનગીઓનું ગુજરાતીકરણ કરીને એ વાનગીઓનુ સત્યનાશ વાળવામાં આપણે પાછું વળીને જોવામાં માનતા નથી. થાઈફૂડને થાળીમાં ફેરવી નાખીએ, પીઝાને તો સાવ પટલાવી નાખવામાં આવ્યો હોય. ઓરિજિનલ ઈટાલિયન પીઝા જોઈને આપણી ચાર બાય ચારના રસોડાની બહાર ના નીકળી હોય એવી રસોડાની રાણી તરત એક્સપર્ટ ઓપિનિયન આપે કે પીઝા આવો ના હોય. ભરપૂર ખાંડ ધબકારેલી પ્યુરે અને ચીઝથી આચ્છાદિત ગોળ પદાર્થ એટલે પીઝા, મદ્રાસો ઢોંસો હોય કે મુંબઈની પાઉભાજી, પંજાબી ડબલ તડકાની સબ્ઝી હોય કે હૈદરાબાદી બિરિયાની, મેક્સિન ફૂડ હોય કે ચાઈનીઝ.. એના રૂપ, રંગ, સ્વાદ બધાની ધજ્જીઓ ઉડાવી નાખવામાં આપણે કશું બાકી રાખ્યું નથી અને આપણે ડહોળી નાખેલા સ્વાદાનુસાર વાનગી પરદેશમાં ન મળે, ત્યારે આપણે બેગમાંથી અડધો ખાખરો વહેંચીને ખાઈ લેવો પડે.

વિશ્વમાનવીની હરોળમાં ના બેસી શકીએ તો ચાલે પણ ખોરાક બાબતે વરસમાં પાંચ દિવસ પણ આપણે જક્કી વલણ ના છોડીએ. કોફીના નામે દૂધપાક પીએ, સ્વિત્ઝર્લેન્ડની રેસ્ટોરન્ટમાં જઈને મેન્યુકાર્ડમાં ખીચડી શોધીએ. આપણે હોટેલના રૂમથી રેસ્ટોરન્ટમાં જવા નીકળતા હોઈએ, ત્યારે બેગ ખોલીને પેલા વધેલા ખાખરાના ભૂકાને એકવાર હસરત ભરી નજરોથી જોઈ લઈએ અને એ ખાખરાના ભૂકામાંથી વહેતું ગીત સંભળાય 'કોઈ જબ તુમ્હારા હિરદય તોડ દે.. તબ તુમ મેરે પાસ આના પ્રિયે..' અને અંતે બને પણ એવું જ રેસ્ટોરન્ટની એક પણ રેસિપિ ગુજરાતી ના નીકળે. પરદેશમાં જો કદાચ ભૂલે ભટકે કોઈ ગુજરાતી થાળીવાળી રેસ્ટોરન્ટ દેખાય જાય તો વર્લ્ડટૂરનો આનંદ કૌંસમાં મુકાઈ જાય. પેટ ડોગને છુ કહ્યું હોય એ સ્પીડથી આખું કુટુંબ એ રેસ્ટોરન્ટ તરફ દોટ મૂકે. પર્સમાંથી પેલી અથાણાંની અમૃત સમાન શીશી કાઢે અને એ થાળીને ઘર જેવી બનાવીને તૃપ્ત બની જાય. વર્લ્ડ ટૂર કરીને પરત ફરેલા ગુજરાતી કુટુંબને એના અનુભવો પૂછો તો બરફના પર્વતોની પાછળથી ઉગતો કે દરિયામાં સમાતો સૂર્ય નાખે ચૂલામાં અનો પેલી ગુજરાતી રેસ્ટોરન્ટમાં ખાધેલી ખીચડીનો પડી ગયેલો ટેસ... યાદ કરે. તમારા પરગામ કે પરદેશ જવાની જાણ જો આ ચેતતાં નર-નારીને થાય તો તમને પ્રેમ ભરી સલાહ આપતાં કહે કે સૌથી પહેલાં ખાખરા અને અથાણા બેગમાં મૂકજો. તમે પણ ગુજરાતી હોવાના દાવે જવાબ આપો કે અમે બેગની સાથે જ ખાખરા અથાણાની ખરીદી કરી હતી. પરદેશીઓને ક્યાં ખાવામાં સમજ પડે છે ?

# એસિડિટીના દર્દી માટે કેળાં ફાયદાકારક

(૧) પેશાબ બંધ થઈ ગયો હોય તો કેળાંનું પાણી આશરે પાંચ-છ તોલા અને તેમાં બેથી અઢી તોલા ગરમ કરેલું ગાયનું શુદ્ધ ઘી નાખી પીવડાવવું.

(૨) તાવને લીધે અશક્તિ આવી હોય તો દરરોજ બેથી ત્રણ પાકાં કેળાં ચાવી-ચાવીને ખાઈ જવાં.

(૩) કોઈ બાળક ઝીણી વસ્તુ કે સિક્કો ગળી ગયું હોય તો તેને જુલાબ ન આવવો, પરંતુ કેળાં ખવડાવવાથી તે વસ્તુ દસ્તમાં આપોઆપ નીકળી જશે.

(૪) ગૂમડાં ઉપર પાકાં કેળાંને ગરમ કરીને બાંધી દેવાથી ગૂમડું જલ્દી પાકીને ફૂટી જાય છે.

(૫) ફૂટી ગયેલાં ગૂમડાં ઉપર ઠંડુ પાકું કેળું બાંધી દેવાથી ગૂમડામાં ઝડપથી રૂઝ આવી જાય છે.

(૬) અશકત- દૂબળાં બાળકોને દરરોજ કેળાં ખવડાવવાથી તેમનો બાંધો મજબૂત થશે.

(૭) પેટમાં ચાંદા પડ્યાં હોય તેવા દર્દીઓ માટે તેમજ એસિડિટીના દર્દીઓ માટે કેળાં ઘણાં ફાયદાકારક છે.

(૮) બાફેલાં કેળાંને દહીં-ખાંડ સાથે ખાવાથી ઝાડા મટે છે.

(૯) હોજરીમાં ઉત્પન્ન થયેલા ગેસ, ખટાશ દૂર કરે છે.

(૧૦) દાઝી ગયેલા ભાગ ઉપર કેળાંને છૂંદીને લગાડવામાં આવે તો બળતરા મટે છે.

(૧૧) કેળાંમાં રહેલા સ્ટાર્ચ પાચનતંત્રને તંદુરસ્ત રાખે છે તથા ફાઈબર પણ મળે છે.

(૧૨) સારાં પ્રમાણમાં પોટેશિયમ ઉપલબ્ધ હોય છે.

(૧૩) કેળાંને શક્તિનું પાવર હાઉસ માનવામાં આવે છે.

(૧૪) ગળાંમા વાળ અટકી ગયો હોય તો બે-ત્રણ કેળાં ખાઈ જવાં. વાળ તરત જ નીચે ઊતરી જશે.

(૧૫) કેળામાં કેલ્શિયમ, ફોસ્ફરસ, મેગ્નેશિયમ, પોટેશિયમ વિ.ખનિજ ક્ષારો હોવાને લીધે લોહી ઝડપથી બને છે, જેથી હિમોગ્લોબીનનું પ્રમાણ સારું રહે છે.

(૧૬) કેલ્શિયમને કારણે બાળકોનાં હાડકાંનાં બંધારણમાં ફાયદો થાય છે.

# જો પૃથ્વી પર ફકત સ્ત્રીઓનું જ અસ્તિત્વ હોય તો ?

જસ્ટઈમેજિન, જો પૃથ્વી પર ફકત સ્ત્રીઓનું જ અસ્તિત્વ હોય તો ? શું પૃથ્વી પર મનુષ્યનું અસ્તિત્વ ટકી શકશે ? શું પૃથ્વી પરના બધા જ પુરુષો નાશ પામ્યા હશે કે તેમનો ઉદય જ નહીં થયો હોય ? માનવ વસ્તી ટકાવી રાખવા માટે શું એકલી સ્ત્રીઓ સક્ષમ હશે ? શું સ્ત્રીઓના પ્રજનનતંત્રમાં કોઈ વિશિષ્ટ ફેરફારો થયા હશે ? જી હા, જો આપણે ફકત પૃથ્વી પર સ્ત્રીઓનું જ અસ્તિત્વ હોય તેવી કલ્પના કરી રહ્યા હોઈએ તો આવા પ્રશ્નો થવા સ્વાભાવિક છે. હવે એક એવી દુનિયાની કલ્પના કરો કે, જે સંપૂર્ણપણે સ્ત્રીઓના અસ્તિત્વના રંગોમાં રંગાયેલ છે. એક વાસ્તવિકતા કે જયાં પુરુષના પરિપ્રેક્ષ્યના પ્રતિબિંદુની ગેરહાજરી છે. દાયકાઓ સુધી નારીવાદી સાહીત્યમાં ચર્ચાયેલ આ વિચાર પ્રયોગ આપણને પણ એક પ્રશ્ન પૂછે છે કે, શું માનવતા ખરેખર ફકત સ્ત્રીઓના અસ્તિત્વથી ટકી શકે ?

આપણી વિજ્ઞાન અંગેની હાલની સમજ અને માનવ ઉદવિકાસ અને ઉત્ક્રાંતિના ઈતિહાસ મુજબ હજુ સુધી પૃથ્વી પર કોઈ કાળખંડમાં ફકત સ્ત્રીઓની જ હાજરી હોય અને પુરુષોનું અસ્તિત્વ જ ન હોય તેવી કોઈ સાબિતીઓ કે પુરાવાઓ મળ્યા નથી. તેમ છતાંય આપણે ફકત સ્ત્રીઓ ધરાવતી દુનિયાની હાયપોથેટિકલ પરિસ્થિતિની સંભાવનાઓ માટે કલ્પના કરીએ.

મનુષ્યોમાં સ્ત્રીઓ અને પુરુષો બન્નેનો સમાવેશ થાય છે. હવે આપણે એમ ધારી લઈએ કે, ભવિષ્યમાં પુરુષો અદશ્ય થઈ જશે અને ફકત સ્ત્રીઓનું જ અસ્તિત્વ બાકી રહેશે તો, પુરુષોના અસ્તિત્વનો નાશ થવાનું સૌથી સ્પષ્ટ કારણ વાય રંગસૂત્રને અસર કરતા કેટલાક વિશિષ્ટ પેથોજેન હશે. એટલે કે બની શકે કે કેટલાક એવા વાયરસ પૃથ્વી પર ફેલાઈ જાય કે જે પુરુષોમાં રહેલા વાય રંગસૂત્રનો નાશ કરે. જોકે આવા વાયરસનું અસ્તિત્વ પણ સંપૂર્ણપણે સૈદ્ધાંતિક છે. આવા વાયરસ ચોકકસ પ્રજાતિઓને અથવા તો એક પ્રજાતિની અંદરની કેટલીક ખાસ જાતિઓને લક્ષ્ય બનાવી શકે છે. આપણે સૌ જાણીએ છીએ કે જયારે સ્ત્રીના અંડકોશ અને પુરુષના શુક્ર કોષનું મિલન થાય ત્યારે જો બન્નેના રંગસૂત્ર મળ્યા હોય તો સ્ત્રીનો જન્મ થાય છે અને જો એકસવાય રંગસુત્રોનું મિલન થયું હોય તો પુરુષ એટલે કે બેબી-બોયનો જન્મ થાય છે. હવે જો કોઈ વાયરસના આક્રમણને લીધે પુરુષમાં વાય રંગસુત્રનો નાશ થાય અથવા તેમ કોઈ મ્યુટેશન સર્જાય તો બની શકે કે પ્રજનનની પ્રક્રિયામાં એકસએકસ રંગસુત્રનું જ મિલન થાય અને ફકત સ્ત્રીઓનો જ જન્મ થવા લાગે.

બીજી શકયતા આર્ટિફિશિયલ પાર્થેનોજેનેસિસમાં રહેલી છે એટલે કે, કૃત્રિમ અજાતીય પ્રજનન પાર્થેનોજેનેસિસ એ અજાતીય પ્રજનનું કુદરતી સ્વરૂપ છે કે જયાં સમાગમ વગર ઈંડામાંથી ગર્ભનો વિકાસ થાય છે. અમીબા જેવા સજીવો આવી રીતે જ પ્રજનન કરે છે પરંતુ મનુષ્યોમાં આર્ટિફિશિયલ પાર્થેનોજેનેસિસ કરવા માટે નોંધપાત્ર વૈજ્ઞાનિક પ્રગતિની જરૂર પડશે. ઓવેરિયન ટિશ્યૂબેન્કિંગ અને સોમેટિક સેલ ન્યુકિલયર ટ્રાન્સફર જેવી તકનિકો વડે આમ કરી શકાય છે. એસસીએનટી ટેકનોલોજીની મદદથી જ સૌ પ્રથમ ઘેટાનું કલોન કરવામાં આવ્યું હતું. આપણે આ ટેકનોલોજીમાં કેટલાક મોડિફિકેશન કરીને આર્ટિફિશિયલ પાર્થનોજેનેસિસ કરી શકીએ જોકે, એસસીએનટી એ જટિલ છે અને તેની સફળતાનો દર ખૂબ જ ઓછો રહે છે. આથી કદાચ પુરુષો વગરની દુનિયામાં સ્ત્રીઓ આ ટેકનોલોજી થકી બાળકોને જન્મ આપતી રહેશે.



પુરુષો વિનાની દુનિયા અપાર સામાજિક ઉથલપાથલો અનુભવશે. ઘણા નેતૃત્વના હોદ્દાઓ, ખાસ કરીને સૈન્ય અને રાજકારણ જેવા પરંપરાગત રીતે પુરુષ પ્રભુત્વ ધરાવતાં ક્ષેત્રોમાં મહિલાઓએ આગળ વધવાની અને આ ભૂમિકાઓ ભરવાની જરૂર પડશે કે જે સંભવિતપણે વધુ સહયોગી અને સંચાર- સંચાલિત નેતૃત્વ શૈલી તરફ દોરી જાય છે. બાળઉછેર અને ઘરકામ જેવા વિષયોની આસપાસના સામાજિક ધોરણો પણ પરિવર્તનમાંથી પસાર થઈ શકે છે. કામનો બોજ વહેંચવા માટે કોઈ પુરુષો ન હોવાથી, આ જવાબદારીઓ વધુ સમાનરૂપે વહેંચવામાં આવશે.

પુરુષોની ગેરહાજરીમાં કુટુંબ, સમુદાય અને સગપણને ફરીથી વ્યાખ્યાયિત કરવું પડશે. કુટુંબની વિભાવના સંભવત : સ્ત્રી- માત્ર વિશ્વમાં વિકસિત થશે. પિતા વિના, પરંપરાગત ન્યુકિલયર ફેમિલી ઓછા પ્રચલિત બની શકે છે. બાળકોના ઉછેર માટે સમુદાયો મોટી ભૂમિકા ભજવશે. સાથે નવા સગપણની રચનાઓ ઉભરી શકે છે. એકલ માતૃત્વ અને સમલૈંગિક યુગલો થકી બાળકોનો ઉછેર સામાન્ય બની શકે છે.

કલા, સાહિત્ય અને સંગીત નિઃશંકપણે પુરુષ પરિપ્રેક્ષ્યની ગેરહાજરી દ્વારા નવા સ્વરૂપથી આકાર પામશે. નવી કલાત્મક અભિવ્યકિતઓ અને વર્ણનો ઉભરી આવશે કે જે મહિલાઓના અનન્ય અનુભવો અને લાગણીઓને પ્રતિબિંબિત કરશે. સ્ત્રી સશક્તિકરણ અને પુરુષો વિનાની દુનિયામાં સ્ત્રી હોવાનો અર્થ શું છે તેની શોધખોળની થિમ્સ તરફ ધ્યાન વધુ હશે.

આ સાથે સાથે પુરુષો વિનાની દુનિયા ગહન નૈતિક પ્રશ્નો ઉભા કરશે. પ્રજનન માટે સામાજિક દબાણ વધુ તીવ્ર બની શકે છે. કે જે સંભવિતપણે એક ડાયસ્ટોપિયન દશ્ય તરફ દોરી જાય છે કે જયાં સ્ત્રીઓને માત્ર પ્રજનન માટેના સાધનો તરીકે જોવામાં આવે છે. શોષણને રોકવા માટે કૃત્રિમ પાર્થેનોજેનેસિસ જેવી ટેકનોલોજીઓને કાળજીપૂર્વક નિયંત્રિત કરવાની જરૂર પડશે. લિંગની વિભાવના પોતે જ પરિવર્તનમાંથી પસાર થઈ શકે છે. સંદર્ભ બિંદુ તરીકે પુરુષો વિના, સ્ત્રીઓ સ્ત્રીત્વની જ વ્યાખ્યા કેવી રીતે કરશે ? શું પરંપરાગત વ્યાખ્યાઓ અપ્રચલિત બની જશે ? આ ફકત કેટલાક અસ્તિત્વના પ્રશ્નો છે જેનો માત્ર સ્ત્રી-સમાજ જ સામનો કરશે. જયારે પુરુષો વિનાની દુનિયા એ એક સંપૂર્ણ કાલ્પનિક દશ્ય છે, તે લિંગ સમાનતા અને સામાજિક માળખા વિશે ચર્ચાઓ માટે સ્પ્રિંગ બોર્ડ તરીકે કામ કરે છે. આખરે, એવું ભવિષ્ય જયાં મહિલાઓને સમાજના તમામ પાસાઓમાં સમાન તકો અને પ્રતિનિધિત્વ મળે તે પુરુષોથી વંચિત વિશ્વ કરતાં વધુ વાસ્તવિક અને ઈચ્છનીય સ્થિતિ છે.

# સ્પોર્ટ્સ અપડેટ

## કોલિન મુનરોએ આંતરરાષ્ટ્રીય ક્રિકેટને અલવિદા કરી દીધું

**નવી દિલ્હી,**
હાલ આઈપીએલ ચાલી રહી છે. આઈપીએલ એના રોમાંચની ચરમસીમા પર પહોંચી ચૂકી છે. આઈપીએલ બાદ અમેરિકા અને વેસ્ટઈન્ડિઝમાં સંયુક્ત રીતે ટી-૨૦ ક્રિકેટ વર્લ્ડ કપ રમાનાર છે. ક્રિકેટના આ ફોર્મેટમાં ઓછા બોલમાં વધારે રન બનાવનાર ખેલાડીઓની ડિમાન્ડ છે. એવામાં એક એવા ખેલાડીએ ક્રિકેટને અલવિદા કહી દીધું છે જે ટી-૨૦ ફોર્મેટમાં અત્યાર સુધી ૩ શતક લગાવી ચૂક્યો છે.આ ખેલાડીના સન્યાસથી તેના લાખો ક્રિકેટ ચાહકો નિરાશ થયા છે. ક્રિકેટ ચાહકોને લાગ્યો મોટો આંચકો, વર્લ્ડ કપ શરૂ થતા પહેલાં જ વિસ્ફોટક બેટ્સમેને અચાનક કરી દીધી સંન્યાસની જાહેરાત. આ એવો ખેલાડી છે જે આંતરરાષ્ટ્રિય ક્રિકેટમાં ટી૨૦ ક્રિકેટમાં ૩-૩ સદી ફટકારી ચુક્યો છે. સ્ટ્રાઈક રેટની વાત કરીએ તો ૨૦ એક બોલમાં આ ખેલાડી બે થી ત્રણ લેવાની ક્ષમતા ધરાવે છે. અર્થાત આ ખેલાડી ગ્રાઉન્ડમાં બેટિંગ કરવા ઉતરે ત્યારે ચોગ્ગા-છગ્ગાની વણઝાર લગાવી દે છે. આવા ખેલાડીના સન્યાસથી ક્રિકેટ ચાહકોને મોટો આંચકો લાગ્યો છે. અહીં વાત થઈ રહી છે. ન્યૂઝીલેન્ડ ક્રિકેટ ટીમના ધુઆંધાર બેટ્સમેન કોલિન મુનરોની. ન્યૂઝીલેન્ડના વિસ્ફોટક બેટ્સમેન કોલિન મુનરોએ તેના ચાહકોને મોટો આંચકો આપ્યો છે. ૩૭ વર્ષની ઉંમરે આ ખતરનાક બેટ્સમેને આંતરરાષ્ટ્રિય ક્રિકેટમાંથી નિવૃત્તિ લેવાની જાહેરાત કરી છે. ૨૦ઈન્ટરનેશનલમાં ત્રણ સદી ફટકારનાર આ ખતરનાક બેટ્સમેને તાત્કાલિક અસરથી આંતરરાષ્ટ્રીય ક્રિકેટને અલવિદા કહી દીધું છે. કોલિન મુનરોએ છેલ્લા ૪ વર્ષથી ન્યૂઝીલેન્ડ માટે એક પણ આંતરરાષ્ટ્રીય મેચ રમી નથી. લાંબા સમય સુધી ટીમની બહાર રાખવામાં આવ્યા બાદ આ બેટ્સમેને આખરે પોતાની કારકિર્દીને લઈને મોટો નિર્ણય લીધો છે. કોલિન મુનરોએ ન્યુઝીલેન્ડ માટે તેની છેલ્લી આંતરરાષ્ટ્રીય મેચ ૨ ફેબ્રુઆરી ૨૦૨૦ના રોજ બે ઓવલ ખાતે ભારત સામે રમી હતી. કોલિન મુનરોએ ન્યૂઝીલેન્ડ માટે ૧ ટેસ્ટ, ૫૭ ઓડીઆઈ અને ૬૫ ટી૨૦ આંતરરાષ્ટ્રીય મેચ રમી છે.



## ઈશાન-શ્રેયરને સેન્ટ્રલ કોન્ટ્રાક્ટમાંથી બહાર રાખવાનો નિર્ણય ચીફ સિલેક્ટરનો હતો

**નવી દિલ્હી,**
બીસીસીઆઈ સચિવ જય શાહે એક મોટો ખુલાસો કર્યો છે. શાહે જણાવ્યું છે કે ઈશાન કિશન અને શ્રેયસ ઐય્યરને બીસીસીઆઈના એન્યુઅલ કોન્ટ્રાક્ટથી બહાર કરવાનો નિર્ણય કોણે લીધો હતો. અત્રે જણાવવાનું કે આ વર્ષે જાહેર થયેલા બીસીસીઆઈના એન્યુઅલ કોન્ટ્રાક્ટમાંથી આ બંને ખેલાડીનું પત્તું કપાઈ ગયું હતું. ત્યારબાદ તો અનેક દિગ્ગજોએ બોર્ડના આ નિર્ણય પર પોતાનો મત પણ વ્યક્ત કર્યો હતો. હવે જય શાહે કહ્યું કે ઈશાન કિશન અને શ્રેયસ ઐય્યરને સેન્ટ્રલ કોન્ટ્રાક્ટમાંથી બહાર રાખવાનો નિર્ણય ચીફ સિલેક્ટરનો હતો. વાત જાણે એમ છે કે બીસીસીઆઈ તરફથી નિર્દેશ મળવા છતાં ઘરેલુ ટુર્નામેન્ટ નહીં રમવા બદલ ઈશાન કિશન અને શ્રેયસ ઐય્યરને કોન્ટ્રાક્ટમાંથી બહાર રાખવામાં આવ્યા. ઈશાને ગત વર્ષ વનડે વર્લ્ડ કપ બાદ લાંબો બ્રેક લીધો અને સીધો હાલ ચાલી રહેલી આઈપીએલમાં જ રમતો જોવા મળ્યો. જ્યારે ઐય્યરે રણજી ટ્રોફીમાં સેમી ફાઈનલ અને ફાઈનલ સહિત મુંબઈ માટે કેટલીક મેચ રમી. મુંબઈ ટીમ જ્યારે રણજી રમી રહી હતી ત્યારે ઐય્યર કોલકાતા નાઈટ રાઈડર્સના મુંબઈ શિબિરમાં ભાગ લઈ રહ્યો હતો. જય શાહે બીસીસીઆઈ કાર્યાલય પર મીડિયા સાથે વાતચીતમાં કહ્યું કે, તમે બંધારણ જોઈ શકો છો. હું બસ સિલેક્શન કમિટીની બેઠક બોલાવું છું. તેમણે વધુમાં કહ્યું કે તે નિર્ણય અજિત અગરકરનો હતો. જ્યારે આ બંને ખેલાડીઓએ ઘરેલુ ક્રિકેટ ન ખેલી તો તેમને બહાર રાખવાનો નિર્ણય પણ અગરકરનો જ હતો. મારુ કામ બસ તેના પર અમલ કરવાનો છે. અમને સંજૂ સેમસન જેવો સારો ખેલાડી મળી ગયો. શાહે કહ્યું કે તેમણે બાદમાં બંને ખેલાડીઓ સાથે વાત પણ કરી હતી. બીસીસીઆઈ સચિવે કહ્યું કે હમે તેમની સાથે વાત કરી હતી. મીડિયામાં રિપોર્ટ પણ આવ્યો હતો. હાર્દિક પંડ્યાએ પણ કહ્યું હતું કે જો બીસીસીઆઈ સફેદ બોલના ક્રિકેટ માટે તેમની પસંદગી કરે તો તેઓ વિજય હજારે અને સૈયદ મુશ્તાક અલી ટ્રોફી રમવા માટે તૈયાર છે.

## સિકંદર ફિલ્મમાં રશ્મિકા મંદાના અને સલમાન ખાન એક સાથે જોવા મળશે

**મુંબઈ,**
અદભૂત અભિનયને કારણે નેશનલ ક્રશનું બિરૂદ પામેલી અને 'એનિમલ' અને 'પુષ્પા' જેવી સુપરહિટ ફિલ્મોની અભિનેત્રી હવે રશ્મિકા મંદાના તેણી આદાથી ફરીથી દર્શકોને આકર્ષવા જઈ રહી છે. રણબીર કપૂર બાદ હવે ૫૮ વર્ષના બોલિવૂડ હીરો સાથે કામ કરશે રશ્મિકા મંદાના.
રશ્મિકા હવે સલમાન ખાનની 'સિકંદર'માં જોવા મળશે. આ ફિલ્મમાં તે ભાઈજાન સાથે ઈશ્ક ફરમાવશે. ફિલ્મનાં ચાહકોને ૨૦૨૫ની ઈદમાં સલમાન અને રશ્મિકાની અનોખી જોડી જોવા મળશે. આ ફિલ્મને લઈને લોકોમાં ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે.
સિકંદર સાજિદ નડિયાદવાલાના પ્રોડક્શન હાઉસ હેઠળ બની રહી છે અને તેનું નિર્દેશન એઆર મુરુગાદોસ કરી રહ્યા છે. જેમાં પ્રોડક્શન હાઉસે તેના સોશિયલ મીડિયા પર ફિલ્મમાં રશ્મિકાની એન્ટ્રીની સત્તાવાર જાહેરાત પણ કરી દીધી છે. સલમાન ખાનની ફિલ્મ સિકંદરની જ્યારથી જાહેરાત થઈ છે ત્યારથી લોકો તેની રિલીઝ ડેટની રાહ જોઈ રહ્યા છે. નિર્માતાઓએ ફિલ્મની રિલીઝ ડેટ અંગે પણ સત્તાવાર જાહેરાત કરી છે. કિક', 'જુડવા' અને 'મુઝસે શાદી કરોગી' જેવી બ્લોકબસ્ટર ફિલ્મો આપનારા સાજિદ નડિયાદવાલા હવે તેમના ખાસ મિત્ર સલમાન ખાન અને હોટ બેબ રશ્મિકા મંદાના લઈને 'સિકંદર' ફિલ્મ બનાવી રહ્યા છે. ફિલ્મની બાકીની કાસ્ટ હજુ સુધી જાહેર કરવામાં આવી નથી. તેઓ 'ગજની' અને 'હોલિડે: અ સોલ્જર ઈઝ નેવર ઓફ ડ્યુટી' જેવી મહાન ફિલ્મોના દિગ્દર્શન માટે જાણીતા છે.
સાજિદ નડિયાદવાલાએ રશ્મિકા મંદાનાને આ ફિલ્મની સ્ટોરી સંભળાવી ત્યારે એક્ટ્રેસ આ રોલને લઈને ખૂબ જ ઉત્સાહિત થઈ ગઈ. તેણે તરત જ ફિલ્મ કરવા માટે હા પાડી દીધી હતી.
સૂત્રોનું માનીએ તો સિકંદર માત્ર એક એક્શન ફિલ્મ નથી. આ એક ખૂબ જ મજબૂત સ્ટોરી છે જે ડ્રામા અને લાગણીઓથી ભરેલી છે. આ એવી બાબતો છે જેના માટે સલમાન અને રશ્મિકા બંને ફિલ્મ કરવા માટે ઉત્સાહિત છે. સિકંદર માટે સલમાન અને સાજિદ ફરી એકવાર સાથે આવી રહ્યા છે. આ પહેલા બંનેએ કિકમાં સાથે કામ કર્યું હતું. હવે પ્રી-પ્રોડક્શન પણ શરૂ થઈ ગયું છે. રિપોર્ટ્સનું માનીએ તો રશ્મિકા અને સલમાન જૂનથી ફિલ્મનું શૂટિંગ શરૂ કરવા જઈ રહ્યા છે. ફિલ્મની વાત કરીએ તો સલમાન ખાન છેલ્લે 'ટાઈગર ૩'માં કેટરિના કૈફ સાથે જોવા મળ્યો હતો. રશ્મિકા મંદાનાની વાત કરીએ તો તે રણબીર કપૂર સાથે 'એનિમલ'માં જોવા મળી હતી. હવે તે આગામી 'કુબેર', 'રેનબો', 'ધ ગર્લફ્રેન્ડ' ઉપરાંત સુકુમારની 'પુષ્પા ૨: ધ રૂલ' ફિલ્મમાં જોવા મળશે. વર્ક ફ્રન્ટની વાત કરીએ તો, રશ્મિકા હાલમાં એનિમલની સફળતાનો આનંદ માણી રહી છે. જ્યારે સિકંદર ફિલ્મમાંથી રશ્મિકાના લુક સામે આવ્યા છે. આ ફિલ્મ ૧૫ ઓગસ્ટે સિનેમાઘરોમાં રિલીઝ થશે.

**પુસ્તિકાઓ વહેચો**
"દૈવી પ્રાતઃ પ્રભુ પૂજા પ્રભુને ગમે"
કિં.રૂ ૮/- પેજ ૩૬ મો.૯૪૯૮૨૯૨૬૧૬૧

**વેસ્ટર્ન ટાઇમ્સ**
વેસ્ટર્ન ટાઇમ્સમાં પ્રકાશિત જાહેરાતો અંગે વાંચકોએ પોતાની રીતે ચકાસણી કરી નિર્ણય લેવો.
-જાહેરખબર મેનેજર

# હવે એનબીએફસી બેંકોમાંથી ૨૦,૦૦૦ રૂપિયાથી વધુની રોકડ લોન નહીં મળે

**મુંબઇ,**
આરબીઆઈએ એનબીએફસીને પત્ર લખીને આ અંગે માહિતી આપી છે અને કહ્યુ છે કે નિયમો અનુસાર, ૨૦ હજાર રૂપિયાથી વધુની રોકડ લોન કોઈપણ ગ્રાહકને વહેંચી શકાતી નથી.
ભારતીય રિઝર્વ બેંકએ નોન-બેંકિંગ નાણાકીય કંપનીઓ માટે કડક સૂચનાઓ જારી કરી છે, જે મુજબ કોઈપણ દ્રમ્હ્લઝ ગ્રાહકોને ૨૦,૦૦૦ રૂપિયાથી વધુની રોકડ લોન આપી શકશે નહીં. આવકવેરા અધિનિયમ, ૧૯૬૧ની કલમ ૨૬૯જીજી હેઠળ, કોઈપણ વ્યક્તિને ૨૦ હજાર રૂપિયાથી વધુની રોકડ રકમ લોન તરીકે મેળવવાની મંજૂરી નથી.
રિપોર્ટ કહે છે કે આરબીઆઈ હવે આ નિયમને વધુ કડક બનાવવા માંગે છે, જેથી એનબીએફસી કંપનીઓને જોખમનો સામનો ન કરવો પડે અને નિયમોની અવગણના ન થાય. આરબીઆઈએ આ સૂચના એવા સમયે જારી કરી છે જ્યારે એનબીએફસી કંપની આઈઆઈએફએલ ફાઈનાન્સ પર ઘણા નિયમો તોડવાનો આરોપ છે. અહેવાલમાં જણાવવામાં આવ્યું હતું કે કેટલીક કંપનીઓએ કાયદા દ્વારા નિર્ધારિત મર્યાદા કરતાં વધુ રોકડમાં લોન આપી હતી અને વસૂલ કરી હતી.
આરબીઆઈએ એનબીએફસીને પત્ર લખીને કહ્યું છે કે નિયમો અનુસાર કોઈપણ ગ્રાહકને ૨૦ હજાર રૂપિયાથી વધુની રોકડ લોન આપી શકાતી નથી. આવી સ્થિતિમાં, કોઈપણ એનબીએફસીએ લોનની રકમ ૨૦,૦૦૦ રૂપિયાથી વધુ રોકડમાં ન આપવી જોઈએ. આરબીઆઈએ ઘણી એનબીસીસી કંપનીઓ વિરુદ્ધ કાર્યવાહી કરી છે. આ કંપનીઓએ આરબીઆઈના નિયમોની અવગણના કરી હતી. વધુ રોકડ લોન આપવાના નિયમનો પણ ભંગ થયો હતો. આવી સ્થિતિમાં આરબીઆઈએ એનબીએફસીને નિયમોની યાદ અપાવીને આવા નિર્દેશ આપ્યા છે, જેથી બેદરકારી અને નિયમોની અવગણના અટકાવી શકાય. નોંધનીય છે કે સેન્ટ્રલ બેંકે આઈઆઈએફએલ ફાઈનાન્સને લોન મેનેજમેન્ટમાં મોટી ક્ષતિઓને કારણે નવા ગ્રાહકો માટે તેની ગોલ્ડ લોન કામગીરી તાત્કાલિક બંધ કરવાનો નિર્દેશ આપ્યો હતો. આઈઆઈએફએલ ફાઈનાન્સની ગોલ્ડ લોન કામગીરી તેના વ્યવસાયમાં નોંધપાત્ર યોગદાન આપે છે, જે તેના વ્યવસાયનો એક તૃતીયાંશ હિસ્સો ધરાવે છે. આ ફાઈનાન્સ કંપનીએ સોનાની શુદ્ધતા અને વજનની અપૂરતી ચકાસણી, વધુ પડતી રોકડ લોન આપવી, પ્રમાણભૂત હરાજીની પ્રક્રિયાઓથી વિચલન અને ગ્રાહક ખાતાના શુલ્કમાં પારદર્શિતાનો અભાવ જેવા નિયમોની અવગણના કરી હતી.

# આફ્રીકાના માલીમાં ગરમીએ તોડ્યો રેકોર્ડ તાપમાન ૪૮ ડીગ્રીએ

**નવીદિલ્હી,**
ભારતમાં ગરમી દસ્તક આપી ચૂકી છે. દુનિયાના બીજા ઘણા અન્ય દેશોમાં ભારે ગરમી પડી રહી છે. પરંતુ આફ્રીકાના માલીમાં ગરમીએ તમામ રેકોર્ડ તોડી નાખ્યા છે. બીબીસીના રિપોર્ટ અનુસાર પરિસ્થિતિ એટલી મુશ્કેલ છે કે દેશના કેટલાક ભાગમાં હવે બરફના ટુકડાની કિંમત બ્રેડ અને દૂધ કરતાં વધુ છે. રાજધાની બમાકોમાં ૧૫ વર્ષીય ફાતૂમા યાતારા કહે છે કે 'હું બરફ ખરીદીને આવી છું કારણ કે અત્યારે ગરમી વધુ છે.' તાપમાન ૪૮સી સુધી વધી ગયું છે.
ભયંકર ગરમીમાં લાંબા લાંબા વિજકાપે લોકોની પરેશાનીઓને વધુ વધારી દીધી છે. ફાતૂમા જણાવે છે કે લાંબા સમય સુધી વિજ કાપના લીધે ફ્રીજ કામ કરતું નથી. તે ભોજનને પ્રિજર્વ રાખવા અને હીટવેવ દરમિયાન ઠંડુ રાખવા માટે બરફના ટુકડાનો સહારો લે છે. જોકે આ કેટલીક હદ સુધી કામ કરે છે. ગરમીની સાથે મોંઘવારી પણ લોકોની કમર તોડી રહી છે. ફાતૂમા જણાવે છે કે બરફની એક નાની બેગની કિંમત ૩૦૦ થી ૫૦૦ ફ્રેક્સ સીએફએ સુધી પહોંચી ગઈ છે. જ્યારે બમાકોમાં બ્રેડની કિંમત ૨૫૦ સીએફએ હોય છે. નાના કોનાતે ત્રાઓરે માટે જીવન ખૂબ જ મુશ્કેલ બની ગયું છે. હવે તેઓને અઠવાડિયામાં થોડી વારને બદલે દરરોજ રસોઈ કરવી પડે છે. તેણી કહે છે, 'અમે ઘણીવાર આખો દિવસ વીજળી વિના વિતાવીએ છીએ, તેથી ખોરાક બગડે છે અને તેને ફેંકી દેવો પડે છે.' દેશમાં વીજળીની સમસ્યા એક વર્ષ પહેલા શરૂ થઈ હતી. લાખો ડોલરના દેવાના બોજથી દબાયેલી માલીની રાજ્ય વીજળી કંપની વધતી માંગને પહોંચી વળવામાં નિષ્ફળ રહી. એવા લોકો મોટી સંખ્યામાં છે જેમની પાસે બેકઅપ જનરેટર નથી કારણ કે તેમને ચલાવવા માટે ઈંધણની જરૂર પડે છે, જે ખૂબ ખર્ચાળ છે.બીબીસીના રિપોર્ટ અનુસાર માર્ચ બાદથી માલીના કેટલાક ભાગમાં તાપમાન ૪૮ઝ્ર થી ઉપર જતું રહ્યું છે. ભયંકર ગરમીના લીધે ૧૦૦થી વધુ લોકોના મોત થઈ ગયા છે. સૌથી વધુ અસુરક્ષિત વડીલો અને બાળકો છે. બમાકોમાં યૂનિવર્સિટી હોસ્પિટલમાં કામ કરનાર પ્રોફેસર યાકૂબા ટોલોબા કહે છે, 'અમે એક દિવસમાં લગભગ ૧૫ લોકો હોસ્પિટલમાં ભરતી થતા જોઈ રહ્યા છીએ. ઘણા દર્દી ડિહાઈડ્રેશન (શરીરમાં પાણીની કમી) નો શિકાર છે જ્યારે ઘણા ખાંસી અને શ્વાસ સંબંધિત અન્ય તકલીફોનો સામનો કરવો પડે છે. સાવધાનીના ભાગરૂપે કેટલાક વિસ્તારોમાં સ્કૂલ બંધ કરી દેવામાં આવી છે અને મુસ્લિમ વસ્તીવાળા દેશમાં લોકોને તાજેતરમાં ખતમ થયેલા રમઝાન દરમિયાન રોઝા ન રાખવાની સલાહ આપવામાં આવી હતી.

## દુનિયાના બીજા ઘણા અન્ય દેશોમાં ભારે ગરમી

# ભગવાન શિવને ચડાવવા માટે યુવકે છરી વડે જીભ કાપી દીધી

**દુર્ગ,**
છત્તીસગઢના દુર્ગ જિલ્લામાંથી એક ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો છે. અહીં એક વ્યક્તિએ કથિત રીતે અંધવિશ્વાસના કારણે પોતાની જીભ કાપી નાખી. પોલીસ અધિકારીઓએ બુધવારે આ જાણકારી આપી. પોલીસ અધિકારીઓએ જણાવ્યું કે ૩૩ વર્ષીય રાજેશ્વર નિષાદે જિલ્લાના અંજોરા પોલીસ સ્ટેશન વિસ્તાર હેઠળના થાનૌડ ગામમાં જીભ કાપી હતી. નિષાદને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો છે. અંજોરા ચોકીના પ્રભારી રામ નારાયણ ધ્રુવે જણાવ્યું કે ગામલોકોએ માહિતી આપી છે કે નિષાદ આજે સવારે લગભગ આઠ વાગે ગામના તળાવ પર પહોંચ્યો હતો અને એક પથ્થર પાસે બેસીને કેટલાક મંત્રોનો પાઠ કરવા લાગ્યો હતો. બાદમાં તેણે અચાનક જ છરી વડે તેની જીભ કાપી નાખી અને તેને પથ્થરની નજીક રાખી દીધી. ધ્રુવે જણાવ્યું કે જ્યારે ગામલોકોને આ ઘટનાની જાણ થઈ ત્યારે તેઓએ સરકારી એમ્બ્યુલન્સ સેવા અને પોલીસને જાણ કરી. પોલીસ અધિકારીએ જણાવ્યું કે નિષાદને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો છે.

# વિનયની હત્યાનો આરોપી પોલીસ એન્કાઉન્ટરમાં ઠાર

**નવી દિલ્હી,**
તાજેતરમાં ટાટા સ્ટીલના બિઝનેસ હેડ વિનય ત્યાગીની યુપીના ગાઝિયાબાદમાં શાલીમાર ગાર્ડન વિસ્તારમાં હત્યા કરવામાં આવી હતી. વિનય ત્યાગીની લાશ સાહિબાબાદ વિસ્તારના રાજેન્દ્ર નગર વિસ્તારમાં એક નાળામાંથી મળી આવી હતી. વિનયની હત્યાના આરોપીને પોલીસે ગાઝિયાબાદમાં એન્કાઉન્ટરમાં ઠાર માર્યો છે. પોલીસનું કહેવું છે કે વિનય ત્યાગીની લૂંટ બાદ હત્યા કરવામાં આવી હતી. મળતી માહિતી મુજબ, પોલીસે એન્કાઉન્ટરમાં ગુનેગાર અક્કી ઉર્ફે દક્ષને ઠાર માર્યો છે. આ બદમાશોએ ૩ મેની રાત્રે ટાટા સ્ટીલના બિઝનેસ હેડ વિનય ત્યાગીની લૂંટ કર્યા બાદ હત્યા કરી હતી. ટ્રાન્સ હિંડન ડીસીપીએ જણાવ્યું કે આજે, ૧૦ મે, ૨૦૨૪ ના રોજ, સાહિબાબાદ પોલીસ સ્ટેશન વિસ્તારમાં પોલીસ અને બે બાઈક સવાર બદમાશો વચ્ચે એક્રાઉન્ટરની માહિતી મળી હતી. એક્રાઉન્ટર દરમિયાન એક આરોપી અને એક સબ ઈન્સ્પેક્ટર ગંભીર રીતે ઘાયલ થયા હતા.
ઘાયલ સબ ઈન્સ્પેક્ટર અને આરોપીઓને તાત્કાલિક હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. બાઈક સવાર બદમાશ અંધારાનો લાભ લઈ ફરાર થઈ ગયો હતો. સારવાર માટે દાખલ કરાયેલા આરોપીનું મોત નીપજ્યું છે. પૂછપરછમાં જાણવા મળ્યું કે તેનું નામ અક્કી ઉર્ફે દક્ષ છે, જે સીલમપુર, દિલ્હીનો રહેવાસી છે. આ આરોપી ૪ મે ૨૦૨૪ના રોજ પોલીસ સ્ટેશનના શાલીમાર ગાર્ડન વિસ્તારમાં બનેલી લૂંટ અને હત્યાની ઘટનામાં વોન્ટેડ હતો. તેના કબજામાંથી લૂંટાયેલો મોબાઈલ ફોન અને એક ગેરકાયદેસર હથિયાર મળી આવ્યું હતું.ગાઝિયાબાદ પોલીસના જણાવ્યા અનુસાર, જ્યારે પોલીસે ચેકિંગ દરમિયાન બાઈક સવાર બદમાશોને રોક્યા તો આરોપીઓએ પોલીસ ટીમ પર ગોળીબાર કર્યો. આરોપી દક્ષ દિલ્હીના સીલમપુરનો રહેવાસી હતો.

# એપ્રિલ આ વર્ષે ઈતિહાસમાં સૌથી ગરમ મહિનો નોંધાયો

**નવીદિલ્હી,**
યુરોપની આબોહવા એજન્સી કોપરનિકસ ક્લાઈમેટ ચેન્જ સર્વિસનું કહેવું છે કે એપ્રિલ ૨૦૨૪ એ અત્યાર સુધીનો સૌથી ગરમ મહિનો બનવાનો છે. એપ્રિલ ૨૦૨૪માં ભારે ગરમી હતી અને આ સમયગાળા દરમિયાન સમગ્ર વિશ્વમાં પૂર, દુષ્કાળ, વરસાદ જેવી આપત્તિઓથી જનજીવન ખરાબ રીતે પ્રભાવિત થયું હતું. આ સતત ૧૧મો મહિનો છે જેમાં રેકોર્ડ તાપમાન નોંધાયું છે. તાપમાનમાં વધારો અલ નીનોની અસર અને વાતાવરણમાં ફેરફારને આભારી છે.
રિપોર્ટ અનુસાર, એપ્રિલમાં સરેરાશ તાપમાન ૧૫.૦૩ ડિગ્રી સેલ્સિયસ હતું, જે ૧૮૫૦-૧૯૦૦ના ઔદ્યોગિક સમય પહેલાના તાપમાન કરતાં ૧.૫૮ ડિગ્રી સેલ્સિયસ વધારે છે. જ્યારે ૧૯૯૧-૨૦૨૦ની સરખામણીમાં એપ્રિલ ૨૦૨૪નું સરેરાશ તાપમાન ૦.૬૭ ડિગ્રી સેલ્સિયસ વધારે હતું. અગાઉ એપ્રિલ ૨૦૧૬માં સૌથી વધુ તાપમાન નોંધાયું હતું, પરંતુ એપ્રિલ ૨૦૨૪એ તે રેકોર્ડ પણ તોડી નાખ્યો છે. કોપરનિકસ ક્લાઈમેટ એજન્સીના ડાયરેક્ટર કાર્લો બ્યુનોટેમ્પોએ જણાવ્યું હતું કે આ વર્ષની શરૂઆતમાં અલ નીનો અસર ટોચ પર પહોંચી હતી, પરંતુ હવે પૂર્વીય પ્રશાંત મહાસાગરની સપાટીનું તાપમાન સામાન્ય તરફ આગળ વધી રહ્યું છે, આના કારણે સમુદ્રની સપાટીનું તાપમાન હજુ પણ વધી રહ્યું છે એવું માનવામાં આવે છે કે એપ્રિલ ૨૦૨૪માં રેકોર્ડ તાપમાન નોંધાયું હતું.
એજન્સીએ તેના અહેવાલમાં જણાવ્યું હતું કે વૈશ્વિક તાપમાન છેલ્લા ૧૨ મહિનામાં સૌથી વધુ નોંધાયું હતું અને તે ઔદ્યોગિક સમયગાળા (૧૮૫૦-૧૯૦૦) પહેલા કરતા ૧.૬૧ ડિગ્રી સેલ્સિયસ વધારે છે. વિશ્વભરના દેશોએ વૈશ્વિક તાપમાનના સરેરાશ વધારાને પૂર્વ-ઔદ્યોગિક સ્તર કરતાં ૧.૫ ડિગ્રી સેલ્સિયસ સુધી મર્યાદિત કરવાનો પ્રયાસ કરવો જોઈએ, નહીં તો તેના ગંભીર પરિણામો આવી શકે છે.
જર્મનીના પોટ્સડેમ ઈન્સ્ટિટ્યૂટ ફોર ક્લાઈમેટ ઈમ્પેક્ટ રિસર્ચના તાજેતરના અભ્યાસ અનુસાર, ક્લાઈમેટ ચેન્જના કારણે વૈશ્વિક અર્થતંત્રને ૨૦૪૯ સુધીમાં દર વર્ષે લગભગ ૩૮ લાખ કરોડ રૂપિયાનું નુકસાન વેઠવું પડી શકે છે. ખાસ કરીને એવા દેશો જે ક્લાઈમેટ ચેન્જ માટે જવાબદાર નથી તેઓને ક્લાઈમેટ ચેન્જને કારણે સૌથી વધુ નુકસાન થશે.
એશિયન દેશો આ દિવસોમાં હીટ વેવની સમસ્યાનો સામનો કરી રહ્યા છે અને ફિલિપાઈન્સમાં પણ શાળાઓ બંધ કરવી પડી. આ દિવસોમાં, ઘાતક ગરમીના મોજા ભારતમાં પણ તબાહી મચાવી રહ્યા છે. તે જ સમયે, ૭૫ વર્ષના ઈતિહાસમાં સૌથી વધુ વરસાદ સંયુક્ત આરબ અમીરાતમાં નોંધાયો હતો. હવામાન વિભાગનું કહેવું છે કે હવે લા નીના ઈફેક્ટ દેખાવાનું શરૂ થઈ ગયું છે, જેના કારણે ઓગસ્ટ-સપ્ટેમ્બરમાં ભારતમાં સારા વરસાદની અપેક્ષા છે.

## જાણીતી અભિનેત્રી આલિયા બીજી વાર ડીપ ફેકનો ભોગ બની

**મુંબઇ,**
બોલીવૂડની હિરોઈનોના ડીપ ફેક વીડિયોનો સિલસિલો ચાલ્યો છે. આલિયા ભટ્ટ બીજી વાર ડીપ ફેકનો ભોગ બની છે. કોઈએ મૂળ વામિકા ગબ્બીના ઓરિજિનલ વીડિયોમાં ચેડાં કરી તેના પર આલિયાનો ફેસ મોર્ફ કરી દીધો હતો. થોડા દિવસો પહેલાં જ સંજય લીલા ભણશાળીની વેબ સીરીઝ 'હીરા મંડી'નું પ્રિમિયર યોજાયું હતું. તેમાં વામિકા ગબ્બી લાલ રંગની સાડીમાં સજ્જ થઈને હાજર રહી હતી. આ ઈવેન્ટમાં આલિયા ભટ્ટ પણ હાજર હતી. વામિકાએ પોતાના પરિધાનનો વીડિયો સોશિયલ મીડિયા પર પોસ્ટ કર્યો હતો જે ભારે વાયરલ પણ થયો હતો. લોકોએ ઓટીટીની ટોચની સ્ટાર ગણાતી વામિકાના વીડિયો તથા લાલ સાડીમાં તેના લૂક્સના બહુ વખાણ કર્યાં હતાં.

**Franklin Templeton Mutual Fund**
Cordially invites you for a program under it's
**Investor Education and Awareness Initiative.**
Venue :
Hote Pinevinta, Gondal Road,
Near Bombay Petrol Pump, Rajkot - 360002
Date: 15th May, 2024
Time: 7:00 p.m.
Contact Person: Chetan Mehta (9898014539)
Due to limited seats, entry will be provided to registered attendees only. Please call on the above number to register by tomorrow.
We look forward to your participation.
FRANKLIN TEMPLETON
Registered office: One International Centre, Tower 2, 12th & 13th Floor, Senapati Bapat Marg, Elphinstone (West) Mumbai - 400013
**Mutual Fund investments are subject to market risks, read all scheme related documents carefully.**

# પ્રેમમાં છેતરાયેલા ટેકનિશિયને બેભાન કરવાના ૪૦ ઈન્જેક્શન લઈને કર્યો આપઘાત

## કાનપુરમાંથી એક ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો

**કાનપુર,**
કાનપુરમાં પ્રેમમાં છેતરપિંડી થયા બાદ હોસ્પિટલના લેબ ટેકનિશિયને ડ્રિપ દ્વારા એનેસ્થેસિયાના ૪૦ ઈન્જેક્શન આપીને આત્મહત્યા કરી લીધી. મૃત્યુ પહેલા યુવકે તેની ગર્લફ્રેન્ડ વિશે સુસાઈડ નોટમાં લખ્યું હતું કે તેણે તેના પાંચ વર્ષ વેડફ્યા છે. તેણે સુસાઈડ નોટમાં પોતાના ભાઈને લાશ કોઈને ન બતાવવાનો પણ ઉલ્લેખ કર્યો છે.
યુપીના કાનપુરમાંથી એક ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો છે. પ્રેમમાં દગો મળ્યા બાદ એક વ્યક્તિએ હોટલના રૂમમાં ૪૦ એનેસ્થેટિક ઈન્જેક્શન લગાવીને આત્મહત્યા કરી કરી લીધી. આ ઘટના ચકેરી પોલીસ સ્ટેશન વિસ્તારની એક હોટલમાં બની હતી.
ઓપરેશન થિયેટર ટેકનિશિયને ગ્લુકોઝમાં એનેસ્થેટિક દવાનો ઓવરડોઝ લઈને આત્મહત્યા કરી લીધી હતી. હોટલનો રૂમ ન ખૂલતાં મેનેજરે પોલીસને જાણ કરતાં લોકોને આ અંગે જાણ થઈ હતી. દરવાજો તોડી તપાસ કરતાં યુવકની લાશ ખાટલા પર પડેલી મળી આવી હતી. પડદાના સળિયા પર ગ્લુકોઝની બોટલ લટકતી હતી અને યુવકના જમણા હાથે એક ટીપાં જોડાયેલું હતું.
પોલીસને સ્થળ પરથી એક સુસાઈડ નોટ પણ મળી આવી છે જેમાં લખ્યું હતું કે તેને તેની પ્રેમિકા દ્વારા પ્રેમમાં છેતરવામાં આવ્યો છે. મૃતકનું નામ વિજય સિંહ હોવાનું કહેવાય છે જે નૌબસ્તાની એક ખાનગી હોસ્પિટલમાં ઓટી ટેક્નિશિયન હતા. પોલીસે જણાવ્યું કે વિજય સિંહને એક યુવતી સાથે છેલ્લા પાંચ વર્ષથી પ્રેમ સંબંધ હતો, યુવતી ખાનગી હોસ્પિટલમાં નર્સ પણ હતી. થોડા દિવસો પહેલા બંને વચ્ચે ઝઘડો થયો હતો અને આ દરમિયાન વિજયે તેના પર હાથ ઉપાડ્યો હતો. આ પછી યુવતીએ પોલીસમાં ફરિયાદ કરી અને તેના પરિવારને પણ ઘટનાની જાણ કરી. પોલીસના જણાવ્યા અનુસાર, તપાસમાં જાણવા મળ્યું કે વિજય સિંહ સેન પશ્ચિમપરામાં એક રૂમમાં યુવતી સાથે રહેતો હતો. બંને સાથે રહેતા હતા કે લવ મેરેજ કર્યા હતા. તેમની પ્રથમ પત્નીથી છૂટાછેડા ન હોવાથી તેમના લગ્ન માન્ય ન હતા, તેથી તે વિજય સાથે રહેવા માંગતી ન હતી. પોલીસે બંને વચ્ચે સમાધાન પણ કરાવ્યું હતું પરંતુ ત્યારબાદ વિજયે બુધવારે કોયલા નગર સ્થિત એક હોટલમાં રૂમ લઈને આત્મહત્યા કરી લીધી હતી. પોલીસને મળેલી સ્યુસાઈડ નોટમાં વિજયે મરતા પહેલા લખ્યું હતું કે, "હું વિજયસિંહ યાદવ, તેં મારું ભલું કર્યું નથી. તેં મારા પાંચ વર્ષ અને આજે બાકી રહેલી કારકિર્દી બરબાદ કરી નાખી. , બધા લોકો, મને માફ કરો, મેં મારો જીવ ગુમાવ્યો છે, આશિષ ભૈયા સિવાય કોઈને મારી લાશ જોવા ન દો. ઘટના અંગે ડીસીપી ઈસ્ટ એસકે સિંહે જણાવ્યું કે મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે મોકલી દેવામાં આવ્યો છે. ફરિયાદ આવશે તો કાર્યવાહી કરવામાં આવશે. હાલમાં ફોન કરતાં તેના પિતા આવ્યા ન હતા, તેઓ કદાચ ગુસ્સે હતા, હકીકતની તપાસ કરી જરૂરી કાર્યવાહી કરવામાં આવી રહી છે.

## ગંદકી કરનારા એકમોને રૂપિયા ૫૯,૯૫૦નો દંડ

**અમદાવાદ,**
શહેરભરમાં મ્યુનિ. કોર્પોરેશનના સત્તાવાળાઓ દ્વારા ગંદકી સામે ઉગ્ર લડત ચલાવાઈ રહી છે.
અમદાવાદના કુલ સાત ઝોન પૈકી ઉત્તર પશ્ચિમ ઝોનમાં સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ વિભાગ રોજેરોજ રોડ પર કચરો ફેંકીને ન્યુસન્સ કરનારા ધંધાકીય એકમો સામે આકરા પગલાં લઈ રહ્યો છે જે હેઠળ ગઈકાલે તંત્રએ કસૂરવાર ધંધાર્થીઓ પાસેથી કુલ રૂ.૫૯,૯૫૦નો દંડ વસૂલ્યો હતો. સોલિડ વેસ્ટ મેનેજમેન્ટના નિયમોનું ઉલ્લંઘન કરનારા ધંધાકીય એકમો કે શખ્સો સામે સત્તાવાળાઓ દ્વારા જીપીએમસી એક્ટ અને પબ્લિક હેલ્થ બાયલોઝ મુજબ કડક કાર્યવાહી કરવામાં આવી રહી છે. આ કામગીરી દૈનિક ધોરણે થાય છે જે દરમિયાન કુલ ૬૪ જેટલા એકમોની સઘન તપાસ હાથ ધરાઈ હતી અને તે પૈકી પર એકમોને નિયમોના ઉલ્લંઘન બદલ નોટિસ ફટકારવામાં આવી હતી.

# થાઈલેન્ડમાં ગાંજાની નીતિને લઈને સરકારનો યુ-ટર્ન સામે આવ્યો

**નવી દિલ્હી,**
થાઈલેન્ડના નવા આરોગ્ય પ્રધાને જણાવ્યું હતું કે તેઓ સંભવિત યુ-ટર્નનો સંકેત આપતા દેશની મારિજુઆના નીતિની સમીક્ષા કરવાની યોજના ધરાવે છે. થાઈલેન્ડ માત્ર બે વર્ષ પહેલા ગાંજાના ઉપયોગને અપરાધ જાહેર કરનાર પ્રથમ દક્ષિણપૂર્વ એશિયાઈ દેશ બન્યો હતો, હવે સરકારને લાગે છે કે દેશમાં ગાંજાના વધુ પડતા ઉપયોગને કારણે યુવાનો નશાની લતનો શિકાર બની રહ્યા છે.સોમસાક થેપ્સુથિને, મંગળવારે આરોગ્ય પ્રધાન તરીકેનો કાર્યભાર સંભાળ્યા પછી વિવાદાસ્પદ વિષય પર ટિપ્પણી કરતા, જણાવ્યું હતું કે મંત્રાલય મારિજુઆના અંગે થાઈલેન્ડે શું નીતિ બનાવવી જોઈએ તે અંગે વિચારણા કરવા માટે લોકોનો અભિપ્રાય એકત્રિત કરવાની પ્રક્રિયામાં છે. સોમસાક અગાઉની સરકારમાં ન્યાય પ્રધાન હતા, જેણે ૨૦૨૨ માં ઔષધીય ઉપયોગ માટે અને રોકડ પાક તરીકે ગાંજાના ઉપયોગને અપરાધમુક્ત કર્યો હતો.મીડિયા સાથે વાત કરતા સોમસેકે કહ્યું, 'હું લોકોને પૂછવા માંગુ છું કે શું તે ડ્રગ હોવું જોઈએ કે નહીં? અને તે કેટલું ઉદાર હોવું જોઈએ? એવું ન હોવું જોઈએ કે કોઈ તેને ઉગાડે અથવા તેનો ધૂમ્રપાન કરે અને ઉપદ્રવ સર્જે. અમે આ મુદ્દા પર ચર્ચા કરી શકતા નથી?"સોમસાકનું નિવેદન થાઈલેન્ડના ઉદારીકરણમાં વધુ એક વળાંક દર્શાવે છે જેમાં કૃષિ આવક અને કલ્યાણને પ્રવાસનને પ્રોત્સાહન આપવાના માર્ગ તરીકે રજૂ કરવામાં આવ્યું છે. ચોલનન શ્રીકાઈવે, જેમણે સોમસાક પહેલા આરોગ્ય પ્રધાન તરીકે સેવા આપી હતી, તેણે આ વર્ષની શરૂઆતમાં બ્લૂમબર્ગને જણાવ્યું હતું કે તે કેનાબીસના મનોરંજનના ઉપયોગ પર પ્રતિબંધ મૂકવાનો પ્રયાસ કરશે. આ નિવેદન પછી, છેલ્લા બે વર્ષમાં દેશભરમાં ઉભરી આવેલી હજારો ગાંજાની દુકાનો અને ખેતરો મુશ્કેલીમાં મુકાઈ ગયા હતા.કેનાબીસના મનોરંજનના ઉપયોગને ગેરકાયદેસર બનાવવા અને ખેતી, વેચાણ, નિકાસ અને આયાત પર કડક લાઈસન્સિંગ નિયમો લાદવાનું બિલ અમલદારશાહી પ્રક્રિયા દ્વારા વિલંબિત થયું છે કારણ કે ઉદ્યોગ જૂથો તેનો વિરોધ કરે છે.

**ફેડબેંક ફાઈનાન્શિયલ સર્વિસિઝ લિ.હરાજી નોટિસ**

આથી, જાહેર જનતાને જણાવવામાં આવે છે કે, ફેડબેંક ફાઈનાન્શિયલ સર્વિસિઝ લિ.એ મુદત વીતી અથવા કસૂર કરેલ અથવા માર્જિન ભંગ કરનારા સંબંધિત ગ્રાહકોના ખાતાઓના (નીચે આપેલ વિગત) સોનાનાં ઘરેણાંની હરાજી કરવાનું નક્કી કર્યું છે. હરાજી નીચે આપેલ સંબંધિત શાખાઓમા **શુક્રવાર, તા.૨૪-૦૫-૨૦૨૪**ના રોજ સવારે **૧૦.૦૦**થી બપોરે **૧૨.૦૦**ની વચ્ચે રાખવામાં આવશે જે હરાજીની પ્રક્રિયા પતે ત્યાં સુધી ચાલુ રહેશે.

**અમરેલી** 9724538424 FEDGL05080000809, 0000811, 0000843 **અમરોલી** 0261-2495005 FEDGL01390004653, 0004970 **આણંદ** 9825333253 FEDGL04510001395, 0001415, 0001422, 0001423, 0001427, 0001428 **અંજાર** 9316375855 FEDGL03480007218, 0007247, 0007313, 0007314, 0007353, 0007354, 0007369 **આશ્રમરોડ** 9512994499 FEDGL03370005027, 0005034, 0005035, 0005043, 0005054, 0005078, 0005112, 0005115, 0005116, 0005822 FEDDS03370000096 **બાલાશિનોર** 9081030838 FEDGL03590003660, 0003661, 0003666, 0003668, 0003669, 0003676, 0003683, 0003689, 0003692, 0003698, 0003721, 0003723, 0003725, 0003733, 0003739, 0003746, 0003749, 0003754, 0003758, 0003761 **બાપુનગર** 079-22702881 FEDGL00670003436, 0003440 **બારેજા** 7338848829 FEDGL01320003651, 0003652, 0002720, 0002747, 0002756, 0002764, 0003659, 0003272, 0003469 **બાવલા** 02714-230483 FEDGL01300005023, 0005024, 0005504 **ભગવતી માનસા** 02763-273200 FEDGL03400003684, 0003701, 0003703, 0003716, 0003720, 0003726, 0003731, 0003750, 0003754, 0003755, 0003756, 0003759, 0003761 **ભાવનગર વાઘવાડી રોડ** 02782560905/9033620379 FEDGL03890003857, 0003886, 0003892, 0003901, 0003902, 0003903, 0004387 **ભૂજ** 9725015327 FEDGL04780002123, 0002128, 0002142, 0002143, 0002159, 0002168, 0002183, 0002190, 0002192, 0002195, 0002196, 0002750, 0002790 **બોટાદ** 02849-252414 FEDGL01530006739, 0006753, 0006758, 0007479 **ડીસા** 9724470299 FEDGL03410004701, 0003201, 0003205, 0003216, 0003217, 0003699, 0004624, 0004168 **દિયોદર** 9638294929 FEDGL03420002602, 0003073 **ધોળકા** 02714-225885 FEDGL04250002503, 0002511, 0002520, 0002545, 0002557, 0002570, 0002597 **ગાંધીનગર સેક્ટર-૧૬** 079-23223380 FEDGL01540004347, 0004351, 0004364, 0004367, 0004368, 0004378, 0004385, 0004390, 0004396, 0004404, 0004410, 0004434, 0004441 **ગાંધીધામ બેન્કિંગ સર્કલ** 9601502653 FEDGL03550005397, 0005413, 0005414, 0005415, 0005421, 0005428, 0005453, 0005490, 0005491, 0005492, 0005520, 0005537, 0005540 **ઘાટલોડીયા** 079-27603199 FEDGL01350002618, 0002621, 0003602 FEDDS01350000327 **ગોંડલ** 02825-224553 FEDGL03360005057, 0005062, 0005069, 0005076, 0005089, 0005097 **હારીજ** 8141532456 FEDGL05140000646 **હિંમતનગર** 02772- 242527 FEDGL03580003467, 0003468, 0003469, 0003470, 0003471, 0003472, 0003485, 0003497, 0003511, 0003513, 0003536, 0004126 **હીરાબાગ** 7448629994 FEDGL01110005728, 0005725, 0004235, 0005824, 0004192, 0004197, 0004198, 0004210, 0004245, 0004260, 0004267, 0004268, 0005729, 0005256, 0005257, 0005726, 0005782, 0005348, 0006596, 0006597, 0006706, 0006677 **જૂનાગઢ** 0258-2674933 / 8200543754 FEDGL03690004184, 0002851, 0002894, 0002907, 0002922, 0003416, 0003681 **કડી** 02764-265501 FEDGL01330006145, 0004597, 0004627, 0004659, 0004665, 0004743 **કલોલ** 02764-225501 FEDGL01380005186, 0005189, 0005196, 0005203, 0005211, 0005215, 0005224, 0005257, 0005261, 0006230, 0006265 **કામરેજ** 02621- 251005 FEDGL01450004701, 0004702, 0004704, 0004752 **કતારગામ** 0261-2530892 FEDGL01160003034, 0003063, 0003089 **ખોડિયાર કોલોની જામનગર** 9574460964 FEDGL04560002183, 0002192, 0002195, 0002202, 0002208, 0002210, 0002214, 0002222, 0002237, 0002240, 0002254, 0002670, 0003050, 0003392 **કોડીનાર** 9924730944 FEDGL04920002378, 0002395, 0002439, 0002445, 0002449, 0002456, 0002457, 0002467 **કોઠારીયા રોડ** 9537733772 FEDGL00790005437, 0005454, 0005473, 0005479, 0005480, 0005481 **કુબેર નગર** 079-22801120 FEDGL01410006593, 0005121, 0005157, 0006592 FEDBD01410000192 **લાલ બંગલો** 9712341187 FEDGL04790001884, 0001889, 0001933, 0001934, 0001938, 0002280 **લીમડી** 02753-261200/ 270010 FEDGL03340007260, 0004871, 0004885, 0004891, 0004892, 0004900, 0004910, 0004914, 0004918, 0004939, 0004942, 0004944, 0004945, 0004950, 0004958, 0004959, 0004962, 0004971, 0007239, 0007312, 0007122 **માંડવી** 9913875838 FEDGL03490005842, 0003819, 0003832, 0003835, 0003848, 0003852, 0003892, 0003896, 0003909, 0003912, 0003920, 0005534 **મહેસાણા** 9426876308 FEDGL03570002418, 0002426, 0002442, 0002761 **મેમ્કો** 079-22201310 FEDGL00760003942, 0003943, 0003950, 0003955, 0004364 **મોડાસા** 02774-244244 FEDGL03670002775, 0002776, 0002785, 0002787, 0002816, 0002830, 0002831 **મોરબી** 0282- 2222622 FEDGL03320006900, 0006908, 0006917, 0006919, 0006957, 0006982, 0006983, 0006986, 0008643 **મોટી ટાંકી** 9979965591 FEDGL01100004234, 0004235, 0004237, 0004280 FEDBD01100000036 **મુંદ્રા** 8980333303 FEDGL04500001673, 0001677, 0001678, 0001682, 0001689, 0001719 **નખત્રાણા** 9978384182 FEDGL05070002832, 0000959, 0000964, 0000993, 0000994, 0000995, 0000996, 0001011, 0001015, 0001039, 0002623 **નરોડા** 8511123660 FEDGL05220000855 **નિકોલ** 9426564055 FEDGL05150001238, 0000476, 0000477, 0000485, 0001152, 0001254 **પાલનપુર** 9601469914 FEDGL04760002177, 0002130, 0002137, 0002167, 0002191, 0003691 **પર્વત પાટીયા** 9586036200 FEDGL04530002019, 0001247, 0001271, 0001274, 0001275, 0001284, 0001285, 0001771 **પાટણ** 9426876308 FEDGL04240000882, 0000908 **પીપલોદ** 0261-2255005 FEDGL00690005353, 0003949, 0003953, 0003957, 0003965, 0004610, 0005352 **પોરબંદર** 2862240400 FEDGL03600005635, 0005636, 0005654, 0005664, 0005681, 0005683, 0005687, 0005688, 0005690, 0006498, 0006542 **રાધનપુર** 8980467133 FEDGL03430004568, 0004622, 0004631 **રૈયા રોડ** 9601480679 FEDGL04890000988, 0000989, 0001332, 0001338 **સંધુ વાસવાની રોડ** 9909659594 FEDGL00780005572, 0005602, 0005621 **સાણંદ** 9601480679 FEDGL04910002056, 0002074, 0002085, 0002089, 0002097, 0002572 **સરથાણા** 9384000906 FEDGL01050005700, 0004449, 0004459, 0004460, 0004461, 0004462, 0004469, 0004481, 0004864, 0005249 FEDDS01050000039, 0000040 **શિહોર** 02795- 223775 FEDGL04220001774, 0001785, 0001815, 0001823, 0001829 **સુરેન્દ્રનગર વઢવાણ** 02752-221333 FEDGL03310008315, 0008316, 0008326, 0008379, 0008408, 0008454, 0008491, 0009602 **ઉધના** 0261-2277005 FEDGL01490006610, 0007973 **વલસાડ** 9687406174 FEDGL04540005081, 0003075, 0003076, 0003078, 0003079, 0003088, 0003102, 0003105, 0003111, 0003117, 0003120, 0003121, 0003128, 0003145, 0003146, 0003153, 0003156, 0003160, 0003828, 0003850, 0003883, 0004984 **વાપી** 0260-2427277 FEDGL04230005251, 0005262, 0003269, 0003270, 0003291, 0003297, 0003333, 0003341, 0003361, 0003977, 0003993, 0004042, 0004889, 0005261 **વરાછા** 0261- 2541005 FEDGL01460003168, 0003174, 0003182, 0003191, 0003192, 0003616, 0003636, 0003637 **વસ્ત્રાલ** 079-22892662 FEDGL01280003384, 0003387, 0003391, 0003401 **વેરાવળ** 2876222662 FEDGL03660007307, 0004805, 0004807, 0004814, 0004817, 0004824, 0004826, 0004827, 0004834, 0004841, 0004862, 0004879, 0004880, 0004881, 0004895, 0004910, 0004911, 0004919, 0004924, 0004929, 0004930, 0004938, 0004940, 0004942, 0004949, 0004950, 0004951, 0005758, 0007295 **વિસનગર** 8401012110 FEDGL05250000144, 0000148, 0000155

સ્થળ કે તારીખમાં ફેરફાર હશે તો અમારી વેબસાઈટ **www.fedfina.com** પર દર્શાવવામાં આવશે. ભાગ લેનાર તમામ બીડરોને બીડના સ્વીકાર અથવા નકાર બાબતે તેમણે બીડ જમા કર્યા બાદ જાણ કરવામાં આવશે. જે ગ્રાહક પોતાના દાગીના છોડાવવા માંગતા હોય તે જે શાખામાં દાગીના પ્લેજ કર્યા હોય તે શાખાનો **૨૩-૦૫-૨૦૨૪** પહેલાં અથવા/ત્યાં સુધીમાં ઉપર આપેલ નંબર પર સંપર્ક કરી શકે છે જે લાગુ પડતા નિયમો અને શરતોને આધીન રહેશે.
હરાજી સંબંધિત શાખાઓમાં થશે, જો આપેલ તારીખે કોઈપણ કારણસર હરાજી પૂરી ન થાય તો એ સંબંધિત હરાજી અમારી વેબસાઈટ પર વિગતો દર્શાવ્યા બાદ, પછીના કામકાજી દિવસે યોજવામાં આવશે. આ સંબંધે વધુ કોઈ વાતચીત થઈ શકશે નહીં.

**તારીખ** : ૧૩-૦૫-૨૦૨૪
**સ્થળ** : ગુજરાત

વતી, સહી/-અધિકૃત હસ્તાક્ષર
ફેડ બેંક ફાઈનાન્શિયલ સર્વિસિઝ લિ.

# ગુજરાતના કેટલાક શહેરો-નગરોમાં કમોસમી વરસાદ

## નર્મદા, કરજણ, ડાંગ સહિતના ગ્રામ્ય વિસ્તારમાં કરા સાથે વરસાદ ખાબક્યો

**અમદાવાદ,**
હવામાન વિભાગની આગાહી વચ્ચે દાહોદ શહેરના કેટલાક વિસ્તારોમાં વરસાદ વરસ્યો છે. સતત બીજા દિવસે દાહોદ શહેરમાં વરસાદ વરસ્યો છે. દાહોદના જિલ્લાના વાતાવરણમાં પલટો આવ્યો છે. દાહોદ શહેરમાં કમોસમી વરસાદી માવઠું થયું છે.

દાહોદ, લીમડી, મીરાખેડી, છાપરી, ગલાલીયાવાડ સહિતના વિસ્તારમાં વરસાદ વરસ્યો છે. વરસાદથી ગરમીમાં લોકોને રાહત મળી છે. વરસાદના કારણે વાતાવરણમાં ઠંડક પ્રસરી છે. હવામાન વિભાગની આગાહી વચ્ચે દાહોદ જિલ્લામાં છૂટો છવાયો વરસાદ વરસી રહ્યો છે.

દાહોદ શહેરમાં વરસાદ વરસ્યો હતો. દાહોદ જિલ્લામાં અનેક વિસ્તારોમાં કમોસમી વરસાદ વરસ્યો હતો. આજે સતત બીજા દિવસે દાહોદ જિલ્લામાં વરસાદ વરસ્યો છે. વરસાદના કારણે લોકોને અસહ્ય ગરમીથી રાહત મળી છે.

હવામાનની આગાહીને પગલે નર્મદા જિલ્લાના વાતાવરણમાં પલટો આવતા અંતરિયાળ વિસ્તારમાં વરસાદ ખાબક્યો હતો. ડેડિયાપાડાના સરીબાર, કોકમ, મોહબીમાં કમોસમી વરસાદ ખાબક્યો છે. આ સાથે ગ્રામ્ય વિસ્તારમાં કરા સાથે કમોસમી વરસાદ પડ્યો હતા.

નર્મદાના વિવિધ વિસ્તારોમાં કમોસમી વરસાદના કારણે લોકોની મુશ્કેલી વધી છે. આ ભરૂચ અને નર્મદાના ઓસારા પંથકમાં પણ વરસ્યો કમોસમી વરસાદી ઝાપટા વરસ્યા છે. જેની સાથે જ સમી સાંજે વરસાદ વરસતા ઠંડીનું પ્રમાણ વધ્યું છે. જેમાં વરસાદ પડતાં ખેડૂતોની ચિંતામાં વધારો થયો છે.

વડોદરાના કરજણ તાલુકા સહિતના પંથકોમાં અચાનક વાતાવરણમાં પલટો આવ્યો છે. કરજણ તાલુકા સહિત ગ્રામ્ય વિસ્તારમાં વરસાદ ખાબક્યો હતો. નારેશ્વર પંથક સહિતના ગ્રામ્ય વિસ્તારમાં વરસાદ થતા અસહ્ય ગરમીમાંથી લોકોને રાહત મળી હતી. વરસદાના કારણે અનેક ગ્રામ વિસ્તારમાં ગામ બહાર પાણી ફરી વળ્યા હતા.

ડાંગ જિલ્લામાં સાપુતારામાં સવારથી જ વાતાવરણમાં પલટો આવ્યો હતો. બપોર બાદના બફારા બાદ સાપુતારાના આસપાસના તળેટી વિસ્તારમાં વરસાદનું આગમન થયું હતું. ઉનાળાની આ ગરમીમાં ફરવા આવેલ પ્રવાસીઓ વાતાવરણમાં થયેલી ઠંડકને કારણે આનંદમાં આવી ગયા હતા.

અમરેલી, ભાવનગર, દીવમાં વરસાદ રહેશે. તેમજ ગીર સોમનાથમાં પણ હળવા વરસાદની આગાહી કરવામાં આવી છે. સુરેન્દ્રનગર અને રાજકોટમાં સામાન્ય વરસાદ થઈ શકે છે. ઉત્તર-પૂર્વીય સાયકલોનિક સર્ક્યુલેશન અને દક્ષિણી રાજસ્થાનમાં સિસ્ટમ ડેવલપ થવાને કારણે વાતાવરણમાં પરિવર્તન આવશે. જ્યાં વરસાદ રહેશે ત્યાં તાપમાન નીચું જવાની સંભાવના છે. અમદાવાદમાં ૪૧.૬ ડીગ્રી, ગાંધીનગરમાં તાપમાન ૪૧.૨ રહ્યુ છે. રાજ્યમાં હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, એક અઠવાડિયા માટે તાપમાનમાં કોઈ વધારો નહીં થાય. આવનારા ૬ દિવસ ગુજરાતમાં વરસાદની આગાહી કરવામાં આવી છે. ઉત્તર-પુર્વીય સાયક્લોનીક સર્ક્યુલેશન અને દક્ષિણી રાજસ્થાનમાં સિસ્ટમ ડેવલપ થવાને કારણે વાતાવરણમાં પરિવર્તન જોવા મળશે. વાતાવરણમાં પરિવર્તનને કારણે તાપમાન ઊંચુ જવાની સંભાવના નથી. જ્યાં વરસાદ રહેશે ત્યાં તાપમાન નીચું જવાની સંભાવના છે.

## ગુજરાત ન્યુઝ અપડેટ્સ

### ચલાલા-બગસરા રોડ પર બોલેરો વાન ખાડામાં ખાબકી, ૧૨ લોકો ઇજાગ્રસ્ત

**(પ્રતિનિધી) અમરેલી,**
અમરેલીના ચલાલા-બગસરા રોડ પર બોલેરો પીકપ વાન ખાડામાં ખાબકતા ૧૨થી વધુ લોકો ઈજાગ્રસ્ત થયા હોવાના સમાચાર સામે આવી રહ્યા છે. બોલેરોમાં સવાર ૧૨ વ્યકતિઓને ૧૦૮ દ્વારા તમામ ને ચલાલા સરકારી હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા છે. અન્ય ૪ લોકોને ગંભીર ઈજાઓ પહોંચતા અમરેલી રીફર કરાયા છે.

મળતી માહિતી મુજબ, ચલાલા-બગસરા રોડ પર વાહનચાલકે બોલેરો પીકપ વાનનો કાબૂ ગુમાવતા અચાનક ખાડામાં ખાબકી હોવાના સમાચાર સામે આવી રહ્યો છે. બોલેરોમાં સવાર ૧૨ વ્યકતિઓ ઈજાઓ પહોંચી છે. આસપાસના સ્થાનિકોને જાણ થતા ૧૦૮ દ્વારા તમામને ચલાલા સરકારી હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે. જાણવા મળી રહ્યું છે કે, સમગ્ર ઘટનામાં ૪ લોકોને ગંભીર ઈજાઓ પહોંચતા અમરેલી રીફર કરવામાં આવ્યા છે. સમગ્ર ઘટનાની જાણ થતા ચલાલા પોલીસ ઘટના સ્થળે પહોંચીને કામગીરી હાથ ધરી છે.

### રખડતા શ્વાનોએ ૯ વર્ષના બાળક ઉપર હુમલો કર્યો

**(એજન્સી) આણંદ,**
આણંદ જિલ્લાના ઉમરેઠમાં રખડતા શ્વાનએ ૯ વર્ષના બાળક પર હુમલો કરવાની ઘટના સામે આવી છે. ઉમરેઠ પંથકમાં છેલ્લા કેટલાક સમયથી રખડતા શ્વાન કરડવાના બનાવો વધી રહ્યા છે. ઉમરેઠમાં કાકાની પોળ વિસ્તારમાં દાદાના ઘરે આવેલા અમદાવાદનો ૯ વર્ષનો બાળક શેરીમાંથી પસાર થઈ રહ્યો હતો. ત્યારે અચાનક ત્રણ શ્વાનએ બાળક પર હુમલો કર્યો હતો. આ ઘટના વિશે મળતી માહિતી પ્રમાણે આણંદના ઉમરેઠ નગરમાં રખડતા શ્વાનનો આંતકથી લોકોમાં ડરનો માહોલ છે. કાકા નીપોળમાં ૯ વર્ષના બાળક પર બે શ્વાનને હુમલો કર્યો. આઠ વર્ષનો બાળક પોતાના દાદાના ઘરે વેકેશન મનાવવા આવ્યો હતો, પણ ભાજપ શાસિત ઉમરેઠ પાલિકાના પાપે બાળક રખડતા શ્વાનના હુમલાનો ભોગ બન્યો. લોકો પર શ્વાનના હુમલાની ઘટનાઓ વારંવાર બનતી હોવા છતાં શ્વાનનો આતંક ડામવામાં પાલિકાના શાસકો નિષ્ફળ નીવડ્યા છે. રખડતા ઢોર અને શ્વાનને પકડવામાં ઉદાસીનતા સામે લોકોમાં રોષ જોવા મળી રહ્યો છે. આ દરમિયાન બાળકની બુમો સાંભળી આસપાસનાં લોકો દોડી આવ્યા હતા અને બાળકની પાછળ પડેલા શ્વાનને ભગાડ્યા હતા.

### અરવલ્લી : લીંબ ગામેથી દારુનો જથ્થો ઝડપાયો

**(પ્રતિનિધી) બાયડ,**
અરવલ્લી જિલ્લાના બાયડ તાલુકામાં એલસીબીની ટીમ દ્વારા દરોડો પાડવામાં આવતા દારુનો જથ્થો ઝડપાયો હતો. દારુનો જથ્થો ખેતરની ઓરડીમાં સંતાડેલો હોવાનું મળી આવતા પોલીસે એક આરોપીને ઝડપી લઈને તપાસ શરુ કરી છે. દારુ ઝડપાવાના કિસ્સામાં પોલીસ કર્મીની સંડોવણી હોવાનું પણ ખૂલ્યું છે. આ અંગે પણ એલસીબીએ હવે તપાસ શરુ કરી છે. એલસીબીની ટીમને બાતમી મળવાને લઈને દરોડો પાડ્યો હતો. લીંબ ગામના એક ખેતરમાં ટીમ પહોંચીને ખેતરની ઓરડીને ખોલતા દારુનો જથ્થો ભરેલો મળી આવ્યો હતો. જેને લઈ પોલીસે કાર્યવાહી હાથ ઘરી હતી.

## અમદાવાદ સિવિલમાં હીટવેવ વોર્ડ શરૂ કરાયો

**અમદાવાદ,**
રાજ્યમાં ધીરે ધીરે ગરમીનો પારો વધી રહ્યો છે. ત્યારે અમદાવાદ શહેરમાં ગરમીનો પારો વધતા લોકો હેરાન પરેશાન થઈ જવા પામ્યા છે. પરંતું થોડા દિવસથી ગરમીમાં રાહત મળી છે. પરંતુ આગામી દિવસોમાં ગરમીનો પારો વધવાની શક્યતા છે. જેને લઈ અમદાવાદ સિવિલ હોસ્પિટલ ખાતે હીટ સ્ટ્રોક વોર્ડ શરૂ કરવામાં આવ્યો છે. આ વોર્ડમાં હીટસ્ટ્રોકની અસર થયેલા દર્દીઓને દાખલ કરવાની વ્યવસ્થા કરવામાં આવી છે. જે લોકોને ચક્કર આવે, ઉલ્ટી થાય, આંખો સામે અંધારપટ છવાઈ જાય, ગભરામણ થાય તે તમામ લોકોએ તાત્કાલિક સારવાર લેવી જોઈએ. કેમકે તેઓને હીટસ્ટ્રોકની અસર થવાની શક્યતાઓ વધારે છે.

આ સમગ્ર બાબતે અમદાવાદ સિવિલ હોસ્પિટલનાં અધિક્ષક ડાૅ. રાકેશ જોશીએ જણાવ્યું કે, ગરમીનાં દિવસોમાં લોકોએ ઘરની બહાર નીકળે છે. ત્યારે તાપમાનનો પારો વધુ હોવાનાં કારણે અને પુરતા પ્રમાણમાં પાણી નહી પીવાનાં કારણે ઘણા લોકો હીટસ્ટ્રોકનો ભોગ બને છે. આવી દર્દીઓ મોટી સંખ્યામાં હોસ્પિટલમાં આવી રહ્યા છે. આવા લોકોને પ્રાથમિકતા આપી તેઓને સારી સારવાર મળી રહે તે માટે આ વિશેષ વોર્ડ બનાવવામાં આવ્યો છે. વધુમાં સિવિલ હોસ્પિટલમાં અધિક્ષક ડાૅ. રાકેશ જોશીએ જણાવ્યું હતું કે, હોસ્પિટલમાં આવતા દર્દીઓ સાથે તેઓનાં પરિવારજનો પણ આવે છે. તેમજ સિવિલ હોસ્પિટલમાં મોટી સંખ્યામાં ઓપીડીમાં દર્દીઓ આવે છે. તેમજ તેઓને લાઈનમાં ઉભા રહી રાહ જોવી પડે છે. એવા દર્દીઓનાં પરિવારજનો માટે ૧૨૦૦ બેડની હોસ્પિટલમાં જ્યાં દર્દીઓનાં સગા ઉભા હોય તેઓને હોસ્પિટલનાં સ્ટાફ તરફથી પીવાનું પાણી આપવામાં આવે છે. તેમજ ત્યાં કૂલર પણ લગાવવામાં આવ્યા છે. ત્યારે કેટલાક લોકોને એવો ડર હોય છે કે તેઓ લાઈનમાંથી ખસીને પાણી પીવા જશે તો તેઓનો વારો જતો રહેશે જેથી ઘણા દર્દીઓનાં સગા વ્હાલાઓ પાણી પીવા પણ જતા નથી. જે સમસ્યાનાં નિરાકરણ માટે ટ્રોલીમાં પાણી ભરીને લાઈનમાં ઉભેલા દર્દીઓનાં સગા-વ્હાલાને પીવડાવવાની વ્યવસ્થા કરવામાં આવી છે. હીટવેવને લઈ સિવિલ હોસ્પિટલનાં અધ્યક્ષ ડાૅ. રાકેશ જોશીએ લોકોને સલાહ આપી હતી કે હાલમાં ગરમીની સીઝન ચાલતી હોઈ બપોરે ૧૨ વાગ્યા થી લઈ સાંજે ચાર વાગયા સુધી તડકો હોય છે.



અમદાવાદમાં ઉનાળાની કાળઝાળ ગરમીને પગલે બાગ-બગીચાઓમાં ફૂલ-છોડને પાણી છાંટવામાં આવી રહ્યું છે .( તસવીર: જયેશ મોદી )

## હિન્દુવાદી નેતાઓને ધમકી આપવાના કેસમાં વધુ એક આરોપીની ધરપકડ

**(એજન્સી) અમદાવાદ,**
સુરતમાં હિન્દુ નેતાની હત્યાના ષડયંત્રના મામલે આરોપીને કોર્ટમાં રજૂ કરાયા છે. જેમાં આરોપી મહમદ અલીને સુરત કોર્ટમાં રજૂ કરાયો છે. શહેનાઝ ઉર્ફે મોહમદ અલીની બિહારથી ધરપકડ કરવામાં આવી છે. તેમજ મૌલવીના સંપર્કમાં મોહંમદ અલી હતો. સુરતમાં હિન્દુ નેતાની સોપારીના કેસમાં આરોપી મોહમ્મદ અલીને કોર્ટમાં રજૂ કરાતા આરોપીના ૧૨ દિવસના રિમાન્ડ મંજૂર થયા છે. રિમાન્ડ દરમિયાન મોટા ખુલાસા થવાની શક્યતા છે. વધુ એક આરોપી મહમદ અલીની ધરપકડ થતા કોર્ટમાં રજુ કરાયો છે. સેહનાઝ એજ મોહમ્મદ અલી નીકળ્યો છે. નેપાળ બોર્ડર વાયા બિહારથી ધરપકડ કરવામાં આવી છે. જેમાં મૌલવીના સંપર્ક મોહંમદ અલી હતો. તેમજ બન્ને પાકિસ્તાનના સીધા સંપર્કમાં હતા. જેમાં હિન્દુ નેતા ઉપદેશ રાણાને જાનથી મારી નાખવાનું કાવતરું રચ્યું હતુ. તેમજ સોશિયલ મીડિયાના માધ્યમથી સતત સંપર્કમાં હતો. તાજેતરમાં જ સુરતમાં એક મૌલવીની એક હિન્દુ સંગઠનના નેતાની હત્યા સહિતની અન્ય ઘટનાઓના ષડયંત્ર બનાવવાના આરોપમાં પોલીસે ધરપકડ કરી હતી. સુરતના પોલીસ અધિકારી અનુપમ સિંહ ગેહલોતે ધરપકડ કરાયેલા આરોપીની ઓળખ મૌલવી સોહેલ અબુબક્ર તિમોલ (૨૭) તરીકે જણાવી હતી. જે એક દોરા ફેક્ટ્રીમાં કામ કરતો હતો. તે મુસ્લિમ બાળકોને ઈસ્લામ પર ખાનગી ટ્યૂશન આપતો હતો. ગેહલોતે જણાવ્યું કે, પકડાયેલો આરોપી એક ટીવી ચેનલના મુખ્ય સંપાદકની સાથો સાથ ભાજપના તેલંગાણા ધારાસભ્ય રાજા સિંહ અને પાર્ટીના પૂર્વ પ્રવક્તા નૂપુર શર્માને પોતાના આકાઓ સાથે મળીને ધમકી આપવાની યોજના બનાવી રહ્યો હતો. પોલીસ અધિકારીઓએ જણાવ્યું કે, તેઓ પાકિસ્તાન અને નેપાળના લોકોની સાથે મળીને હિન્દુ સનાતન સંઘના રાષ્ટ્રીય અધ્યક્ષ ઉપદેશ રાણાને મારવા માટે એક કરોડ રૂપિયાની સોપારી આપવા અને પાકિસ્તાનથી હથિયાર ખરીદવાનું ષડયંત્ર રચી રહ્યો હતો. કસ્ટડીમાં લેવાયા બાદ તેમના મોબાઈલમાંથી અનેક આપત્તિજનક સામગ્રી મળી, જેમાં ઉપદેશ રાણાની હત્યા માટે એક કરોડની ઓફર પણ સામેલ હતી. તેના માટે તેઓ પાકિસ્તાન અને નેપાળના વ્યક્તિઓની સાથે સતત સંપર્કમાં હતો.

## કોટના બીચ પર નાહવા પડેલા ૨ યુવકો ડૂબ્યા

વડોદરા, દાંડી દરિયામાં ૬ લોકો ડૂબ્યા બાદ હવે વડોદરાના કોટના બીચ પર ન્હાવા પડેલા ૨ યુવકો ડૂબી જતા મોત નીપજ્યા હોવાની ઘટના સામે આવી છે. બિચ પર ન્હાવા જતા લોકોના અવાર-નવાર મોત થવાની ઘટના બને છે છતા તંત્ર સ્થાનિકોને સાવચેત કરવામાં નિષ્ફળ જણાતી હોય તેવું લાગી રહ્યું છે. મળતી માહિતી મુજબ, એક બાજુ કાળજાળ ગરમી વધતા લોકો બિચ હોય કે વોટર પાર્ક ન્હાવા માટે જતા હોય છે. અવાર-નવાર લોકોના ડૂબી જવાના અનેક કેસો સામે આવતા હોય છે. આજે રવિવારની રજા હોવાથી વડોદરાના કોટના બીચ પર ન્હાવા પડેલા ૨ યુવકો ડૂબી જતા મોત નીપજ્યા છે. સ્થાનિકો દ્વારા તંત્રને જાણ કરાતા ફાયર વિભાગ અને ૧૦૮ની ટીમ ઘટનાસ્થળે પહોંચીને કામગીરી હાથ ધરી હતી. બંને યુવકોના મૃતદેહને પોસ્ટમોર્ટમ અર્થે હોસ્પિટલ ખસેડાયા છે.

## દાંડીના દરિયામાં છ લોકો ડુબ્યાં, બેને બચાવી લેવાયાં

**(એજન્સી) નવસારી,**
નવસારીના દાંડી દરિયામાં ૬ લોકો ડૂબ્યા હોવાનું જાણવા મળે છે. જેમાં ખડાસુપા ગામના યુવકો હોવાની પ્રાથમિક માહિતી સામે આવી હતી. જો કે, બે લોકોને સ્થાનિકોએ બચાવી લીધા છે. જ્યારે અન્ય ૪ લોકોની શોધખોળ હાથ ધરવામાં આવી હતી. દરમિયાન ફાયર બ્રિગેડ અને પોલીસની ટીમો ઘટનાસ્થળે પહોંચી છે. તરવૈયા, હોમગાર્ડ અને પોલીસે લાપતા લોકોની શોધખોળ હાથ ધરી હતી.

પ્રાપ્ત માહિતી અનુસાર ડૂબી રહેલા લોકોએ બચાવ માટે બૂમાબૂમ કરતા ૨ ને બચાવી લેવાયા છે. ૪ લોકો હજી લાપતા છે. સ્થાનિક તરવૈયા, હોમગાર્ડ અને પોલીસે લાપતા લોકોની શોધખોળ હાથ ધરી છે. આજે રવિવારની રજા હોવાથી નવસારીના દાંડીના દરિયાકાંઠે લોકો ફરવા માટે આવ્યા હતા અને ન્હાવાની માજા માણી રહ્યા હતા. ત્યારે ૬ લોકો ડૂબી જતા ઘટનાસ્થળ પર હાજર પોલીસ અને હોમગાર્ડે ૨ પુરુષોને બચાવી લીધા હતા. જ્યારે એક મહિલા, એક યુવતી અને બે પુરુષો પાણીમાં ગરકાવ થઈ જતા તેઓની શોધખોળ કરવામાં આવી રહી છે.

## સુરતમાં પૂર્વ કોર્પોરેટર નલીનચંદ્ર કડીવાલાના માથે સ્લેબ પડતા મોત

**(એજન્સી) સુરત,**
પૂર્વ નલીનચંદ્ર કડીવાલાનું ઘરે માથે પોપડા પડતા મોત નિપજ્યું હતું. પૂર્વ કોર્પોરેટર ઘરમાં બેઠા હતા, ત્યારે અચાનક છતના ભાગનો પોપડો માથા પર પડતા ગંભીર ઈજા પહોંચી હતી. જેમનું સારવાર દરમિયાન મોત હતું. સુરત શહેરનાં ઘોડદોડ રોડ પર આવેલ રત્નકુંજ એપાર્ટમેન્ટ રહેતા ૬૯ વર્ષીય નલીનચંદ્ર બળવંતરાય કડીવાલા ભાજપના પૂર્વ કોર્પોરેટર રહી ચૂક્યા હતા. નલીનચંદ્ર ઘરમાં સોફા પર બેસેલા હતા. ત્યારે અચાનક છતના પોપડા તેમના માથા પર પડતા ગંભીર ઈજા થઈ હતી. પરિવારજનો તેમને સારવાર માટે નજીકની ખાનગી હોસ્પિટલમાં લઈ ગયા હતા. જ્યાંથી વધુ સારવાર માટે અન્ય ખાનગી હોસ્પિટલમાં લઈ જવાયા હતા. જ્યાં તેમનું મોત નિપજ્યું હતું. સુરત મહાનગર પાલિકામાં વર્ષ ૧૯૯૫માં જ્યારે ભાજપની પહેલી વખત બોર્ડ બની તેમાં નલીનચંદ્ર સભ્ય હતા.

## પંચમહાલ પોલીસે નીટ પરીક્ષા કૌભાંડમાં માસ્ટર માઈન્ડની ધરપકડ કરી

**(એજન્સી) અમદાવાદ,**
નીટ્‌ની પરીક્ષામાં કૌભાંડ મામલે પંચમહાલ પોલીસને મોટી સફળતા મળી છે. LCB પોલીસે કૌભાંડના માસ્ટર માઈન્ડ તુષાર ભટ્ટ અને વચેટીયા આરીફ વ્હોરાની ધરપકડ કરી છે. રાજસ્થાનના બાંસવાડાથી આ બંને આરોપીની ધરપકડ કરવામાં આવી છે. આવતીકાલે પોલીસ આ બંને આરોપીને કોર્ટમાં રજૂ કરીને રિમાન્ડની માંગ કરશે. જે બાદ બંને આરોપીની પૂછપરછમાં અનેક નામ સામે આવવાની શક્યતા સેવવામાં આવી રહી છે.

ઉલ્લેખનીય છે કે, નીટ કૌભાંડ બાદ આ બંને આરોપી ફરાર હતા. જેથી પંચમહાલ પોલીસે ટીમ બનાવીને વિવિધ વિસ્તારમાં આ બંનેની શોધખોળ હાથધરી હતી. જેમાં પોલીસને બાતમી મળી હતી કે, આ બંને આરોપી રાજસ્થાનમાં છુપાયેલા છે. જેથી એલસીબી પોલીસે રાજસ્થાનમાં જઈને આ બંને આરોપીની ધરપકડ કરી છે.

પંચમહાલ જિલ્લામાં નીટ પરીક્ષા કૌભાંડ મામલે અનેક ખુલાસા થઈ શકે તેમ છે. પંચમહાલ પોલીસે જીૈંની રચના કરીને કૌભાંડના વિવિધ પાસાઓની તપાસ શરૂ કરી છે. રોય ઓવરસિઝના માલિક પરશુરામ રોયની ધરપકડ કરી પૂછપરછ શરૂ કરાઈ હતી. જ્યારે આ કેસમાં સંડોવાયેલા શિક્ષક તુષાર ભટ્ટ અને વચેટિયા આરીફ વોરાને દબોચી લેવાયા છે.

## બરફીના ટુકડા જેવા લાગતા ગુજરાતના સંગેમરમરને હવે મળ્યો જીઆઈ ટેગ

**(એજન્સી) અંબાજી,**
સંગેમરમરનો પથ્થર એક ઐતિહાસિક ખનીજ સમાન જ માનવામાં આવે છે આ સંગેમરમરથી દેશ વિદેશમાં મોટા મંદિરો જેવા સ્મારકો બન્યા છે, આપણે જણાવી દઈએ કે ગુજરાતભરમાં આ સંગેમરમર એટલે કે માર્બલ ખાણો માત્ર શક્તિપીઠ અંબાજીમાં આવેલી છે. ત્યારે આ કિંમતી સંગેમરમરને જીઆઈ ટેગ મળ્યું છે. અંબાજીમાં ૩૦ ઉપરાંત ખાણોમાંથી સફેદ સંગેમરમરનો પથ્થર નીકળે છે. અંબાજીની ખાણોમાંથી નીકળતા આ સફેદ માર્બલના પથ્થરની મોટી વિશેષતાઓ છે. આ પથ્થર મજબૂતીમાં હાર્ડ અને કેલ્શિયમ માત્રા ભરપૂર છે. અંબાજી પંથકમાં એવું મનાય છે કે, આ માર્બલની ખાણો ૧૦૦૦,થી ૧૨૦૦ વર્ષ પુરાણી છે, ને આજે પણ ધરતીના પેટાળમાં સંગેમરમરનો પથ્થર એટલે કે માર્બલનો પથ્થરનો ખજાનો ધરબાયેલો પડ્યો છે. ઉદ્યોગકારો આ પથ્થરને જાણે બરફીના ચોસલા પાડીને નીકળતા હોય તેમ આધુનિક મશીનથી આ માર્બલના બ્લોક નીકળતા હોય છે. અયોધ્યામાં બનેલા રામ મંદિરના નિર્માણ કાર્યમાં જે બંસી પહાણના પથ્થરનો વપરાશ થયો છે, ત્યાં આ માર્બલનો પણ ઉપયોગ થનારો હતો. કારણ કે આ સફેદ માર્બલનું આયુષ્ય ઘણું લાંબુ અને ટકાઉ છે. ગુજરાત કે દેશ જ નહિ પણ વિદેશોમાં પણ અંબાજીના આ માર્બલની ભારે બોલબાલા છે.

## અમદાવાદના નિકોલના પીઆઈ સામે ફરિયાદ મામલે તપાસ હાથ ધરાઈ

**(એજન્સી) અમદાવાદ,**
શનિવારે અમદાવાદના નિકોલ પોલીસ સ્ટેશનના" સામે તેમના જ પોલીસ સ્ટેશનના પીએસઆઈએ ત્રાસ આપવાનો આક્ષેપ કર્યો છે. હવે આ સમગ્ર મામલાની તપાસ એચ ડીવીઝનના એસીપી આર ડી ઓઝાને સોંપવામાં આવી છે. આર ડી ઓઝાએ આ કેસની તપાસ શરૂ કરી દીધી છે. ત્યારે હવે આ આક્ષેપ અંગે આર ડી ઓઝાનું નિવેદન સામે આવ્યું છે. એસીપી આર ડી ઓઝાએ આ અંગે જણાવ્યું કે પીએસઆઈ જયંતિ શિયાળે પોલીસ કમિશનરને અરજી કરી છે. તેમણે અરજીમાં પીઆઈ કે.ડી.જાટ સામે આક્ષેપ કર્યા છે કે તેમની પાસેથી જ વધુ ફરજ લેવામાં આવે છે, બીજા પાસેથી નથી લેતા. માનસિક રીતે હેરાન કરવામાં આવે છે. જેથી તેમને આત્મહત્યાના વિચારો આવે છે. એસીપી આર ડી ઓઝાએ જણાવ્યું કે આ સિવાય બીજા પીએસઆઈ રાજેશ યાદવે પણ કંટ્રોલ રૂમમાં ફોન કરીને આક્ષેપ કર્યા છે. આક્ષેપ કરનારા બંને પીએસઆઈ પીએસઆઈના ડિવિઝનમાં નિવેદન લેવાશે. પીઆઈ કે.ડી.જાટનું પણ નિવેદન લઈ આગળની કાર્યવાહી કરવામાં આવશે. અન્ય વિગતોની પણ તપાસ કરવામાં આવશે અને જે કંઈ તથ્ય બહાર આવશે એનો ઉપરી અધિકારીને રીપોર્ટ કરવામાં આવશે. તપાસ બાદ આક્ષેપ સાચા છે કે ખોટા તે તપાસ બાદ જ માલુમ પડશે. મહત્ત્વનું છે કે"જીૈ જયંતિ શિયાળે" કે.ડી.જાટ સામે આક્ષેપ કર્યા બાદ પોલીસ બેડામાં ખળભળાટ મચી ગયો છે. નિકોલ પોલીસ સ્ટેશનમાં હાલ કે.ડી. જાટ પોલીસ ઈન્સ્પેક્ટર તરીકે ફરજ બજાવે છે. આ પોલીસ સ્ટેશનમાં પીએસઆઇ તરીકે કામ કરતા જયંતિ શિયાળે તેમની સામે છેક ગૃહ વિભાગ સુધી ફરિયાદ કરી છે. જેના થોડા સમય બાદ જ એટલે કે ગઈકાલે રાત્રે વધુ એક પીએસઆઇ રાજેશ યાદવ એ પણ કંટ્રોલ રૂમમાં ફોન કરીને પીઆઈ કેડી જાટ સામે ફરિયાદ કરી હતી.

## ભર ઉનાળે મચ્છુ-૨ ડેમનાં પાંચ દરવાજા રિપેર કરાશે

**(એજન્સી) મોરબી,**
મોરબીનાં મચ્છુ-૨ ડેમમાં પાંચ દરવાજા રિપેર કરવાના હોવાથી ડેમનું પાણી નદીમાં છોડવાનો સિંચાઈ વિભાગ તરફથી નિર્ણય કરાયો છે. આજથી બે દિવસ મચ્છુ-૨ ડેમના બે- બે દરવાજા ખોલવામાં આવશે. ડેમમાંથી નદીમાં પાણી છોડવાનું હોવાથી મોરબી તાલુકાના જોધપર, લીલાપર, ભડિયાદ, ટીંબડી, ધરમપુર, રવાપર, અમરેલી, વનાળીયા, ગોર ખીજડીયા, માનસર, નવા સાદુળકા, જુના સાદુળકા, રવાપર, ગુંગણ, નારણકા, બહાદુરગઢ, નવા નાગડાવાસ, જુના નાગડાવાસ, સોખડા, અમરનગર, મોરબી, રવાપર નદી, વજેપર તો માળિયા મિંયાણા તાલુકાના વીરવિદરકા, દેરાલા, નવાગામ, મેઘપર, હરીપર, મહેન્દ્રગઢ, ફતેપર, સોનગઢ, માળિયા (મી.) રાસંગપર અને ફાટસર મળી બંને તાલુકાના કુલ ૩૪ ગામને એલર્ટ કરાયા છે.

આ ૩૪ ગામના કાંઠા વિસ્તારને સંપૂર્ણ ખાલી કરી દેવાયો છે અને નદીના પટ વિસ્તારમાં રહેતા લોકોને પ્રશાસને સલામત સ્થળે ખસેડી દીધા છે. આ તરફ મોરબીના બેઠા પુલ પરથી વાહન વ્યવહાર બંધ કરી દેવાયો છે. વાહનચાલકોએ ત્રણ દિવસ આવન-જાવન માટે મયુરપુલનો ઉપયોગ કરવાનો રહેશે. નટરાજ ફાટક, કેસરબાગથી બેઠા પુલ કોઝવે તરફ અને શક્તિચોકથી બેઠા પુલ કોઝવે તરફ પ્રવેશ બંધ રહેશે.

મોરબીની જીવાદોરી સમાન મચ્છુ ૨ ડેમના રીપેરીંગ અને ગેટ બદલવાની કામગીરી કરવાની હોવાથી તા. ૧૨ ને રવિવારે સવારે ૧૧ કલાકે ડેમના બે દરવાજા બે ફૂટ ખોલવામાં આવ્યા હતા.

મોરબીના મચ્છુ ૨ ડેમના દરવાજા ખોલવાના હોવાથી મોરબીના બેઠા પુલ પર અવરજવર પર પ્રતિબંધ ફરમાવવામાં આવ્યો છે. અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા તા. ૧૨ થી ૧૫ સુધી બેઠા પુલ પર અવરજવર પર પ્રતિબંધ ફરમાવતું જાહેરનામું પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે જેથી નટરાજ ફાટક/કેસર બાગથી બેઠા પુલ કોઝવે તરફ પ્રવેશ બંધ અને શક્તિ ચોકથી બેઠા પુલ કોઝવે તરફ પ્રવેશ બંધ કરવામાં આવ્યો છે.

## સુરત શહેરને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી અપાઈ

**(એજન્સી) સુરત,**
સુરતને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી આપનાર સક્ષ ને ઉધના પોલીસે ધરપકડ કરી છે. મૂળ યુપીના રહેવાસી અને સુરત માં છૂટક મજૂરી કામ કરતો અશોકસિંહ પોલીસને હેરાન કરવા ફેક કોલ કર્યો હતો. પોલીસે તેની વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી કરી વધુ તપાસ હાથ ધરી છે.

સુરત શહેરના ઉધનામાં ત્રણ સ્થળો પર બૉમ્બ પ્લાન્ટ કર્યાના કોલથી પોલીસ વિભાગ દોડતો થયો હતો. ગત રોજ સાંજે મળેલા કોલ બાદ ઉધના પોલીસ સહિત પોલીસના ઉચ્ચ અધિકારીઓ દોડતા થયા હતા. ઉધના પીઆઈ, એસીપી, ડીસીપી સહિત પોલીસના ઉચ્ચ અધિકારીઓ તપાસમાં જોડાયા હતા. એસ.ઓ.જી અને ક્રાઈમ બ્રાન્ચ પણ તપાસમાં જોડાઈ હતી. પોલીસની અલગ અલગ ટિમો દ્વારા મોડી રાત્રે ઉધનાના ત્રણ સ્થળો પર તપાસ હાથ ધરાઈ હતી. જે નંબરથી કોલ આવ્યો હતો, તે કોલને પોલીસ દ્વારા ટ્રેસ કરી ટીખળખોરને ગણતરીના કલાકોમાં જ ઝડપી પાડવામાં આવ્યો હતો. ટીખળખોર દ્વારા કંટ્રોલમાં કોલ કરી ત્રણ સ્થળો પર બૉમ્બ પ્લાન્ટ કરાયાની વાત કરી હતી. પોલીસે પકડેલા ઈસમનું નામ અશોકસિંહ હોવાનું સામે આવ્યું છે અને તે ઉત્તર પ્રદેશનો રહેવાસી છે.

પોલીસને પરેશાન કરવા આરોપીએ ફેક કોલ કર્યો હોવાનું સામે આવ્યું છે. ૧૧ મેના રોજ સાંજે ૭:૩૦ કલાક આસપાસ સુરત પોલીસ કંટ્રોલરૂમમાં એક અજાણ્યા વ્યક્તિનો ફોન આવ્યો હતો. અને ફોન કરનાર દ્વારા જણાવવામાં આવ્યું હતું કે તે સુરત શહેરમાં ત્રણ બ્લાસ્ટ કરવાનો છે. આ મેસેજ મળતાની સાથે જ સુરત પોલીસ દોડતી થઈ ગઈ હતી. સુરત ક્રાઈમ બ્રાન્ચ, એસ.ઓ.જી દ્વારા આ બાબતે તપાસ હાથ ધરવામાં આવી હતી. તો ઉધના પોલીસની ટીમ પણ તપાસમાં જોડાઈ હતી. પોલીસ દ્વારા ફોન કરનાર વ્યક્તિના લોકેશનના આધારે તેની શોધખોળ હાથ ધરવામાં આવી હતી. સુરત ક્રાઈમ બ્રાન્ચ એસ.ઓ.જી અને ઉધના પોલીસની ટીમ દ્વારા ફોન કરનાર વ્યક્તિનું લોકેશન ઉધના વિસ્તારમાં મળી આવતા આખી રાત આ લોકેશન જે વિસ્તારમાંથી આવ્યું હતું. તે જગ્યા પર કોમ્બિંગ હાથ ધરવામાં આવ્યું હતું. વહેલી સવારે પોલીસને આરોપીને પકડવામાં સફળતા મળી હતી.

**મધર્સ ડેએ સામે આવ્યો માતાની બર્બરતાનો વીડિયો**

## દીકરી બૂમો પાડતી રહી અને માતા ગળુ દબાવતી ગઈ

**(એજન્સી) કચ્છ,**
ફરી એકવાર કળીયુગી જમાનાની નિષ્ઠુર જનેતા સામે આવી છે. ભુજના માધાપરમાં પોતાની જ બાળકીને હેવાન બનીને માર મારતી માતાનો વીડિયો સામે આવ્યો છે. હાલ તમે જે વીડિયો જોઈ રહ્યા છો તે એ હેવાન માતાનો જ છે. આ નિષ્ઠુર માતાનું નામ છે પ્રિયંકા ગોધારા. વીડિયોમાં જોઈ શકાય છે કે માતા પ્રિયંકા બાળકીને જમીન પર પછાડીને તેને પકડી લે છે, એટલું જ નહીં તેને તાવિથાથી ઢોર માર મારી રહી છે. આ હેવાન માતા આટલેથી ન અટકી અને બાળકીનું ગળું દબાવવાનો પણ પ્રયાસ કરે છે. આ સમગ્ર ઘટનાનો વીડિયો વાયરલ થતાં પ્રિયંકાના પૂર્વ પતિ અને બાળકીના પિતા રાહુલ મહેશ્વરીએ માધાપર પોલીસ સ્ટેશનમાં પોલીસ ફરિયાદ નોંધાવી છે. ફરિયાદ નોંધાયા બાદ પોલીસે તપાસ કરતા સામે આવ્યું કે આ વીડિયો ૨ વર્ષ જુનો છે. બાળકીનો વાંક માત્ર એટલો જ હતો કે બાળકીના હાથે તેલ ઢોળાઈ ગયુ હતુ. તેલ ઢોળાઈ જતાં માતા હેવાન બની ગઈ અને પોતાની જ બાળકીને ઢોર માર માર્યો છે. ત્યારે સમગ્ર મામલે ફરિયાદ નોંધાતા માધાપર પોલીસે આગળની કાર્યવાહી હાથ ધરી છે. કચ્છમાં મધર્સ ડે પૂર્વે લાંછન રૂપ ઘટનાનો વીડિયો વાયરલ થયો છે. જેમાં ભુજના માધાપરમાં બાળકીને માર મારતો વિડીયો સામે આવ્યો છે. જેમાં માધાપર પોલીસ સ્ટેશન ખાતે પ્રિયંકા ગોધારા વિરુદ્ધ પોલીસ ફરિયાદ નોંધવામાં આવી છે. પ્રિયંકાના ભૂતપૂર્વ પતિ અને બાળકીના પિતા રાહુલ મહેશ્વરી દ્વારા આઈપીસી ૩૨૩ તેમજ કિશોર ન્યાય અધિનિયમ ૨૦૧૫ કલમ ૭૫ મુજબ ફરિયાદ નોંધાવવામાં આવી છે.



લોકસભાની ૨૫ બેઠકો ઉપર મતદાન બાદ ઈવીએમને સ્ટ્રોંગરૂમમાં રાખવામાં આવ્યા છે. બીજી તરફ તંત્ર દ્વારા મતગણતરીની તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે.( તસવીર: જયેશ મોદી )